# દલીલુલ આરિફીન

(મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)


રચના : હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી
સંજરી અજમેરી ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

સંપાદક :
હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ

અનુવાદક :
પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)



પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Web.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૨૦૭ | આવૃત્તિ-૨ | પ્રત : ૫૦૦૦ |
| ૧૯-રમઝાનુલ મુબારક | હિ.સ. ૧૪૩૫ | જુલાઈ-૨૦૧૪ |

નૂરાની આર્ટ-દયાદરા મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અનુક્રમણિકા


❇ *(પ્રાસ્તવિક વાત...)* **બુઝુર્ગોની મહેફિલો આવી હતી !** 04
❇ **(મજલિસ–૦૧)** નમાઝના ફઝાઈલ વિશે 07
❇ સુન્નતની ફઝીલત 09
❇ બાવુઝૂ સૂવાની ફઝીલત 10
❇ એક પ્યારી સુન્નત 11
❇ અદના આરિફ કોણ ? 11
❇ નમાઝે ઈશ્રાક઼ની ફઝીલત 12
❇ **(મજલિસ–૦૨)** જનાબત વિશે ચર્ચા 14
❇ શરીઅત, તરીક઼ત મઅરેફત, હક઼ીક઼ત 16
❇ નમાઝનું મહત્વ અને ગરીબ નવાઝ 17
❇ **(મજલિસ–૦૩)** બેનમાઝી પર ખ્વાજા સાહબ હજારો અફસોસ વ્યક્ત કરે છે ! 21
❇ મુનાફિક઼ોની નમાઝ ! 22
❇ નમાઝ ક઼ઝા થતાં રૂદન તથા આહોઝારી ! 23
❇ નમાઝ ક઼ઝા કરનારને સખત અઝાબ ! 24
❇ ભૂખાને ખવડાવવાની ફઝીલત 24
❇ બેનમાઝી તથા જૂઠી ક઼સમખાનારને અઝાબ ! 25
❇ સાચી ક઼સમનો કફ્ફારો ! 25
❇ **(મજલિસ–૦૪)** મહોબ્બતમાં સાચા કોણ ? 27
❇ હસવા વિશે ચર્ચા 28
❇ મુસલમાનને તકલીફ આપવા વિશે 34

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ❃ (મજલિસ–૦૫) મા બાપને જોવું ઈબાદત ! | 38 |
| ❃ કુર્આનેપાકને જોવું ઈબાદત ! | 40 |
| ❃ આલિમે દીનને જોવું ઈબાદત ! | 41 |
| ❃ આલિમના ગુસ્તાખનો અંજામ ! | 42 |
| ❃ ખાનએ કાબાને જોવું ઈબાદત ! | 42 |
| ❃ પીરની ખિદમતનો બદલો | 42 |
| ❃ (મજલિસ–૦૬) ખુદાની કુદરત વિશે ચર્ચા | 44 |
| ❃ આ છે ખુદાએ આપેલ કુદરતનો કમાલ ! | 45 |
| ❃ (મજલિસ–૦૭) મુશ્કેલીનો હલ ફાતિહામાં | 51 |
| ❃ સૂરએ ફાતિહાની ફઝીલત | 51 |
| ❃ તકલીફો તથા રોગોનો ઈલાજ | 52 |
| ❃ (મજલિસ–૦૮) વિર્દ તથા વઝાઈફ | 57 |
| ❃ (મજલિસ–૦૯) રાહે સુલૂક વિશે ચર્ચા | 66 |
| ❃ ઈશ્ક઼ના બારામાં ચર્ચા | 67 |
| ❃ અહલે સુલૂક અને આરિફો વિશે | 69 |
| ❃ (મજલિસ–૧૦) સોહબતની અસર | 78 |
| ❃ અલ્લાહનો ડર | 80 |
| ❃ સાચો સૂફી તથા આરિફ કોણ ? | 81 |
| ❃ (મજલિસ–૧૧) આરિફોનો તવક્કુલ | 88 |
| ❃ આરિફ કેવો હોય ?! | 90 |
| ❃ (મજલિસ–૧૨) મલકુલ મૌત વિશે | 94 |

(પ્રાસ્તાવિક વાત.....)

## બુઝુર્ગોની મહેફિલો આવી હતી !

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِيْمِ

પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! સોહબતની અસર ઘણી જ મહત્વની ચીજ છે. જેવી સોહબત હશે તેવા આચરણ, વાણી વર્તનનું માણસ થકી પ્રદર્શન થશે. આજકાલ જેમ કે ટી.વી. તથા મોબાઈલ પર ખરાબ દશ્યો ડ્રામાઓ જોનારની અદાઓ, વાણી તેની જીવન શૈલી તમે જોશો તો ખુદાના ડર વિહોણી, બેશરમીભરી અને બેબાકીભર્યી હશે. તેને દીની વાતો, દીની મેહફિલોથી અરૂચી થશે. જ્યારે જે લોકો અલ્લાહના નેક બંદાઓની નેક ખાતૂનોની સોહબતમાં બેસશે તો નાચગાન કે મોબાઈલના ખરાબ દશ્યોથી, ફિલ્મો સિરિયલોથી તેનું દિલ ગભરાશે અને અલ્લાહવાળાઓની વાતો, સહાબા તથા સહાબિયાતના જીવન ચરિત્રો, અવલિયાના દિલકશ વાકયાઓથી, નેક ખાતૂનોની પવિત્રતા વાતોથી તેમને આંનદ મળશે, દિલમાં ખુશી ઉદ્ભવશે.

અલ્લાહના બુઝુર્ગો વલીઓ જેવા કે સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ, ગૌષે પાક સરકારે બગદાદ رحمۃ اللہ علیہ વગેરેની સોહબતમાં બેસવાનું આપણને ભલે નસીબ નથી થયું, પણ તેમની મુબારક જીભેથી નીકળેલ વાણીનાં મહેકતાં ફૂલોની સુવાસમાં આપણે પણ બેસીએ તો એ તેમની સોહબતમાં બેસવા

સમાન જ છે, અને ખુલૂસ દિલથી જો તમે એમાં બેઠા, એમનાં રૂહાનિયતથી લબરેઝ કથનોને વાંચ્યાં, સાંભળ્યાં તો જરૂર એની અસર તમારા દિલ પર થશે, અને જેવી રીતે જાહેરી હયાતમાં તેમની મહેફિલમાં બેસનારની દિલની દુનિયા બદલાઈ જતી હતી તેમ તમારી પણ જિંદગી ઈમાની રૂહાની નૂરથી ભરાઈ જશે અને ગુનાહોથી તૌબા નસીબ થશે અને નેક જિંદગી મયસ્સર થશે.

પ્રસ્તુત કિતાબમાં **હિંદુસ્તાનના વલીઓના સરદાર, સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી** رحمۃ اللہ علیہની મહેફિલને સતત એટેન્ડ કરનાર બુઝુર્ગ તથા આપના ખલીફા **હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી** رحمۃ اللہ علیہએ ખ્વાજા સાહબનાં, કથનોને, આપના સોનેરી બોલો જે કુર્આન હદીષ હેઠળ દીનદારી પ્રતિ આકર્ષિત કરનારાં છે તેને રોજ રોજ સાંભળીને જમા કરી **''મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ''** એટલે **''દલીલુલ આરિફીન''**ના નામથી રજૂ કર્યા. જેને અત્રે ગુજરાતી વાંચકો સમક્ષ રજૂ કરતાં અમો ખુશી અનુભવીએ છીએ.

અગાઉ **''અનીસુલ અરવાહ''** નામથી **હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની** رحمۃ اللہ علیہનાં મુબારક કથનો **હઝરત ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી** رحمۃ اللہ علیہની ઝબાની કિતાબ રૂપે રજૂ કરેલાં. હવે આજે **''દલીલુલ આરિફીન''** નામથી ખૂદ **ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ**નાં** કથનો **હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી** رحمۃ اللہ علیہની ઝબાની આપની સમક્ષ હાજર છે.

કેવળ નારાબાજી મારવાવાળો દાવેદાર નહીં પણ ખરેખર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો ચાહક હશે તે જરૂર એનો અભ્યાસ કરશે, એના પ્રમાણે પોતાની જિંદગીને ઢાળવા કોશિશ

કરશે. ઝબાની દાવાઓ એ એક શૈતાની ધોકો છે. ખ્વાજા સાહબથી સાચી મહોબ્બત છે તો તેમના આ નૂરાની રૂહાની કથનોને વાંચો અને તેને જિંદગીમાં ઉતારો. ''હું ખ્વાજાનો ચાહક છું'' એવા વહેમમાં ન જીવો બલ્કે સાચે જ ખ્વાજાવાળા છો તો તેમના કહેલા માર્ગે ચાલો ! વાંચો ! ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ આપણને શું કહે છે ?! વાંચો !

વળી એ પણ જાણવા મળશે કે બુઝુર્ગોની મહેફિલો કેવી હોવી જોઈએ ?! આજકાલ કહેવાતા બની બેઠેલા બુઝુર્ગોની મહેફિલોમાં કોઈ ન કોઈની ગીબત અથવા દુનિયવી ચર્ચાઓમાં જ સમય પસાર થાય છે, જેથી જ એમની મહેફિલોમાં જનારામાં ઈસ્લામની, સુન્નતોની, દીનની મહોબ્બત કે દીનદારી આવતી જ નથી. તો એવા જાહિલ કહેવાતા બુઝુર્ગોની મહેફિલોમાં જવાથી પરહેઝ કરો. અને આવી બુઝુર્ગોનાં કથનોવાળી, હદીષની વાતો વાળી કિતાબો વાંચો અને જિંદગી ઈસ્લામી ઢબની બનાવો એમાં જ આપણા સૌની ભલાઈ છે.

આ કિતાબ વાંચો તો ખયાલ આવશે કે બુઝુર્ગોમાં શરીઅતની, સુન્નતોની, નમાઝોની પાબંદી કેવી હતી ? ખુદાનો ખૌફ તેમનામાં કેટલી હદે હતો ?! અને આવા જ બુઝુર્ગોની મહેફિલમાં બેસનારા માટે આ બશારત કોઈક નેક બંદાએ દર્શાવી છે કે, **''અલ્લાહવાળાની મહેફિલમાં એક ક્ષણ બેસવું એ હજાર વરસની રીયાકારી વિનાની ઈબાદત કરતાંય અફઝલ છે !''** સુબ્હાનલ્લાહ ! રબ્બે કરીમ આપણને સૌને એની તૌફીક઼ આપે અને સાચા અથમાં બુઝુર્ગોના ચાહક બનાવે. (આમીન) બિજાહિન્નબીકરીમ صلی اللہ علیہ وسلم.

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૧૯–જુલાઈ–૨૦૧૪, શનિવાર, હિ.સ. ૧૪૩૫, ૨૦ રમઝાનુલ મુબારક)*

بسم الله الرحمن الرحيم

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

## (મજલિસ : ૦૧)

## ★ નમાઝના ફઝાઈલ વિશે ★

પાંચમા મહિને જ્યારે હિ.સ. ૫૧૪ના રોજ આ કમજોર દર્વેશને જે મલિકુલ મશાઈખ સુલ્તાનુસ્સાલિકીન અલ્મુત્તલિબ બિહ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી કાકીના ગુલામોમાંથી છે. જ્યારે આ શાહે ફલક દસ્તગાહની ક઼દમબોસીની દોલત બગદાદમાં ઈમામ અબુલ લૈષ સમરકંદીની મસ્જિદમાં હાંસલ થઈ તો એ જ વખતે બયઅતના શરફથી મુશર્રફ ફર્માવ્યો અને ચહાર તુર્કી કુલાહ મારા માથે રાખી. اَلۡحَمۡدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ એ દિવસે શયખ શહાબુદ્દીન મુહમ્મદ સુહરવર્દી, શયખ દાઊદ કિર્માની, શયખ બુરહાનુદ્દીન મુહમ્મદ ચિશ્તી અને શયખ તાજુદ્દીન મુહમ્મદ સફહાની એક જ જગાએ હાજર હતા અને નમાઝના બારામાં ચર્ચા થઈ રહી હતી. આપે ઝબાન મુબારક વડે ફર્માવ્યું કે કેવળ નમાઝમાં જ અલ્લાહથી લોકો નજીક થઈ શકે છે એટલા માટે કે નમાઝ મો'મિનની મેઅરાજ છે. જેમ કે હદીષ શરીફમાં આવ્યું

છે : اَلصَّلٰوۃُ معراج المؤمن સર્વ મક઼ામોથી વધીને આ જ નમાઝ છે. અલ્લાહ તઆલાથી મળવાનુ પ્રથમ નમાઝથી જ શરૂ થાય છે. પછી ફર્માવ્યું કે નમાઝ એક રહસ્ય છે જે બંદો પોતાના પરવરદિગારને વર્ણવે છે, રાઝ કહે છે. તે જ કુર્બ (નિકટતા) પામી શકે છે જે આ રાઝના લાયક હોય. આ રાઝ નમાઝ સિવાય કોઈ રીતે હાંસલ નથી કરી શકાતુ. તેમજ એ પણ હદીષ છે કે નમાઝ અદા કરનાર પોતાના પરવરદિગારને રાઝ બયાન કરે છે. ત્યારબાદ મને સંબોધીને ફર્માવ્યું કે જ્યારે શયખુલ ઈસ્લામ, સુલ્તાનુલ મશાઈખ ખ્વાજા ઉષ્માન હારૂની નૂરૂલ્લાહ મર્ક઼દુહૂનો મુરીદ થયો તો આઠ વરસ સુધી આપની ખિદમતમાં એક પળ પણ આરામ ન કર્યો, ન દિવસ જોતો ન રાત. જ્યાં આપ સફર પર જતા ત્યાં સૂવાનાં કપડાં તથા તોશો (ભાથુ) ઉઠાવીને સાથે જતો. જ્યારે મારી ખિદમત જોઈ તો એવી નેઅમત અતા ફર્માવી જેની કોઈ હદ નથી.

પછી ફર્માવ્યું, જેણે કાંઈ પામ્યુ ખિદમતથી પામ્યુ. તો મુરીદ માટે જરૂરી છે કે પીરના ફર્માનથી રજમાત્ર પણ ન હટે અને જે કાંઈ વિર્દો વગેરેની બાબત ફર્માવે તેને હોશની સાથે સાંભળે અને તેના પર અમલ કરે, જેથી કોઈક મક઼ામ પર પહોંચી શકે કેમ કે પીર મુરીદને સંવારનારો છે. પીર જે કાંઈ ફર્માવશે તે મુરીદના કમાલના માટે જ ફર્માવશે.

ત્યારબાદ ફર્માવ્યું કે ઈમામ ખ્વાજા અબુલ લયષ સમરકંદીની તફસીરમાં લખ્યું છે કે દરરોજ ફરિશ્તા આસ્માનથી ઉતરે છે. એક કા'બાની છત પર ઉભો રહીને અવાજ આપે છે કે હે લોકો ! સાંભળો અને એ રીતે સમજી લો કે, **જે શખ્સ અલ્લાહ તઆલાનો ફર્ઝ નથી અદા કરતો તે કદી અલ્લાહ તઆલાના હક઼્ક઼ોથી**

**મુક્ત નથી થઈ શકતો.** અને બીજો ફરિશ્તો રસૂલે ખુદા ﷺના ગુંબદ પર ઉભો રહીને અવાજ આપે છે કે **હે લોકો ! સારી રીતે જાણી લે કે જે શખ્સ સુન્નતે નબવી અદા નથી કરતો અને વિરુદ્ધ કરે છે તે શફાઅતથી વંચિત રહેશે.**

## ★ સુન્નતની ફઝીલત ★

પછી ફર્માવ્યું કે કકરી મસ્જિદમાં બગદાદના ઔલિયાની સમક્ષ હાજર હતો અને આંગળીઓના ખિલાલના બારામાં ચર્ચા થઈ રહી હતી. ફર્માવ્યું કે વુઝૂ કરતી વખતે આંગળીનો ખિલાલ કરવો સુન્નત છે. એટલા માટે કે હદીષમાં આવ્યું છે કે મેં સહાબાએ કિરામને આંગળીનો ખિલાલ કરવાનુ કહ્યું છે જે હાથના પાણી વડે આંગળીઓનો ખિલાલ કરે છે તેની આંગળીઓને અલ્લાહ તઆલા શફાઅતથી વંચિત નથી રાખતો.

પછી ફર્માવ્યું કે શયખે અજલ શીરાઝી (ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)ની સાથે એક સ્થળે હતો અને સાંજની નમાઝનો સમય હતો. હઝરત ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہ નવુ વુઝૂ કરતા હતા. સંજોગોવસાત આપ આંગળીઓનો ખિલાલ કરવાનુ ભૂલી ગયા. ગયબી ફરિશ્તાએ અવાજ આપ્યો કે **હે અજલ ! તું અમારા મુહમ્મદ (ﷺ)ની દોસ્તી (મહોબ્બત)નો દાવો કરે છે અને તેમની ઉમ્મત બને છે પરંતુ તેમની સુન્નતને છોડે છે !** ત્યારબાદ ખ્વાજાએ અજલે કસમ ખાધી કે એ સમયથી લઈને મરતા દમ સુધી હું કોઈ સુન્નત ન છોડીશ.

પછી ફર્માવ્યું કે એકવાર મેં ખ્વાજાએ અજબ શીરાઝી (ગરીબ નવાઝ)ને ખૂબ જ ઉલઝનમાં જોઈને હાલત પૂછી તો ફર્માવ્યું કે **જે દિવસે મારાથી ભૂલથી આંગળીઓનો ખિલાલ છૂટી ગયો**

**ત્યારથી હું ચિંતિત છું કે આ મોઢું નબી કરીમ ﷺને ક્યામતના દિવસે કઈ રીતે દેખાડી શકીશ ?!**

પછી ફર્માવ્યું કે સલાતે મસ્ઊદીમાં તરીકે તરગીબ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની રિવાયતના પ્રમાણે ફિક્હે સુન્નતમાં લખ્યું છે કે દરેક અંગને ત્રણવાર ધોવું સુન્નત છે. જેમ કે હદીષમાં છે કે દરેક અંગને ત્રણવાર ધોવું મારી સુન્નત છે અને મારાથી આગલા પયગંબરોની પણ એ જ સુન્નત છે. એના પર વધારો કરવો જુલ્મ છે.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે ફુઝૈલ અયાઝ رحمۃ اللہ علیہએ વુઝૂ કરતી વખતે હાથ કેવળ બે જ વાર ધોયો. જ્યારે નમાઝ અદા કરી ચૂક્યા તો તે જ રાત્રે હઝરત રિસાલત મઆબ ﷺને ખ્વાબમાં જોયા જે ફર્માવે છે કે મને તો આશ્ચર્ય છે કે તમારા વુઝૂમાં કમી રહી જાય ! ખ્વાજા સાહબ એ ગભરાહટથી જાગી ગયા પછી તાજુ વુઝૂ કરીને નમાઝ અદા કરી અને કફ્ફારાના માટે વરસભર ૫૦૦ રકાત વઝીફાના રૂપે દરરોજ અદા કરી.

## ★ બાવુઝૂ સૂવાની ફઝીલત ★

પછી ફર્માવ્યું કે આરિફ એહલે ફઝ્લ છે અને તેઓ દોસ્તની મહોબ્બતમાં ચૂર છે. વળી તે પોતાની શરહમાં લખે છે કે **જ્યારે માણસ રાત્રે બાવુઝૂ સૂએ છે તો હુકમ થાય છે કે ફરિશ્તા તેની સાથે રહે. તેઓ સવાર સુધી અલ્લાહ તઆલાથી એ જ વિનંતિ કરતા રહે છે કે હે અલ્લાહ તઆલા ! આ બંદાને બખ્શી આપ ! કેમ કે તે બાવુઝૂ સૂતો છે.**

પછી એ જ મેહફિલમાં ફર્માવ્યું કે આરિફોની શરહમાં આવ્યું છે કે **જ્યારે માણસ બાવુઝૂ સૂએ છે તો (ફરિશ્તા) તેની જાન અર્શની નીચે લઈ જાય છે અને હુકમ થાય છે કે**

**તેને નૂરી કપડાં પહેરાવી દો.** જ્યારે તે સિજદો કરી ચૂકે છે તો હુકમ થાય છે કે તેને પરત લઈ જાવ કેમ કે એ નેક બંદો છે જે બાતહારત (બાવુઝૂ) સૂતો છે. અને જે શખ્સ બેવુઝૂ સૂએ છે તેની જાનને પહેલા જ આસ્માનેથી પરત કરે છે અને કહે છે કે આ એ લાયક નથી કે તેને ઉપર લઈ જવામાં આવે. એવો માણસ અલ્લાહને સજદો કરવાવાળો નથી.

## ★ એક પ્યારી સુન્નત ★

પછી ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ફક઼ીહો લખે છે કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે : જમણો હાથ ખાણુ ખાવા અને હાથ મોં ધોવાના માટે છે અને ડાબો હાથ ઈસ્તિન્જા કરવા માટે છે.

પછી વાત એના બારામાં શરૂ થઈ કે જ્યારે માણસ મસ્જિદમાં આવે તો સુન્નત એ છે કે પ્રથમ જમણો પગ અંદર રાખે, અને જ્યારે બહાર નીકળે તો ડાબો પગ પ્રથમ બહાર રાખે.

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા સુફયાન થૌરી મસ્જિદમાં આવ્યા અને ભૂલથી પ્રથમ ડાબો પગ અંદર રાખી દીધો, અને અવાજ આવ્યો કે બળદ આ રીતે બેઅદબીપૂર્વક ઘુસી આવે છે ! તે દિવસથી આપ ખ્વાજા સુફયાન થૌરી કહેવાયા.

## ★ અદના આરિફ કોણ ? ★

પછી આરિફોના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે ફર્માવ્યું કે આરિફ તે શખ્સને કહે છે કે જે તમામ જહાનને જાણતો હોય, અને બુદ્ધિ વડે લાખો અર્થો પેદા કરી શકે છે અને વર્ણન કરી શકે છે, અને મહોબ્બતની સર્વ ગુંચોનો જવાબ આપી શકતો હોય, અને દરેક સમયે બહર (સમુદ્ર)માં તરતો રહે જેથી કરીને ઈસ્રારે ઈલાહી તથા અન્વારે ઈલાહીનાં મોતીઓ કાઢતો રહે અને દીદાવર

જોહરીઓના સમક્ષ રજૂ કરતો રહે, જ્યારે તેઓ એને જુએ તો પસંદ કરે એવો શખ્સ બેશક ! આરિફ છે.

ત્યારબાદ એ જ મોક઼ા પર ફર્માવ્યું કે આરિફ દરેક સમયે ઈશ્ક઼ના ખયાલોમાં વ્યસ્ત રહે છે અને ખુદાની કુદરતના કમાલોની આફરિનીમાં આશ્ચર્યચકિત રહે છે. જો ઊભો છે તો પણ દોસ્તના વહેમમાં, અને જો બેઠો છે તો પણ દોસ્તને ઝિક્ર કરે છે, જો સૂતેલો છે તો દોસ્તના ખયાલમાં હેરતમય છે, જો જાગે છે તો પણ દોસ્તના હિજાબે અઝમતની આસપાસ તવાફ કરે છે.

## ★ નમાઝે ઈશ્રાક઼ની ફઝીલત ★

ત્યારબાદ ફર્માવ્યું કે અહલે ઈશ્ક઼ સવારની નમાઝ અદા કરીને નમાઝની જગાએ સૂર્ય નીકળતાં સુધી બેઠેલા રહે છે, એમનો મક઼સદ એનાથી એ હોય છે કે દોસ્તની નજરમાં મક઼બૂલ થઈ જાઉં અને અન્વારની તજલ્લી એમના પર સતત થાય.

પછી ફર્માવ્યું કે જ્યારે એવો શખ્સ સવારની નમાઝ અદા કરીને નમાઝની જગાએ બેઠેલો રહે છે તો ફરિશ્તાને હુકમ થાય છે કે જ્યાં સુધી તે ન ઉઠે તેની પાસે આવીને તેના માટે બખ્શિશ માગે.

પછી એ જ મોક઼ાસર ફર્માવ્યું કે ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ પોતાની ઉમદામાં લખે છે : "તે ઈસ્રારે ઈલાહીનો ઈશારો છે કે એક દિવસ રસૂલુલ્લાહ ﷺએ શૈતાનને ગમગીન જોઈને સબબ પૂછયો, તો તેણે અર્ઝ કરી કે આપની ઉમ્મતના ચાર ગિરોહ થશે, સૌથી પ્રથમ મોઅઝ઼્ઝિન જેઓ અઝાન કહે છે એટલા માટે કે તે અઝાન કહે છે તો જે સાંભળે છે તે અઝાનના જવાબમાં મશ્ગૂલ થઈ જાય છે, કહેનાર તથા સાંભળનાર સૌને બખ્શી દેવામાં આવે છે. બીજા જેઓ જેહાદના માટે બહાર નીકળે છે તો તેમના ઘોડાઓની ખરીઓના અવાજથી જ્યારે તેઓ તકબીર કહે છે અને

ખુદા માટે લડે છે તો હુકમ થાય છે કે તેમને તેમના સંબંધીઓ સહિત બખ્શી આપ્યા. ત્રીજો તે ગિરોહ છે જે હલાલ ધંધાથી રોજી કમાય છે અને દરવેશ જયારે હલાલની કમાઈ ખાય છે અને અન્યોને ખવડાવે છે તો અલ્લાહ તઆલા તેમને બખ્શી આપે છે. ચોથો તે ગિરોહ જે સવારની નમાઝ અદા કરીને સૂર્ય નીકળતા સુધી ત્યાં બેઠેલો રહે છે અને પછી ઈશ્રાક઼ની નમાઝ અદા કરે છે. શૈતાને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! (ﷺ) જે દિવસે હું મલકૂતમાં હતો તો મેં લોહે મેહફૂઝમાં લખેલું જોયું હતું કે **જે શખ્સ સવારની નમાઝ અદા કરીને સૂર્ય નીકળતા સુધી યાદે ઈલાહીમાં મશગૂલ રહે અને પછી ઈશરાક઼ની નમાઝ અદા કરે તો અલ્લાહ તઆલા તેના સિત્તેર હજાર સંબંધીઓ સહિત તેને બખ્શી આપે છે, અને દોઝખના અઝાબથી મુક્તિ આપે છે.**

ત્યારબાદ ફર્માવ્યું કે મેં ફિક઼્હે અકબરમાં લખેલું જોયું છે કે ઈમામુલ મુત્તક઼ીન અબૂ હનીફા કૂફી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે એક કફનચોર ચાલીસ વરસો સુધી કફન ચોરતો રહ્યો, છેવટે જયારે મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોયો કે જન્નતમાં ટહેલી રહ્યો છે. એનો સબબ પૂછયો તો બોલ્યો કે મારામાં એક ચીજ હતી તે એ કે જયારે હું સવારની નમાઝ અદા કરતો હતો તો સૂરજ નીકળતાં સુધી યાદે ઈલાહીમાં મશગૂલ રહીને પછી ઈશ્રાક઼ની નમાઝ અદા કરતો. હક઼્ક઼ તઆલા અતિશય માફ કરનારો છે તેણે એની બરકતથી મને બખ્શી આપ્યો, મારાં કામોનો કાંઈ ખયાલ ન કર્યો અને મને આ દરજ્જે પહોંચાડી આપ્યો.

પછી મોક઼ાસર ફર્માવ્યું કે આરિફને જયારે હાલત થાય છે અને એ ચીજમાં ગર્ક઼ હોય છે તો એ હાલતમાં જો કેટલાયે હજાર મુલ્ક

જેમાં અજીબો ગરીબ ચીજો હોય તેની સમક્ષ રજૂ કરવામાં આવે છે તો તે એના પ્રતિ આંખ ઉઠાવીને પણ નથી જોતો, પણ એ જ ચીજમાં જુએ છે જે એના માટે નાઝિલ થાય છે. આરિફની એક નિશાની તો એ જ છે કે તે દરેક સમયે સ્મિત કરતો રહે છે. જે વખતે આરિફ સ્મિત કરે છે તે વખતે આલમે મલકૂતમાં મગરિબ તેને દેખાય આવે છે, તો જે કાંઈ એનાથી જાહેર થાય છે તે એના મુસ્કુરાવાનો સબબ હોય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે ઈરફાનમાં એક હાલત હોય છે, જ્યારે એ હાલત એના પર છવાય છે તો એક જ કદમમાં અર્શથી હિજાબે અઝમત સુધીનો ફાસલો પાર કરી લે છે અને ત્યાંથી હિજાબે કિબ્રિયા સુધી પહોંચી જાય છે, પછી બીજા ડગલા પર પોતાના સ્થાને આવી પહોંચે છે.

પછી ખ્વાજા સાહબ અશ્રુમય થઈ ગયા કે આરિફનો સૌથી કમ દરજો આ જ છે પરંતુ તે જે કામિલ છે તેનો દરજો અલ્લાહ તઆલા જ જાણે છે કે ક્યાં સુધી છે, ક્યાં સુધી પહોંચે છે અને ક્યારે પાછા આવે છે. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## (મજલિસ : ૦૨)

## ★ જનાબત વિશે ચર્ચા ★

જુમેરાતના દિવસે કદમબોસીની દોલત નસીબ થઈ. એ વખતે જનાબતના બારામાં ચર્ચા થઈ રહી હતી. મૌલાના બહાઉદ્દીન બુખારી તથા મૌલાના શહાબુદ્દીન મુહમ્મદ બગદાદી ખિદમતમાં હાજર હતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે માણસના દરેક વાળની નીચે જનાબત છે, જેથી અનિવાર્ય છે કે જે જે વાળ

નીચે જનાબત છે ત્યાં પાણી પહોંચાડે અને પોતાના વાળોને તર કરવા જોઈએ, જો એક વાળ પણ સૂકો રહી જશે તો કયામતના દિવસે એ જ વાળ તેની સાથે ઝઘડશે. (જનાબત = સંભોગ બાદ ગુસ્લ વાજિબ થાય તે હાલત)

પછી ફર્માવ્યું કે ફતાવા ઝહીરિયામાં મેં લખાવી આપ્યું છે કે માણસનું મોં પાક રહે છે જ્યાં સુધી જુનુબની હાલતમાં રહે, જે કાંઈ પાણી વગેરે પીએ તો નાપાક નથી થતુ. જો તે પાકી વિનાનો છે અથવા જુનુબી છે અથવા હૈઝવાળી, મો'મિન હોય ચાહે કાફિર તેનું મોં પાક છે.

ત્યારબાદ એના બારામાં ફર્માવ્યું, એક વાર રસૂલુલ્લાહ صلى الله عليه وسلم બેઠા હતા એવામાં એક સહાબીએ ઉઠીને પૂછયું, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم જો કોઈ જુનુબી હોય અને ગરમ હવા ચાલતી હોય અને પસીના વડે કપડાં ભીનાં થઈ જાય તો એ કપડાં નાપાક થઈ જશે કે નહીં ? ફર્માવ્યું, આબે દહન (થૂક) પાક છે જો કપડાંને લાગી જાય તો નાપાક નથી થતાં.

ત્યારબાદ પ્રસંગાનુરૂપ ફર્માવ્યું કે મેં ખ્વાજા ઉષ્માન હારૂની رحمة الله عليهની ઝબાની સાંભળ્યું છે કે જ્યારે હઝરત આદમ عليه السلام જન્નતથી બહાર દુનિયામાં આવ્યા અને હવ્વા સાથે સોહબતનો પ્રસંગ થયો તો જિબ્રઈલ عليه السلامએ આવીને કહ્યું, ઉઠીને ગુસ્લ કરો ! તો ઘણા જ ખુશ થયા અને કહ્યું, હે ભાઈ જિબ્રઈલ ! આ ગુસ્લનો કાંઈ અજર ?! જવાબ મળ્યો, **આપના શરીરના દરેક વાળના બદલામાં એક વરસની ઈબાદતનો સવાબ, અને પાણીનું દરેક ટીપુ જે આપના શરીરને સ્પર્શેલ છે એનાથી અલ્લાહ તઆલાએ એક એક ફરિશ્તો પેદા કર્યો છે જે કયામતના દિવસ સુધી ઈબાદત કરતો રહેશે અને એ ઈબાદતનો**

**સવાબ તમને મળશે.** પૂછયું, હે ભાઈ જિબ્રઈલ ! આ સવાબ મારા માટે જ છે કે મારા ફરઝંદો માટે પણ ? જવાબ મળ્યો, **જે તારો ફરઝંદ મો'મિન હશે અને હલાલ ગુસ્લ કરશે તેના વાળોની સંખ્યાના પ્રમાણે એટલાં જ વરસોની ઈબાદત તેના આમાલનામામાં લખવામાં આવશે, અને જે ટીપાં તેના શરીરેથી પડશે તે દરેક ટીપાના બદલામાં એક ફરિશ્તો અલ્લાહ તઆલા પેદા કરશે જે ક્યામત સુધી તસ્બીહ તથા તહલીલમાં મશગૂલ રહેશે અને એનો સવાબ એ મો'મિનને મળશે.** જ્યારે ખ્વાજા સાહબે આ વાત ખત્મ કરી તો રડયા અને ફર્માવ્યું કે આ ફાયદા તે શખ્સના બારામાં છે જે હલાલ ગુસ્લ કરે છે, અને **જે હરામ ગુસ્લ કરે છે તો તેના દરેક વાળના બદલામાં એક વરસના ગુનાહ તેના આમાલનામામાં લખવામાં આવે છે અને દરેક ટીપાથી ગુસ્લના વખતે એક શૈતાન પેદા થાય છે અને ક્યામત સુધી જે બુરાઈ તે શૈતાનથી થાય છે તેને તે શખ્સના માથે લખવામાં આવે છે.**

## ★ શરીઅત, તરીકૃત મઅરેફત, હકીકૃત ★

પછી ફર્માવ્યું કે શરીઅતના માર્ગે ચાલનારાઓને પ્રારંભમાં એ કે જયારે લોકો **શરીઅત**માં અડગ થઈ જાય છે અને શરીઅતનાં સર્વ ફર્માનો પાળે છે અને તેને પાળવામાં રજમાત્ર પણ હટતા નથી તો મોટાભાગે તે બીજા મર્તબા પર પહોંચે છે જેને **"તરીકૃત"** કહે છે. ત્યારબાદ જયારે શરતોની સાથે તરીકૃતમાં અડગ રહે છે અને સર્વ શરીઅતના હુકમોનું સંપૂર્ણપણે પાલન કરે છે તો **"મઅરેફત"**ના દરજે પહોંચી જાય છે. જયારે મઅરેફતે પહોંચે છે તો શનાખ્ત વ સનાઈનો મકૃામ આવી જાય છે. જયારે એ મકૃામ

પર પણ અડગ થઈ જાય તો **હક઼ીક઼તના** દરજે પહોંચે છે. આ મર્તબા પર પહોંચીને જે કાંઈ તલબ કરે છે તે મેળવે છે.

પછી ફર્માવ્યું કે મેં એક બુઝુર્ગથી આરિફની વ્યાખ્યા આ પ્રમાણે સાંભળી કે આરિફ તે છે જે બંનેવ જહાનથી સંબંધ કટ કરે પછી મક઼ામે ફર્દાનિયત પર પહોંચે. કેમ કે આ માર્ગ તે જ શખ્સ અપનાવી શકે છે જે સૌથી બેગાનો (બેપરવા) થઈ જાય.

## ★ નમાઝનું મહત્વ અને ગરીબ નવાઝ ★

એ જ મોક઼ા પર ફર્માવ્યું કે નમાઝ એક અમાનત છે જે અલ્લાહ તઆલાએ બંદાઓને સુપ્રત કરી છે. જેથી બંદાઓ પર વાજિબ છે કે અમાનતમાં કોઈ પ્રકારની ખયાનત ન કરે.

પછી ફર્માવ્યું કે માણસ નમાઝ અદા કરે તો રુકૂઅ તથા સજદાઓને જેવા કે તેનો હક્ક઼ છે તે પ્રમાણે અદા કરે અને નમાઝના અરકાનોની સારી રીતે કાળજી રાખે.

પછી ફર્માવ્યું કે મેં સલાતે મસ્ઊદીમાં લખાવી આપ્યું છે કે જ્યારે લોકો નમાઝ સારી રીતે અદા કરે છે અને તેના સર્વ હક્ક઼ો પૂર્ણપણે પાળે છે અને રુકૂઅ તથા સજદા તથા કિ઼રાઅત તથા તસ્બીહની કાળજી રાખે છે તો ફરિશ્તા તે નમાઝને આસ્માનો પર લઈ જાય છે. પછી એ નમાઝથી નૂર જાહેર થાય છે અને આસ્માનના દરવાજા ખુલી જાય છે. જ્યારે એ નમાઝને અર્શની નીચે લાવવામાં આવે છે તો હુકમ થાય છે કે સજદો કર અને નમાઝ અદા કરનારા માટે બખ્શિશ માગ ! કેમ કે તે તારા હક્ક઼ો સારી રીતે અદા કરે છે. પછી ખ્વાજા સાહબ રડયા અને ફર્માવ્યું કે આ તો સારી રીતે નમાઝ અદા કરનારાઓ માટે છે, પરંતુ જેઓ નમાઝના અરકાનો ખૂબીપૂર્વક અદા કરવાની કાળજી નથી

લેતા તેમની નમાઝને જ્યારે ફરિશ્તા આસ્માન પર લઈ જાય છે તો આસ્માનના દરવાજા નથી ખુલતા, અને હુકમ થાય છે કે આ નમાઝને લઈ જઈને એ જ નમાઝીના મોઢા પર મારી દો ! પછી નમાઝ ઝબાને હાલથી કહે છે, જે રીતે તેં મને બર્બાદ કરી છે એ રીતે ખુદા તને બર્બાદ કરે !

પછી એ મોકા પર ફર્માવ્યું કે એકવાર હું બુખારામાં દસ્તારબંદોની વચ્ચે બેઠો હતો તો એમનાથી આ હિકાયત સાંભળી કે એકવાર પયગંબરે ખુદા ﷺએ એક શખ્સને નમાઝ અદા કરતાં જોયો જે રુકૂઅ તથા સજદામાં નમાઝનો હક્ક સારી રીતે અદા કરતો ન હતો. જ્યારે તે નમાઝથી ફારિગ થયો તો પૂછયું કે કેટલા અરસાથી આ રીતે નમાઝ અદા કરે છે ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આટલાં વરસથી આ જ રીતે નમાઝ અદા કરું છું ! ફર્માવ્યું, આ સર્વ વર્ષોમાં તેં કોઈ નમાઝ અદા નથી કરી ! જો તું મરી જઈશ તો મારી સુન્નત પર મરીશ નહીં !

પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે કયામતના દિવસે સૌ પ્રથમ નમાઝનો હિસાબ અંબિયા, અવલિયા તથા દરેક મુસલમાનને પૂછવામાં આવશે, જે આ હિસાબ બરાબર આપી નહીં શકે તે અઝાબ તથા દોઝખમાં પડશે.

પછી ફર્માવ્યું કે એકવારનું વર્ણન છે કે હું શામ (સીરિયા)ની નજીક એક શહેરમાં હતો જેનું નામ મારી યાદથી નીકળી ગયું છે, તેની બહાર એક ગુફા હતી જેમાં એક શયખ અવહદ મુહમ્મદ અલ્વાહિદ ગઝનવી રહેતા હતા અને જેમના શરીર મુબારક પર ચામડી જ ચામડી હતી, સજ્જાદ પર બેઠેલા હતા અને બે સિંહો તેમની પાસે ઉભેલા હતા. હું સિંહોની બીકના કારણે તેમની પાસે

જઈ શકતો ન હતો. જ્યારે એમની નજર મારા પર પડી તો ફર્માવ્યું, આવી જાવ ! ડરો નહીં ! જ્યારે હું નજીક પહોંચી ગયો તો આદાબ બજાવીને બેસી ગયો.

પ્રથમ વાત જે બુઝુર્ગે મને કરી તે એ છે કે જો તું કોઈનો ઈરાદો કરીશ નહીં તો તે પણ તારો ઈરાદો કરશે નહીં. એટલે કે સિંહોની શું હૈસિયત છે કે તું તેનાથી ડરે છે ? પછી ફર્માવ્યું કે જ્યારે તારા દિલમાં ખુદાનો ખૌફ હશે તો સર્વ તારાથી ડરશે, તો સિંહની શું હક઼ીક઼ત છે ?! તે લોકોથી પણ ડરશે નહીં. આ પ્રકારની ઘણી વાતો વર્ણવી પછી પૂછયું, ક્યાંથી આવવાનું થયું ? અર્ઝ કરી, બગદાદથી. ફર્માવ્યું, આવવાનું મુબારક થાય ! પરંતું જરૂરી છે કે તું દરવેશોની ખિદમત કરે જેથી બુઝુર્ગ બની જાય. પરંતું સાંભળો ! મને આ ગુફામાં રહેતાં કેટલાંયે વરસો વહી ગયાં અને સર્વ મખ્લૂક઼થી ગોશાનશીની અને એકાંત અપનાવ્યું છે છતાં ત્રીસ વરસથી એક ચીજના સબબે રડી રહ્યો છું, એ ડરથી દિવસ રાત રડું છું. મેં પૂછયું, તે શું છે ? ફર્માવ્યું, જ્યારે હું નમાઝ અદા કરું છું તો પોતે પોતાને જોઈને રડુ છું કે જો રજમાત્ર પણ નમાઝની શર્ત અદા ન થઈ તો સર્વ કાંઈ બર્બાદ થઈ જશે ! એ જ વખતે આ ઈબાદત મારા મોઢા પર મારી દેવામાં આવશે. તો હે દરવેશ ! જો તું નમાઝના હક઼ અદા કરવામાં સફળ થઈ જાય તો ખરેખર તેં મહાન કામ કર્યું છે, નહીં તો તું તારી ઉંમર વેડફી કાઢીશ. પછી આ હદીષ વર્ણવી કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે કે **અલ્લાહ તઆલાની નજીક કોઈ ગુનોહ દુનિયામાં અને કોઈ દુશ્મન ક઼યામતમાં એનાથી વધીને નથી કે નમાઝને શર્તો સાથે અદા કરવામાં ન આવે.**

પછી ફર્માવ્યું કે મારા શરીર પર જે હાડકાં તથા ચામડી દેખાય

છે એ એના કારણે છે. મને ખબર નથી કે મારાથી નમાઝનો હક્ક્ અદા થયો પણ છે કે નહીં ?! આ વાત કહેતાં એક સફરજન ઉઠાવ્યું જે એમની પાસે જ હતું. તેમની સર્વ ચર્ચાનો સાર એ હતો કે નમાઝની જિમ્મેદારી ઘણી મહાન જિમ્મેદારી છે, જો સલામતીની સાથે તેની જિમ્મેદારી પૂર્ણ થઈ શકે તો નજાત મળી જાય છે, નહીં તો શર્મિંદો રહે છે અને આ ચહેરો કોઈને નથી દેખાડી શકતા.

પછી ખ્વાજા સાહબે અશ્રુમય ચહેરે ફર્માવ્યું કે હે દરવેશ ! નમાઝ દીનનો રુકન છે અને રુકન સ્તંભ હોય છે. જેથી જો સ્તંભ ક઼ાયમ હશે તો ઘર પણ સલામત રહેશે અને જ્યારે સ્તંભ નીકળી જશે તો છત તુરત જ પડી જશે. ઈસ્લામ અને દીનના માટે નમાઝ સ્તંભના સ્થાને છે, જ્યારે નમાઝની અંદર ફર્ઝ, સુન્નત, રુકૂઅ તથા સજદામાં ખલેલ આવશે તો ઈસ્લામ તથા દીનની હક઼ીક઼ત વગેરે ખરાબ થઈ જશે.

ત્યારબાદ ફર્માવ્યું કે સલાતે મસ્ઊદીની શરહમાં ઈમામ ઝાહિદ رحمۃ اللہ علیہ લખે છે કે અલ્લાહ તઆલાએ કોઈ ઈબાદતમાં આવી તાક઼ીદ તથા સખ્તી નથી ફર્માવી જેવી નમાઝના બારામાં ફર્માવી છે.

પછી એ જ મોક઼ા પર ફર્માવ્યું કે ઈમામ જઅફર સાદિક઼ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં ઠેકઠેકાણે નસીહત કરી છે. એમાં અમુકમાં જાહેરી શબ્દમાં સંબોધન છે અને અમુકમાં લાલચ આપતા (આકર્ષતા) શબ્દોમાં, અમુકમાં તરહીબ (ડર અપાવવા)ના રૂપે છે. સાતસો સ્થળોએ આવી નસીહતો કરી છે. નમાઝ ક઼ાયમ કરો કેમ કે આ દીનનો સ્તંભ છે. તફસીરમાં લખ્યું છે કે ક઼યામતના દિવસે પચાસ વિવિધ સ્થાનોએ વિવિધ સવાલો દરેક માણસને પૂછવામાં આવશે. **પ્રથમ**

**સ્થળે** જો **ઈમાન** અને તેની શરતો તથા ખૂબીઓ તથા ઓળખ, ખુદા તઆલાને વાળ બરાબર પણ વર્ણન નહીં કરી શકે તો **ત્યાંથી સીધો જહન્નમમાં** મોકલી દેવામાં આવશે. ત્યારબાદ **બીજા સ્થળે નમાઝ અને ફર્ઝો**ની બાબતે સવાલ થશે, જો સહીહ ઉતરશે તો બેહતર, નહીં તો ત્યાંથી જ દોઝખમાં ધકેલી દેવામાં આવશે. પછી **ત્રીજા સ્થળે સુન્નતે નબવી** બાબતે સવાલ થશે, જો તેમાં પાસ થશે તો મુક્ત કરવામાં આવશે, નહીં તો મોઅક્કિલોના હાથે પયગંબરે ખુદા ﷺની ખિદમતમાં મોકલવામાં આવશે કે આ શખ્સ આપની ઉમ્મતમાંથી છે જેણે સુન્નતને અદા કરવામાં ઉણપ વર્તી છે. જ્યારે ફવાઈદને ખત્મ કરી ચૂક્યા તો ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા અને આ શબ્દો ઝબાન મુબારકથી ફર્માવ્યા કે **અફસોસ છે એ શખ્સ પર ! જે ક઼યામતા દિવસે પયગંબરે ખુદા ﷺ સમક્ષ શર્મિંદા થશે તો કોની પાસે જશે ?!** જ્યારે ખ્વાજા સાહબ આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો દરેક શખ્સ પોતાના ઠેકાણે પરત થયો. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

**(મજલિસ : 03)**

## ★ બેનમાઝી પર ખ્વાજા સાહબ હજારો અફસોસ વ્યક્ત કરે છે ! ★

બુધના દિવસે ક઼દમ બોસીનો શરફ હાંસલ થયો. સમરકંદની તરફના કેટલાક દુરવેશ ખિદમતમાં હાજર હતા. મૌલાના બુખારી હાજર હતા જે ખ્વાજા સાહબની જ ખિદમતમાં રહેતા હતા, પછી વહદુદ્દીન કિર્માની પણ આવીને બેસી ગયા. ચર્ચા એ બારામાં

થઈ રહી હતી કે ફર્ઝ નમાઝમાં એટલા પ્રમાણમાં મોડુ કરવામાં આવે કે સમય નીકળી જાય અને કઝા કરીને પઢે, **આપે ફર્માવ્યું, તેઓ કેવો મુસલમાન છે જેઓ સમય પર નમાઝ અદા નથી કરતા ?! અને એટલા પ્રમાણમાં મોડુ કરે છે કે સમય નીકળી જાય છે ! તેમની મુસલમાન પર હજારો અફસોસ છે જેઓ અલ્લાહની બંદગીમાં ઉણપ વર્તે છે !**

પછી ફર્માવ્યું કે હું એવા શહેરમાં થઈને પસાર થયો જ્યાં એવી રસમ હતી કે સમયથી પહેલાં નમાઝ માટે તૈયાર થઈ જતા હતા. મેં પૂછયું કે આમાં શું હિકમત છે કે તમો સૌ સમયથી પહેલાં જ તૈયાર છો ? કહ્યું, સબબ એ છે કે **જ્યારે સમય થાય તો તરત નમાઝ અદા કરી લઈએ, જો તૈયાર ન થઈશું તો કદાચ સમય નીકળી જાય, પછી આ મોઢું પયગંબરે ખુદા ﷺને કેવી રીતે દેખાડી શકીશું ?!** કેમ કે હદીષ શરીફમાં આવ્યું છે, ''મરતાં પહેલાં **તૌબા માટે જલ્દી કરો** અને મૃત્યુ પામી જતાં પહેલાં **નમાઝ માટે જલ્દી કરો.**''

ત્યારબાદ ફર્માવ્યું કે ઈમામ યહયા ઝન્દૂસી رحمۃ اللہ علیہના રોઝામાં વાસિઅતામાં મેં લખેલું જોયું છે કે મૌલાના હુસામુદ્દીન બુખારીથી જે મારા ઉસ્તાદ હતા સાંભળ્યું છે કે નબી કરીમ ﷺ ફર્માવે છે : **''સૌથી મોટો ગુનોહ એ છે કે ફર્ઝ નમાઝમાં એટલા પ્રમાણમાં મોડુ કરવામાં આવે કે સમય નીકળી જાય અને પછી બે નમાઝો ભેગી અદા કરવામાં આવે.''**

## ★ મુનાફિકોની નમાઝ ! ★

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ખિદમતમાં હું હાજર થયો, આપનાથી મેં હદીષ સાંભળી જેની રિવાયત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કરી છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ

ફર્માવ્યું કે, "શું તમને મુનાફિકોની નમાઝ બતાવું ?! અર્ઝ કરી, જી હુઝૂર ! ફર્માવ્યું, જે શખ્સ અસરની નમાઝમાં એટલા પ્રમાણમાં મોડુ કરે કે સૂરજની રોશનીમાં ફરક આવી જાય અને તેનો રંગ પીળાશ પડતો થઈ જાય. પછી અર્ઝ કરી કે સમય નિશ્ચિત કરો. ફર્માવ્યું, એનો બરાબર સમય એ છે કે સૂર્યએ તેનો અસલ રંગ ન બદલ્યો હોય, એટલે કે પીળો ન થઈ ગયો હોય. શિયાળા તથા ઉનાળામાં આ જ હુકમ છે.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં ફિક્હે હિદાયામાં શયખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہના હાથની લખેલી આ હદીષ જોઈ છે : "સવારની નમાઝ સફેદીમાં અદા કરો જેથી સવાબ વધારે મળે." ઝોહરની નમાઝમાં સુન્નત તરીકો એ છે કે એટલા પ્રમાણમાં મોડુ કરવામાં આવે કે હવા ઠંડી થઈ જાય અને શિયાળ ામાં જ્યારે પડછાયો ઢળે તો અદા કરવામાં આવે. જેમ કે હદીષ શરીફમાં આવ્યું છે, "ગરમીમાં ઝોહરની નમાઝ ઠંડા પહોરે અદા કરો."

## ★ નમાઝ કઝા થતાં રૂદન તથા આહોઝારી ! ★

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہથી સવારની નમાઝ કઝા થઈ ગઈ તો એટલા પ્રમાણમાં રડયા અને આહોઝારી (આક્રંદ) કરી કે વર્ણન નથી થઈ શક્તું ! અવાજ આવ્યો કે હે બાયઝીદ ! તું આટલા પ્રમાણમાં આહોઝારી શા માટે કરે છે ?! જો સવારની એક નમાઝ છૂટી ગઈ તો અમે તારા અમલોમાં હજાર નમાઝોનો સવાબ લખી આપ્યો છે.

**નોંધ** : *આમ લોકો કોઈ દુનિયવી નુકસાન થતાં તથા કોઈ ચહીતુ મૃત્યુ પામતાં આક્રંદ કરે છે, જ્યારે બુઝુર્ગો નમાઝમાં ઉણપ થતાં આક્રંદ કરે છે ! આ પરથી તેનું મહત્વ સમજો.* –અનુવાદક

પછી ફર્માવ્યું કે તફસીરે મહબૂબે કુરૈશમાં લખેલું જોયું છે કે જે શખ્સ પાંચેવ નમાઝો તેના સમયોમાં અદા કરે છે તે કયામતના દિવસે તેની રહનુમા બને છે.

ત્યારબાદ ફર્માવ્યું કે નબીએ અકરમ علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે કે, ''જેની નમાઝ નથી તેનું ઈમાન નથી.''

## ★ નમાઝ કઝા કરનારને સખત અઝાબ ! ★

એ જ મોકા પર ફરી ફર્માવ્યું કે મેં શયખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ થી સાંભળ્યું છે કે ઈમામ ઝાહિદની તફસીરમાં લખ્યું છે, ''વેલ'' દોઝખમાં એક કૂવો છે. અમુક કહે છે કે દોઝખની એક વાદી (પહાડીઓ વચ્ચે સપાટ મેદાન) છે જેમાં સખતથી સખત અઝાબ એ લોકોને થશે જેઓ નમાઝમાં ગફલત કરે છે.

પછી ''વેલ''ની તફસીર આ પ્રમાણે ફર્માવી કે વેલે ૭૦ હજારવાર અલ્લાહ તઆલાથી રડીને પૂછયું કે આટલો સખત અઝાબ કયા લોકોને થશે ?! હુકમ થયો, ''તેઓના માટે જેઓ નમાઝને સમયસર અદા નથી કરતા અને કઝા કરે છે.''

પછી ફર્માવ્યું કે એકવાર અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ મગરિબની નમાઝ અદા કરી અને જ્યારે આસ્માનની તરફ જોયું તો તારાઓ જોવા મળ્યા. ગમગીન થઈને આપ અંદર ચાલ્યા ગયા અને એના કફ્ફારામાં એક ગુલામ આઝાદ કર્યો. એનો સબબ એ હતો કે હુકમ છે કે જ્યારે સૂર્ય ડૂબી જાય તો તુરત જ નમાઝ અદા કરો, કેમ કે એવું કરવું સુન્નત છે.

## ★ ભૂખાને ખવડાવવાની ફઝીલત ★

ત્યારબાદ સદકાના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે **જે**

**ભૂખ્યાને ખાવા ખવડાવે છે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તે શખ્સ અને દોઝખના દરમ્યાન સાત પર્દા આડા કરી આપશે, જેમાંથી દરેક પર્દા વચ્ચે પાંચસો વરસના માર્ગ જેટલું અંતર હશે.** પછી થોડીકવાર જૂઠુ બોલવાના બારામાં ચર્ચા થઈ તો ફર્માવ્યું, **જેણે જૂઠી કસમ ખાધી જાણે તેણે પોતાના કુટુંબને વેરાન કરી નાખ્યું ! એ ઘરેથી બરકત ઉઠાવી લેવામાં આવે છે.**

## ★ બેનમાઝી તથા જૂઠી કસમખાનારને અઝાબ ! ★

પછી ફર્માવ્યું કે એકવાર બગદાદની જામેઅ મસ્જિદમાં એક ઝાકિર મૌલાના ઈમામુદ્દીન બુખારી નામથી રહેતા હતા જે ખૂબ જ મર્દે સાલેહ હતા. આ હિકાયત મેં એમના થકી સાંભળી કે એકવાર અલ્લાહ તઆલા હઝરત મૂસા علیہ السلام સાથે દોઝખના બારામાં કલામ કરી રહ્યો હતો. ફર્માવ્યું કે, હે મૂસા ! મેં દોઝખમાં એક વાદી હાવિયહ પેદા કરી છે જે સાતમી દોઝખ છે અને સૌથી ભયંકર અને કાળી છે અને એની આગ પણ ખૂબ જ કાળી તથા તેજ છે, તેમાં સાપ વિછી પુષ્કળ પ્રમાણમાં છે. તેને ગંધકના પથ્થરો વડે દરરોજ તપાવવામાં આવે છે, જો એ ગંધકનું એક ટીપુ દુનિયામાં આવી પડે છે તો તમામ પાણી સૂકાઈ જાય અને સર્વ પહાડો ઓગળી જાય ! અને તેની ગરમીથી જમીન ફાટી જાય ! હે મૂસા ! આવો અઝાબ તે લોકો માટે બનાવવામાં આવ્યો જેમાંથી એક તે જે નમાઝ અદા નથી કરતો અને બીજો તે જે મારા નામની જૂઠી કસમ ખાય છે.

## ★ સાચી કસમનો કફ્ફારો ! ★

પછી ફર્માવ્યું કે એક બુઝુર્ગ ખ્વાજા મુહમ્મદ અસ્લમ તૂસીએ

એકવાર કોઈ કામના માટે સાચી કસમ ખાધી. તે વખતે તે હાલતે સુકરમાં (બેહોશી જેવી) હતા. જ્યારે હાલતે સહવમાં (હોશમાં) આવ્યા તો પૂછ્યું કે શું મેં આજે કસમ ખાધી છે ? કહ્યું, હા ! ફર્માવ્યું, કેમ કે **આજે સાચી કસમ ખાવા માટે મારા નફસે હિંમત કરી છે તો કાલે જૂઠી કસમની હિંમત કરશે, એટલા માટે બેહતર છે કે જ્યાં સુધી હું જીવંત રહીશ ત્યાં સુધી વાત જ કરીશ નહીં !** ત્યારબાદ ચાલીસ વરસો સુધી જીવંત રહ્યા પરંતુ કોઈની સાથે વાત ન કરી. આ તે સાચી કસમનો કફ્ફારો હતો ! જે એમણે એકવાર ખાધી હતી.

ત્યારબાદ દુઆગોએ અરજ કરી કે તે બુઝુર્ગને જરૂરત પડતી હતી તો શું કરતા હતા ? ફર્માવ્યું, ઈશારાઓ વડે કામ લેતા હતા. જ્યારે આ ફવાઈદ ખત્મ થયા તો સૌ આદાબ બજાવી લાવીને પોતાને ઘરે પરત થયા અને ખ્વાજા સાહબ યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા.

**નોંધ** : *હે ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہ ની મહોબ્બતનો દમ ભરનારાઓ ! કેવળ જીભ વડે "હમ ખ્વાજા વાલે હૈં !"નો દાવો ન કર્યા કરો ! બલ્કે ખ્વાજા સાહબનાં આ કથનો વાંચીને તમારા જીવનની ઢબને સુધારો અને નમાઝના પાબંદ બનો અને જૂઠ બોલવાથી બચો ! બેનમાઝી પર ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہ હજારો અફસોસ વ્યક્ત કરે છે ! અને જૂઠ બોલનારની બુરાઈ પણ ફરી ફરી વાંચો અને શરીઅતના પાબંદ બની જાવ ! અને તમામ ગુનાહોથી તૌબા કરી લો. –અનુવાદક*

(મજલિસ : ૦૪)

## ★ મહોબ્બતમાં સાચા કોણ ? ★

સોમવારના દિવસે કદમબોસીનો શરફ હાંસલ થયો. એ દિવસે શેખ શહાબુદ્દીન સુહરવર્દી ખ્વાજાએ અજલ શીરાઝી અને શયખ સૈફુદ્દીન બાખરઝી رحمۃ اللہ علیہم اجمعین ઝિયારતના માટે આવ્યા હતા. એના બારામાં વાત શરૂ થઈ કે મહોબ્બતમાં સાચો કોણ પુરવાર થાય છે. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મહોબ્બતમાં સાચો તે ઠરે છે કે જે દોસ્તના તરફથી મુસીબત આવે તો શોખપૂર્વક તેને કબૂલ કરી લે. ત્યારબાદ શયખ શહાબુદ્દીન સુહરવર્દીએ ફર્માવ્યું કે મહોબ્બતમાં સાચો તે હોય છે કે જેનામાં શોખ તથા ઈશ્તિયાક એટલા પ્રમાણમાં સવાર હોય કે લાખ તલ્વારો પણ તેના માથા પર મારવામાં આવે તો તેને કાંઈ ખબર ન પડે.

ત્યારબાદ ખ્વાજા શીરાઝીએ ફર્માવ્યું કે અલ્લાહની દોસ્તીમાં તે શખ્સ સાચો છે કે જો તેને રજકણ રજકણ કરી દેવામાં આવે અને આગમાં સળગાવીને રાખ કરી દેવામાં આવે તો પણ ઉફ ન કરે.

ત્યારબાદ શયખ સૈફુદ્દીન બાખરઝીએ ફર્માવ્યું કે અલ્લાહની દોસ્તીમાં તે જ શખ્સ સાચો છે કે જેના પર હમેશાં ચોટ વાગે અને દોસ્તના મુશાહેદામાં તે ચોટને ભૂલી જાય અને એના પર કોઈ અસર ન થાય. પછી શયખુલ ઈસ્લામ ખ્વાજા મોઈનુદ્દીન رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે આ વાત શયખ શહાબુદ્દીનમાં જોવા મળે છે, એટલા માટે કે અસ્રારે અવલિયામાં મેં લખેલું જોયું કે એકવાર રાબિઆ બસરિયહ, ખ્વાજા હસન બસરી, માલિક દીનાર અને ખ્વાજા શફીક બલ્ખી رحمۃ اللہ علیہم اجمعین સૌ બસરામાં એક જગાએ બેઠાં

હતાં અને સાચી મહોબ્બતના બારામાં ચર્ચા થઈ રહી હતી. ખ્વાજા હસન બસરીએ ફર્માવ્યું કે મૌલાની દોસ્તીમાં સાચો તે શખ્સ છે કે જ્યારે તેને રંજ તથા દર્દ થાય તો સબ્ર કરે. રાબિઆએ ફર્માવ્યું કે હે ખ્વાજા ! એનાથી ઘમંડની બૂ આવે છે. પછી માલિક઼ દીનારે ફર્માવ્યું કે મૌલાની દોસ્તીમાં તે સાચો છે જે દરેક બલામાં જે દોસ્તના તરફથી એના ઉપર આવે તેનાથી રઝાતલબી કરે અને રાજી રહે. રાબિઆએ કહ્યું, આનાથી બેહતર હોવું જોઈએ.

ત્યારબાદ ખ્વાજા શફીક઼ે ફર્માવ્યું કે મૌલાની દોસ્તીમાં તે શખ્સ સાચો છે કે જો તેને રજકણ રજકણ પણ કરી દેવામાં આવે તો પણ ઉફ ન કરે. રાબિઆએ ફર્માવ્યું કે જ્યારે તેને રંજો ગમ પહોંચે તો તેને તે દોસ્તના મુશાહેદામાં ભૂલી જાય. પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે હું પણ આ વાતનો ઈકરાર કરું છું. શૈખ સઈદુદીન બાખરઝીએ ફર્માવ્યું કે સાચી મહોબ્બત આનુ નામ છે.

## ★ હસવા વિશે ચર્ચા ★

પછી હાસ્યના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અસલમાં હંસી તથા અટ્ટહાસ્ય એક કબીરા ગુનોહ છે તે જ હંસી તથા અટ્ટહાસ્ય અહલે સુલૂકમાં છે. ફર્માવ્યું કે હંસી તથા અટ્ટહાસ્ય જાઈઝ તો છે પરંતું ક઼બ્રસ્તાનમાં ન થવું જોઈએ કેમ કે તે ઈબ્રતનો (બોધ લેવાનો) મક઼ામ છે ન કે ખેલકૂદનો. હદીષમાં આવ્યું છે કે જ્યારે કોઈ શખ્સ ક઼બ્રસ્તાનથી પસાર થાય છે તો મુડદાં કહે છે કે હે ગાફિલ ! **જો તને ખબર થઈ જાય કે તને આવું બધું ઉપસ્થિત થવાનું છે તો તારા શરીરનો ગોશ્ત તથા ચામડી ખરી પડે !**

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવાર હું અને અવહદ કિર્માનમાં મુસાફિર હતા ત્યાં એક વૃધ્ધને જે હદથી વધુ

વયવાળા, સાહિબે નેઅમત તથા યાદે ઈલાહીમાં મશગૂલ જોયા. પરંતું જેવા એ બુઝુર્ગને મશગૂલ જોયા એવા કદી પણ નથી જોયા. તેમને જ્યારે મેં જોયા તો સલામ કરી, જણાયુ કે એમનામાં ગોશ્ત તદ્દન છે જ નથી કેવળ રૂહ જ રૂહ છે. એ બુઝુર્ગ વાત પણ ખૂબ જ ઓછી કરતા હતા. મારા દિલમાં ખયાલ આવ્યો કે એ બુઝુર્ગને હક઼ીક઼ત પૂછું કે તમે આવા દુબળા તથા અશક્ત શાથી થઈ ગયા છો ? તે રોશનઝમીર હતા જેથી હું પૂછું તે પહેલાં પોતે જ ફર્માવ્યું કે હે દરવેશ ! એક દિવસે હું એક મિત્રની સાથે ક઼બ્રસ્તાનથી પસાર થયો. એક ક઼બ્રની નજીક થોડીવાર રોકાયા. જ્યારે બેઠા તો આકસ્મિક રીતે કોઈ વાત એવી થઈ જેના સબબે મને હંસી આવી અને અટ્ટહાસ્ય સાથે હસી પડયો. ક઼બરેથી અવાજ આવ્યો, હે ગાફેલ ! જેનો આવો દરવેશનો મક઼ામ હોય અને એનો હરીફ મલકુલ મૌત હોય અને એનો ગમખ્વાર માટીની નીચે સાપો અને વીછીઓની વશમાં હોય, તેને હાસ્ય સાથે શું લેવા દેવા ?! જેવો કે અવાજ સાંભળ્યો તેવો હું ધીમેથી ઉભો થયો અને દોસ્તનો હાથ ચૂમીને તેને તો રવાના કર્યો અને ખૂદ નમાઝમાં આવીને બેઠો અને એ ભય હેઠળ પોતે પીગળવાનું શરૂ કર્યું. **આજે ચાલીસ વરસો થવા આવ્યાં કે મેં એ શરમના કારણે આકાશની તરફ નથી જોયું અને ન તો સ્મિત કર્યું. હું શર્મિંદો છું કે ક઼યામતના દિવસે શું મોઢું બતાવીશ ?!**

ત્યારબાદ એના બારામાં આપે એક બુઝુર્ગની હિકાયત સંભળાવી જેને ખ્વાજા અતા સલ્લમી કહે છે અને જેમણે ચાલીસ વરસો સુધી આસ્માનની તરફ જોયું ન હતું. જ્યારે સબબ પૂછવામાં આવ્યો કે શા માટે આટલા પ્રમાણમાં રડો છો ? તો કહ્યું, ક઼બ્રના અને ક઼યામતના ખૌફથી.

ત્યારબાદ તેમને આસ્માનો તરફ ન જોવાનુ કારણ પૂછવામાં આવ્યું તો કહ્યું કે મને શરમ આવે છે કેમ કે મેં પુષ્કળ ગુનાહો કર્યા છે. અને મજલિસોમાં અટ્ટહાસ્યો કર્યા છે, એટલા માટે હું ઉપરની તરફ નથી જોતો અને ન તો આસ્માનની તરફ જોઊં છું. આ હિકાયત પછી એક અન્યની હિકાયત વર્ણવી કે ખ્વાજા મૂસલી જે બંદાએ તરીક઼ત હતા, આઠ વરસો સુધી રડતા રહ્યા જેથી આપના ચહેરા પર ગોશત ન રહ્યો. જયારે વફાત બાદ ખ્વાબમાં જોઈને પૂછવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ આપની સાથે શો વર્તાવ કર્યો ? કહ્યું, બખ્શી આપ્યો, પરંતું જ્યારે ઉપર ગયા અને અર્શની નીચે પહોંચ્યા તો મેં સજદો કર્યો પરંતું ડરતો હતો અને કાંપતો હતો. અવાજ આવ્યો કે ફતહ ! તું આટલા પ્રમાણમાં શા માટે રડે છે, શું મારું ગફફાર હોવું તારી જાણમાં નથી ? મેં માથુ સજદામાં રાખી દીધું અને દુઆ કરી કે પરવરદિગાર ! મને જાણ તો હતી પણ હું ક઼બ્રના અઝાબ, ક઼બ્રની ભયાનક્તા અને મલકુલ મૌતની સખ્તીથી ડરીને રડતો હતો કે આટલી સાંકડી ક઼બ્રમાં મારી શું હાલત થશે ?! ત્યારબાદ હુકમ થયો કે એનાથી તું ડરતો હતો, પરત ચાલ્યો જા કે મેં તને એનાથી છૂટકારો આપ્યો અને તને બખ્શી આપ્યો.

પછી ફર્માવ્યું કે એકવાર સબુસ્તાનમાં ખ્વાજા ઉષ્માન હારૂનીની સાથે સફર કરી રહ્યા હતા. એક ઝુપડીમાં એક દરવેશ શયખ સદરુદ્દીન મુહમ્મદ અહમદ સવીસ્તાનીને જોયા જે અતિશય કક્ષાએ યાદે ઈલાહીમાં મશગૂલ હતા અને ઉમર વાળા હતા. હું થોડા દિવસ એમની સોહબતમાં રહ્યો. જે શખ્સ ઝુપડીમાં આવતો તે મેહરૂમ ન જતો, આલમે ગયબથી કાંઈ ન કાંઈ તેને આપતા. અને એવું કહેતા કે આ દુરવેશને ઈમાનની દુઆથી યાદ કરો, જો હું ઈમાનને ક઼બ્રમાં સલામત લઈ જઈશ તો જાણો હું મહાન કામ કરીશ. સારાંશ કે જ્યારે તે બુઝુર્ગ મૌત તથા ક઼બ્રની ભયાનક્તાને

સાંભળતા તો નેતરની જેમ કાંપતા એમની આંખોએથી લોહીનાં આંસૂ વહેવા માંડતાં જાણે કે પાણીનું ઝરણુ છે ! ત્યારબાદ સાત રાત દિવસ સુધી રડતા રહેતા, પરંતું ઉભા રહીને અને આંખો આસ્માનની તરફ રાખીને કે એનું રડવું જોઈને અમને પણ રડવું આવી જતું. જ્યારે રડવાથી ફારિગ થતા તો બેસીને અમારા તરફ ફરીને કહેતા, હે અઝીઝો ! જેને મૌત આવવાની છે અને મલકુલ મૌત જેવો હરીફ એનો પીછો કરી રહેલ છે અને કયામતના દિવસ જેવો દિવસ ઉપસ્થિત થવાનો છે તેને ઊંઘ તથા આરામ અને ખુશ દિલી સાથે શું લેવા દેવા ! અને અન્ય કામોમાં મશગૂલ થવું તેને કઈ રીતે સારું જણાય છે ?! પછી ફર્માવ્યું, **હે અઝીઝો ! જો તમને મુડદાંઓનો હાલ જે કીડીઓ તથા સાપોના વશમાં છે અને માટીના કૈદખાનાંઓમાં બંધ છે તે રજમાત્ર પણ માલૂમ થઈ જાય કે તેમની સાથે શું મામલો થઈ રહ્યો છે તો ઉભા ઉભા મીઠાની જેમ ઓગળી જાવ !**

પછી ફર્માવ્યું, હે અઝીઝો ! મેં એકવાર બસરામાં એક બુઝુર્ગને જોયા જે હદ ઉપરાંત યાદે ઈલાહીમાં મશગૂલ હતા. તેમની સાથે હું કબ્રસ્તાનમાં ગયો. તે સાહિબે કશ્ફ હતા. એક કબ્રની પાસે અમે બંનેવ બેસી ગયા. શું જોઈએ છીએ કે ફરિશ્તા એ મુડદાને ઘણો જ સખત અઝાબ કરી રહ્યા છે. જ્યારે એ બુઝુર્ગે જોયું તો નારો મારીને પડી ગયા. જ્યારે મેં જોયું તો માલૂમ પડયું કે તે મૃત્યુ પામ્યા છે અને એક ઘડી બાદ મીઠાની જેમ ઓગળી પાણી બનીને અદશ્ય થઈ ગયા ! જેવો ખૌફ બુઝુર્ગ પર છવાતો જોયો તેવો કોઈની અંદર ન જોયો હતો ન સાંભળ્યો હતો.

પછી ફર્માવ્યું કે હું મારા પોતાનામાં એવો ખોવાયેલો છું કે દરરોજ પોતે પોતાનામાં ઓગળુ છું. ત્રીસ વરસો પછી મેં તમારી

સાથે વાતચીત કરી છે. તો હે અઝીઝો ! જેવી રીતે લોકો દુનિયામાં મશ્ગૂલ રહે છે એ જ પ્રમાણે કેમ પોતાના કામમાં મશ્ગૂલ નથી થતા ? કેમ કે જેટલા પ્રમાણમાં લોકોમાં મશ્ગૂલ થાય છે એટલા પ્રમાણમાં ખાલિક઼થી દૂર જઈને પડે છે. તો જઈને તોશાની તૈયારી કરો, કેમ કે આપણા સૌના સામે એક દિવસ આવનારો છે શક્ય છે કે આપણે ઈમાન સલામત લઈ જઈએ. આમ કહીને બે ખજૂરો જે એમની પાસે હતી તે મને આપી અને ખૂદ ઉઠીને રડવામાં વ્યસ્ત થઈ ગયા, અને પછી આલમે તહય્યુરમાં મશ્ગૂલ થઈ ગયા. ત્યારબાદ ખ્વાજા સાહબ ચોધાર આંસૂંએ રડયા અને ફર્માવ્યું, હે દરવેશ ! મને એ ખુદાની ક઼સમ ! જેના ક઼બજામાં મારી જાન છે કે એ દિવસથી લઈને આજ સુધી દરરોજ મૌત તથા ક઼બ્રની ભયાનક્તાથી ઓગળતો જઈ રહ્યો છું, મારી પાસે ન સવારી છે ન તોશો કે જેના લીધે ખૌફથી નચિંત થઈ જાઊં. પછી ફર્માવ્યું કે ક઼બ્રસ્તાનમાં જાણી જોઈને ખાવા ખાવું કે પાણી પીવું કબીરા ગુનોહ છે જે જાણી બુઝીને ખાય તે મલઊન અને મુનાફિક઼ છે, કેમ કે ક઼બ્રસ્તાન ઈબ્રતની જગા છે ન કે હંસી ગમ્મતની.

પછી એ જ મોક઼ાના મુનાસિબ આ હિકાયત બયાન ફર્માવી કે મેં ઈમામ યહ્યા અબુલ ખૈર ઝંદુસીના રોઝામાં લખેલુ જોયું છે કે પયગંબર ખુદા ﷺ ફર્માવે છે, **જેણે ક઼બ્રસ્તાનમાં કાંઈ ખાધુ અથવા પીધુ તે મલઊન તથા મુનાફિક઼ છે.**

ત્યારબાદ એ જ પ્રસંગને અનુરૂપ આ હિકાયત વર્ણવી કે એકવાર ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ ક઼બ્રસ્તાન પાસેથી પસાર થયા તો શું જુએ છે કે કેટલાક મુસલમાનો ક઼બ્રસ્તાનમાં બેસીને ખાય પી રહ્યા છે. પાસે જઈને પૂછયું કે ભાઈઓ ! તમે મુનાફિક઼ છો કે મુસલમાન ?! તેમને આ વાત ન ગમી જેથી ખ્વાજા હસન

બસરી સાહબ સાથે ખરાબ વર્તાવ કરવા ચાહ્યું. ખ્વાજા હસન બસરીએ ફર્માવ્યું કે મેં એટલા માટે પૂછયું છે કે હઝરત રિસાલત પનાહ ﷺ ફર્માવે છે, ''જે કબ્રસ્તાનમાં ખાય પીએ તે મુનાફિક઼ છે.'' એટલા માટે કે આ ઈબ્રતનો મક઼ામ છે. જેમ કે તમે જુઓ છો કે અહીં તમારા જેવા અને તમારાથી બેહતર લોકો માટીમાં સૂતેલા છે અને કીડીઓ અને સાપોના વશમાં છે, અને કૈ઼દમાં સપડાયેલા છે, તેમનો ગોશ્ત ચામડુ સડી ગયું છે અને તેમની સુંદરતા, ખૂબસૂરતી ધૂળમાં મળી ચૂકી છે. તમોએ તમારા હાથો વડે તે અઝીઝોને માટીમાં દફન કર્યા છે, તો તમારું દિલ કેવી રીતે ચાહે છે કે અહીં બેસીને ખાવા ખાવ અને ખેલ કૂદમાં મશ્ગૂલ થઈ જાવ ! ખ્વાજા હસન બસરીએ જ્યારે આવું કહ્યું તો સૌએ તરત જ તૌબા કરી અને કહ્યું, અમને માફ કરી દો ! અમે હવે એવું નહીં કરીએ.

ત્યારબાદ ખ્વાજા સાહબે એ જ પ્રસંગને અનુચિત એક અધિક હિકાયત વર્ણન કરી કે મેં રિયાહીનમાં લખેલુ જોયું છે કે એકવાર હઝરત રિસાલત મઆબ ﷺએ કેટલાક લોકોને જોયા જેઓ હંસી ખેલમાં મશ્ગૂલ હતા. આં હઝરત ﷺએ રોકાઈને સલામ કહી તો સૌ ભેગા થઈ ગયા અને ગુલામોની જેમ હાથ બાંધીને ઉભા થઈ ગયા. આં હઝરત ﷺએ પૂછયું, ભાઈઓ ! શું તમે મૌતથી બેખૌફ થઈ ગયા ? સૌએ એક ઝબાને અર્ઝ કરી, નહીં ! પૂછયું, પુલસિરાત પરથી પસાર થઈ ગયા ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું તો પછી શા માટે હંસી તથા ખેલકૂદમાં મશ્ગૂલ છો ? આં હઝરત ﷺની નસીહતથી એમના પર એવી અસર પડી કે ત્યારબાદ તેમનામાંથી કોઈને કોઈએ હસતાં નથી જોયો.

પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે મશાઈખે તબક઼ાત, અવલિયાએ

સિફાતે તરીકત, ઈમામાને દીન અને ખ્વાજગાને મઅરેફત દુનિયા તથા તેમાં જે કાંઈ છે તેનાથી બેઝાર છે, કેમ કે તેમને ભયાનક તથા હેરતનાક અઝાબ દેખાય આવે છે.

## ★ મુસલમાનને તકલીફ આપવા વિશે ★

પછી ફર્માવ્યું કે મર્તબાએ સોમમાં જેને સુલૂકવાળા પણ કબીરા ગુનોહ ખયાલ કરે છે તે એ છે કે, ''એનાથી વધીને કોઈ કબીરા ગુનોહ નથી કે મુસલમાન ભાઈને વિના સબબે તકલીફ આપવામાં આવે. જેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે :–

**وَالَّذِيْنَ يُؤْذُوْنَ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ بِغَيْرِ مَا اكْتَسَبُوْا**
**فَقَدِ احْتَمَلُوْا بُهْتَانًا وَّاِثْمًا مُّبِيْنًا**

*''અને જેઓ ઈમાનવાળા પુરૂષો તથા સ્ત્રીઓને વિના વાંકે સતાવે છે તેઓએ બોહતાન તથા ઉઘાડો ગુનોહ પોતાના માથે લીધો.'' (પારા : ૨૨, સૂરએ અહઝાબ, આયત : ૫૮)*

મુસલમાન ભાઈને સતાવવું કબીરા ગુનોહ છે એમાં ખુદા વ રસૂલ બંનેવ નારાજ થાય છે.

ત્યારબાદ ખ્વાજા સાહબે હિકાયત ફર્માવી કે એક બાદશાહે પ્રજા પર જુલ્મો સિતમ કરીને દેશને બર્બાદ કરી રાખ્યો હતો અને ઘણી તકલીફ આપતો હતો. મુદ્દત બાદ એ જ બાદશાહને બગદાદમાં કંકરી મસ્જિદ પાસે ઉભેલા જોયો કે માથુ તથા દાઢીના વાળ વિખરાયેલા છે અને ધૂળમાં ભળેલો છે. અગાઉની હાલત તદ્દન બદલાય ચૂકી છે અને શરીર પર માટી નાખેલી છે. એક શખ્સે તેને ઓળખીને પૂછયું કે તું તે જ બાદશાહ છે જે મક્કામાં લોકો પર જુલ્મો સિતમ કરતો હતો ?! શર્મિંદા થઈને જવાબ આપ્યો, તેં મને કેવી રીતે ઓળખી કાઢયો ? કહ્યું, તે દિવસે મેં તને નેઅમત

તથા દૌલતમાં જોયો છે જ્યારે તું ખુદાની મખ્લૂક પર રહેમ કરતો ન હતો, બલ્કે ઉલ્ટો જુલ્મો સિતમ કરતો હતો. કહ્યું, હા ! હું તે સમયે ખુદાની નિઃસહાય મખ્લૂકને તકલીફ પહોંચાડતો હતો અને તેમના પર જુલ્મ કરતો હતો એટલા માટે મારા કર્યાની સજા પામી લીધી.

ત્યારબાદ ખ્વાજા સાહબે એક અધિક હિકાયત વર્ણવી કે એકવાર બગદાદમાં દરિયા કિનારે એક ઝુપડી જોઈ જેમાં એક બુઝુર્ગ રહેતા હતા. જ્યારે હું ઝુપડીમાં આવ્યો તો સલામ કહી. સલામનો જવાબ તેમણે ઈશારાથી આપ્યો અને ઈશારામાં જ કહ્યું, બેસી જાવ ! થોડીકવાર હું બેઠો તો મને સંબોધ્યું કે હે દરવેશ! લગભગ ૫૦ વરસોથી મેં એકાંત ખૂણો (ગોશાનશીની) અપનાવ્યો છે. જે રીતે તમે દુનિયામાં સફર કરી રહ્યા છો એ પ્રમાણે હું સફર કરતો હતો. મેં એક દુનિયાદાર ઉમરવાળાને એક શહેરમાં જોયો જે ખુદાની મખ્લૂકને લેણદેણમાં સતાવતો હતો. મેં તેને કાંઈ ન કહ્યું કે ન તેનાથી અટકાવ્યો અને હું જોઈને ચાલ્યો ગયો. ફરિશ્તાએ અવાજ આપ્યો, હે દરવેશ ! જો હક્કને ખાતર આ દુનિયાદારને કહી આપત કે, "અલ્લાહ  તઆલાથી ડર ! અને લોકો સાથે જુલ્મ ન કર ! તો તે તારા કહેવાથી રોકાઈ જાત. પરંતું તું એ વાતથી ડરી ગયો કે તે દુનિયાદાર તારા પર જે મહેરબાની કરતો હતો તે કદાચ ન કરે !" જ્યારથી મેં ગયબનો અવાજ સાંભળ્યો ત્યારથી શરમનો માર્યો કેટલાય વરસોથી આ ઝુપડીમાં રહું છું અને કદમ બહાર નથી રાખતો. હું એ અંદેશામાં છું કે જો કયામતમાં મને આ મામલાના બાબતે પૂછવામાં આવશે તો શો જવાબ આપીશ ?! વળી હે દરવેશ ! એ દિવસથી મેં કસમ ખાધી છે કે હું કોઈ બાજુ નીકળીશ નહીં જેથી કોઈ કાર્યને જોઈને તેનો ગવાહ ન બનવું પડે.

ત્યારબાદ જ્યારે સાંજનો સમય થયો તો તેના માટે જવની બે રોટીઓ, એક પ્યાલો અને એક કૂજો પાણીનો ઉતર્યો. મેં તથા એ ફકીરે ભેગા બેસી ઈફતાર કર્યો. જ્યારે હું ત્યાંથી રવાના થયો તો તેણે બે સફરજન મુસલ્લા નીચેથી કાઢીને મને આપ્યાં અને હું આદાબ બજાવી લાવીને પરત ચાલ્યો આવ્યો.

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે **સુલૂકમાં** ચોથો મર્તબો એ છે કે **એ પણ કબીરા ગુનોહ છે કે જ્યારે અલ્લાહ તઆલાનું નામ સાંભળે અથવા કલામુલ્લાહ સાંભળે તો એનું દિલ નરમ ન થાય, અને અલ્લાહના ડરથી તેના ઈમાની એતેક઼ાદ (વિશ્વાસ)માં વધારો ન થાય.** તો જો અયાઝન્ બિલ્લાહ ! ઝિક્રે ઈલાહી, કુર્આન મજીદ સાંભળતી વખતે સાંભળનારાઓનું દિલ નરમ ન થાય અથવા તેમના ઈમાનનો એતેક઼ાદ ન વધે, બલ્કે હંસી ખેલકૂદમાં વ્યસ્ત રહે તો કબીરા ગુનોહ છે. જેમ કે ખૂદ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**اِنَّـمَا الْـمُؤْمِنُوْنَ الَّذِيْنَ اِذَ اذُكِرَاللّٰهُ وَجِلَتْ قُلُوْبُهُمْ وَاِذَ**
**تُلِيَتْ عَلَيْهِمْ اٰيٰتُهٗ زَادَتْهُمْ اِيْمَانًا وَّعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ۔**

*"ઈમાનવાળા તે જ છે કે જ્યારે અલ્લાહને યાદ કરવામાં આવે (ત્યારે) તેમના હૃદયો ડરી જાય અને જ્યારે તેમની પાસે તેની આયતો પઢવામાં આવે ત્યારે તેમનું ઈમાન પ્રગતિ પામે, અને પોતાના રબ પર જ ભરોસો રાખે." (પારા : ૯, સૂરએ અન્ફાલ, આયત : ૨)*

ઈમામ ઝાહિદ તફસીરમાં લખે છે કે આ આયતનો અર્થ એ છે કે હક઼ીક઼તમાં મોમિન તે લોકો છે કે જ્યારે અલ્લાહ તઆલાનું નામ સાંભળે છે તો તેનો ઈમાનમાં એતેક઼ાદ (યક઼ીન) અધિક થાય છે. જે વખતે ઝિક્રે ઈલાહી અથવા કલામે ઈલાહી સાંભળે છે તે

વખતે જેઓ હસે છે તેઓ જરૂર જરૂરથી મુનાફિક઼ છે.

પછી એ પ્રસંગને અનુરૂપ ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺએ કેટલાક માણસોને જોયા કે ઝિક્રે ખુદા કરે છે પણ હંસી તથા ખેલકૂદમાં વ્યસ્ત છે, અને ઝિક્રથી એમનાં દિલ નરમ નથી થતાં. આં હઝરત ﷺએ ઉભા થઈને ફર્માવ્યું, આ મુનાફિક઼ોનો ત્રીજો ગિરોહ છે જેમનું દિલ કલામે ઈલાહી સાંભળતી વખતે નરમ નથી થતું.

પછી હિકાયત વર્ણવી કે ઈબ્રાહીમ ખવાસે કેટલાક માણસોને જોયા જેઓ ઝાકિર હતા અને બેસીને ઝિક્ર કરી રહ્યા હતા. જેવું ખ્વાજા સાહબે અલ્લાહ તઆલાનું નામ સાંભળ્યું તો એવો શોખ તથા દર્દ પેદા થયું કે રક્સ કરવા લાગ્યા. સાત દિવસ રાત રક્સ કરતા રહ્યા અને બેહોશ થઈ જતા, જે વખતે હોશમાં આવતા પછી ખુદાનું નામ ઝબાન પર લાવતા ફરી બેહોશ થઈ જતા. જ્યારે હોશમાં આવ્યા તો તાજુ વુઝૂ કરીને બે રકાત નમાઝ અદા કરી અને માથુ સજદામાં રાખીને "યા અલ્લાહ !" કહ્યું અને અલ્લાહને પ્યારા થઈ ગયા.

ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہએ આ શેઅર પઢયો :–

**(અર્થ)** : *"આશિક઼ દોસ્તની ખ્વાહિશમાં બેહોશ હતો, અને પોતાની મહોબ્બતના અતિરેકમાં બેહોશ હતો. ખુશી એ વખતે કે મખ્લૂક઼ જ્યારે પરેશાન હશે તારું નામ દિલો દિમાગમાં મહેફૂઝ રહેશે."*

ત્યારબાદ ખ્વાજા સાહબે આ હિકાયત વર્ણવી કે એકવાર ખ્વાજા ચિશ્ત رحمۃ اللہ علیہની ખાનક઼ાહમાં અમુક દરવેશ સાહિબે મજાલ વ નેઅમત મજલિસમાં હાજર હતા અને હું પણ મૌજૂદ હતો. આ જ શેઅર પઢી રહ્યા હતા. હું તથા તે દરવેશ આ શેઅરને

સાંભળવાથી સાત દિવસ રાત બેહોશ રહ્યા અને રક્સ કરતા રહ્યા. જ્યારે પઢનારા અન્ય શેઅર પઢવા ચાહતા તો અમે આ જ કહેવડાવતા. એ દરવેશોમાંથી બે તો એવા બેખબર થઈ ગયા કે જમીન પર ગબડી પડયા અને દરમ્યાનથી ગાયબ થઈ ગયા. જ્યારે ખ્વાજા સાહબે આ ફવાઈદને ખત્મ કર્યા તો તિલાવતમાં મશ્ગૂલ થઈ ગયા. اَلْحَمْدُ اللّٰہِ عَلٰی ذٰلِکَ

(મજલિસ : ૦૫)

## ★ માબાપને જોવું ઈબાદત ! ★

સોમવારના દિવસે ક઼દમબોસીની દૌલત નસીબ થઈ. શયખ જલાલુદ્દીન શયખ મુહમ્મદ ઓહદ ચિશ્તી અને અન્ય બુઝુર્ગ ખિદમતમાં હાજર હતા અને વાત એના બારામાં થઈ રહી હતી કે **પાંચ ચીજાને જોવું ઈબાદત**માં સામેલ છે. ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એ પાંચમાંથી **પ્રથમ** એ છે કે **પોતાના માબાપનો ચહેરો જોવો.** એટલા માટે કે હદીષમાં છે કે જે ફરઝંદ મહોબ્બત સાથે પોતાના માબાપનો ચહેરો જુએ તેના આમાલનામામાં હજનો સવાબ લખવામાં આવે છે. ત્યારબાદ ફર્માવ્યું કે એક ફાસિક઼ તથા બદકાર યુવાન મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોયો કે હાજીઓની સાથે જન્નતમાં ટહેલી રહ્યો છે. લોકોને આશ્ચર્ય થયું અને સબબ પૂછયો તો તેણે કહ્યું કે મારી વૃધ્ધા મા હતી. જ્યારે હું ઘરથી નીકળતો તેણીના ક઼દમો (ગોદમાં) પર માથુ રાખી દેતો. મા દુઆ આપતી કે અલ્લાહ તઆલા તને બખ્શી આપે અને હજનો સવાબ તને નસીબ કરે. અલ્લાહ તઆલાએ તેણીની દુઆ ક઼બૂલ કરી લીધી અને મને બખ્શી આપ્યો.

હવે હું હાજીઓની સાથે જન્નતમાં ટહેલી રહ્યો છું.

ત્યારબાદ એક અન્ય હિકાયત વર્ણવી કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આ મર્તબો આપને કઈ રીતે મળ્યો ? તો ફર્માવ્યું કે, હું હજી સાત વરસનો હતો ત્યારે મસ્જિદમાં ઉસ્તાદથી કુર્આન શરીફ પઢવા જતો હતો. જ્યારે આ આયત પર પહોંચ્યો : بِالْوَالِدَيْنِ اِحْسَانًا તો ઉસ્તાદને એનો મતલબ પૂછયો. ફર્માવ્યું, અલ્લાહનો હુકમ છે કે જેવી રીતે મારું આજ્ઞાપાલન કરો છો તેવી રીતે માબાપનું આજ્ઞાપાલન કરો. આ સાંભળતાં જ દફતર બાંધીને ઘરે આવ્યો અને માના કદમો (ગોદ)માં પર માથુ રાખી દીધું કે હે મા ! મેં સાંભળ્યું છે કે અલ્લાહ તઆલાએ એવું ફર્માવ્યું છે કે અલ્લાહ તઆલાથી મારા માટે કાંઈક માંગ હું સંપૂર્ણપણે તારી ખિદમત કરીશ. જ્યારે માને આવી દરખાસ્ત કરી તો તેણીએ રહમ ખાઈને બે રકાત પઢયા બાદ મારો હાથ પકડીને કિબ્લા રુખ થઈને ખુદા તઆલાને સોંપ્યો. આ દૌલત મને ત્યાંથી નસીબ થઈ જેનો સબબ માની દુઆ હતી.

બીજુ એ કે એકવાર ઠંડીની રાતમાં મારી માએ પાણી માગ્યું. હું કૂજો ભરીને હાથ પર રાખીને હાજર થયો, પરંતું મા મારી સૂઈ ગયાં. મેં ન જગાડયાં. તો રાતના અંતિમ હિસ્સામાં જાગી ગયાં અને મને કૂજો લઈને ઉભેલો જોયો. જ્યારે મારી પાસેથી કૂજો લીધો તો ઠંડીના માર્યા મારા હાથ કૂજા સાથે ચોંટી ગયા હતા. માએ દયા ખાઈને મારુ માથુ બગલમાં લઈ લીધું અને છાતીએ લગાડી બોસો આપ્યો. હે જાને માદર ! તેં ઘણી જ તકલીફ ઉઠાવી ! આમ કહીને મારા હક઼માં દુઆ કરી કે અલ્લાહ તઆલા તને બખ્શે. મારી માની દુઆ કબૂલ થઈ અને આ સર્વ દૌલત (મર્તબો) એ જ દુઆના કારણે નસીબ થયાં.

## ★ કુર્આનેપાકને જોવું ઈબાદત ! ★

ત્યારબાદ ફર્માવ્યું કે **કુર્આન શરીફને જોવું ઈબાદત છે.** એટલા માટે કે 'શરહે અવલિયા'માં મેં લખેલુ જોયું છે કે જે શખ્સ કલામુલ્લાહ શરીફની તરફ જુએ છે અથવા પઢે છે, અલ્લાહ તઆલા ફર્માવે છે કે તેને બમણો સવાબ આપો, એક કુર્આન શરીફ પઢવાનો અને બીજો કુર્આન શરીફ જોવાનો, અને દરેક હર્ફના બદલે દસ નેકીઓ અતા થાય છે, અને દસ ગુનાહો મિટાવવામાં આવે છે. ત્યારબાદ દુઆગોએ (હઝરત બખ્તિયાર કાકીએ ખ્વાજા સાહબને) અરજ કરી કે કુર્આન શરીફ લશ્કર તથા સફરમાં સાથે લઈ જઈ શકાય કે નહીં ? ફર્માવ્યું, ઈસ્લામના પ્રારંભમાં કેમ કે કાફિરોનો પ્રભાવ હતો એટલા માટે આં હઝરત ﷺ કુર્આન શરીફ સાથે લઈ જતા ન હતા કે ક્યાંક કાફિરોના હાથે જતુ રહે, પરંતું જ્યારે ઈસ્લામનો પ્રભાવ છવાયો તો પછી સાથે લઈ જતા હતા.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે સુલ્તાન મહમૂદ ગઝનવીને વફાત બાદ ખ્વાબમાં જોઈને પૂછવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ આપની સાથે કેવો સુલૂક કર્યો ? ફર્માવ્યું, એક રાતે એક શખ્સને ત્યાં મહેમાન હતો. એક તાખલામાં કુર્આન શરીફ રાખેલુ હતું. મેં દિલમાં કહ્યું કે, અહીં કુર્આન શરીફ છે તો હું કેવી રીતે સૂઈ શકીશ ?! પછી વિચાર્યું કે કુર્આન શરીફ બીજા મકાનમાં (રૂમમાં) રાખી દેવામાં આવે. પછી ખયાલ આવ્યો કે મારા આરામને ખાતર શાથી એને બહાર કરી દઉં ?! (અને સૂતો નહીં) તો મૃત્યુ સમયે એના ખાતર મને બખ્શી દેવામાં આવ્યો.

ત્યારબાદ ફર્માવ્યું કે **જે શખ્સ કુર્આન શરીફને જુએ છે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી તેની દૃષ્ટિ (બીનાઈ)**

**તેજ થઈ જાય છે અને તેની આંખ કદી નથી દુઃખતી અને ન સૂકાઈ જાય છે.** ત્યારબાદ ફર્માવ્યું કે મેં જામિઉલ હિકાયાતમાં લખેલુ જોયું છે કે આગલા જમાનામાં એક ફાસિક્ યુવાન હતો જેની બદ્કારીથી મુસલમાનોને નફરત થતી હતી. એને ખૂબ જ મના કરતા પણ એક ન સાંભળતો. સારાંશ જ્યારે તે મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોવામાં આવ્યો કે માથા પર તાજ રાખીને, ખિર્કો પહેરીને ફરિશ્તાઓની સાથે જન્નતમાં જઈ રહ્યો છે. તેને પૂછવામાં આવ્યું કે તું તો બદ્કાર હતો તો તને આ દૌલત ક્યાંથી નસીબ થઈ ?! જવાબ આપ્યો કે દુનિયામાં મારાથી એક નેકી થઈ તે એ કે જ્યાં ક્યાંક કુર્આન શરીફ જોઈ લેતો તો ઊભો રહીને ઘણી જ ઈજ્જતની નજરોથી એને જોતો. અલ્લાહ તઆલાએ મને એના સબબે બખ્શી આપ્યો અને આ દરજ્જો અર્પણ કર્યો.

## ★ આલિમે દીનને જોવું ઈબાદત ! ★

ત્યારબાદ (ખ્વાજા સાહબે) ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જે દિલમાં આલિમો તથા મશાઈખ (શરીઅતના પાબંદ સાચા પીરો)ની મહોબ્બત હોય તેના આમાલનામામાં **હજાર સાલની ઈબાદતનો સવાબ** લખી દેવામાં આવે છે. જો તે એ જ હાલતમાં મરી જાય તો તેને આલિમોનો દરજ્જો મળે છે અને એ મકામનું નામ ઈલ્લીય્યીન હોય છે. વળી ફતાવા ઝહીરિય્યહ્માં લખેલું જોયું છે કે પયગંબરે ખુદા ﷺ ફર્માવે છે કે, ''જે શખ્સ આલિમોને ત્યાં આવજા રાખે અને સાત દિવસ તેમની ખિદમત કરે તેના **સર્વ ગુનાહો અલ્લાહ તઆલા બખ્શી આપે છે અને સાત હજાર વરસની નેકી તેના આમાલનામામાં લખે છે,** એવી નેકી કે દિવસે રોઝા રાખે અને રાતે (નમાઝમાં) ઉભો રહીને પૂરી કરી દે.'' (સુબ્હાનલ્લાહ !)

### ★ આલિમના ગુસ્તાખનો અંજામ ! ★

પછી હિકાયત વર્ણવી કે પહેલાંના જમાનામાં એક માણસ હતો જે આલિમો તથા શયખોને જોઈને હસદના કારણે મોઢું ફેરવી લેતો હતો. જ્યારે તે મૃત્યુ પામ્યો તો લોકોએ તેનું મોઢું ક઼િબ્લા તરફ કરવા ચાહ્યું પરંતુ ન થઈ શક્યું. ગયબથી અવાજ આવ્યો, એને શા માટે તકલીફ આપો છો ! એણે દુનિયામાંથી ઉલમા તથા મશાઈખ (બાઅમલ આલિમો તથા શરીઅતના પાબંદ સાચા પીરો)થી ચહેરો ફેરવ્યો હતો એટલા માટે અમે અમારી રહમતથી તેનું મોઢું ફેરવી દીધું છે અને ક઼યામતના દિવસે રીંછની શકલમાં તેનો હશ્ર કરીશું.

### ★ ખાનએ કાબાને જોવું ઈબાદત ! ★

ત્યારબાદ ફર્માવ્યું કે ચોથો મર્તબો ખાનએ કાબાને જોવાનો છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે જે શખ્સ ખાનએ કાબાની ઝિયારત કરશે તે ઈબાદતમાં ગણાશે. તેની ઝિયારતથી (જોવાથી) **હજાર વરસની ઈબાદત તથા હજનો સવાબ** તેના આમાલનામામાં લખવામાં આવશે અને **વલીઓનો દરજ્જો** તેને નસીબ થશે.

### ★ પીરની ખિદમતનો બદલો ★

ત્યારબાદ ફર્માવ્યું કે પાંચમો દરજ્જો પોતાના પીરને જોવાનો છે અને તેની ખિદમત કરવું છે. મેં 'મઅરિફતુલ મુરીદીન'માં લખેલુ જોયું છે કે શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જે શખ્સ પોતાના પીરની હક્ક઼ પ્રમાણેની સંપૂર્ણપણે ખિદમત એક દિવસ અંજામ આપે તેને અલ્લાહ તઆલા હજાર મહેલ અતા કરશે અને હજાર વરસની ઈબાદતનો સવાબ તેના આમાલનામામાં

લખવામાં આવશે. *(પણ પીર શરીઅતનો પાબંદ શરત મુજબનો હોવો જોઈએ. માલ તથા મુરીદો વધારવાના લાલચુ આજકાલના કેટલાક બનાવટી શરીઅત પર ન ચાલનારા તથા સુલેહકુલ્લી બની બેઠેલા પીરો જેવો ન હોય. –તંત્રી)*

ત્યારબાદ ફર્માવ્યું, મુરીદને લાઝિમ છે કે જે કાંઈ પીરની જીભેથી સાંભળે તેના પર ઘણી જ કોશિશ થકી અમલ કરે અને પીરની ખિદમત કરતો રહે અને ખિદમતમાં હાજર રહે. જો સતત ખિદમત ન કરી શકે તો કમસે કમ એ વાતની જરૂર કોશિશ કરે.

ત્યારબાદ એ પ્રસંગને અનુરૂપ હિકાયત વર્ણવી કે એકવાર કોઈ ઝાહિદે સો વરસ ખુદાની એ રીતે ઈબાદત કરી કે દિવસે રોઝો રાખતો અને રાત્રે કયામ કરતો. કોઈ પળે યાદે ઈલાહીથી ગાફિલ ન રહેતો. જે એની પાસે આવતો તેને નસીહત કરતો. આવતા જતાને કહેતો કે કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنَ હે બંદાઓ ! તમને ઈબાદત માટે પેદા કર્યા છે, ન ખાવા તથા પીવા અને ગાફેલ રહેવા માટે. તો હે મુસલમાનો ! આપણા પર વાજિબ છે કે કોઈ કામમાં મશ્ગૂલ ન થઈ જઈએ પણ ઈબાદત તથા અલ્લાહની આજ્ઞાના પાલનમાં રહીએ. જ્યારે ઝાહિદ મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોઈને પૂછયું કે તારી સાથે કેવો વહેવાર થયો ? તો કહ્યું, મને બખ્શી દેવામાં આવ્યો. પૂછયું, કયા અમલના બદલામાં ? જવાબ આપ્યો, હું રાત દિવસ જાગતો રહેતો અને કોઈ સમયે આરામ ન કરતો, પરંતુ એ અમલ ખુદાએ પસંદ ન કર્યો બલ્કે મારી બખ્શિશનો સબબ એ હતો કે હું મારા પીરની ખિદમત કર્યા કરતો હતો એટલા માટે હુકમ થયો કે તેં તારા પીરની ખિદમતમાં ઉણપ નથી વર્તી એટલા માટે તને બખ્શી દેવામાં આવ્યો.

ત્યારબાદ ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે ક્યામતના દિવસે સિદ્દીક઼, અવલિયા તથા મશાઈખ વગેરેને એવી હાલતમાં મોકલશે કે તેમના ખભાઓ પર ગોદડીઓ હશે અને દરેક ગોદડીમાં લાખો દોરા હશે. તેમના મુરીદો તથા ફરઝંદો આવીને એ દોરાઓ સાથે લટકી જશે અને એક એક દોરો મજબૂતીથી પકડશે. જ્યારે ખુદાની મખ્લૂક઼ હિસાબ કિતાબથી પરવારી જશે તો અલ્લાહ તઆલા તેમને શક્તિ અતા કરશે અને તેઓ પુલસિરાતની નજીક પહોંચી જશે. એ ગોદડીના વસીલાથી મુરીદો તથા ફરઝંદો ત્રીસ હજાર વરસનો માર્ગ તથા ક઼યામતના અઝાબોથી આસાનીપૂર્વક પસાર થઈને જન્નતમાં પહોંચી જશે, મજાલ નથી કે તેમને કોઈ તકલીફ પડે ! જ્યારે ખ્વાજા સાહબ આ ફવાઈદ વર્ણન કરી ચૂક્યા તો હાજરજનો તથા તથા દુઆગો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

(મજલિસ : ૦૬)

## ★ ખુદાની કુદરત વિશે ચર્ચા ★

જુમેરાતે ક઼દમબોસીની દૌલત નસીબ થઈ એ વખતે અલ્લાહ તઆલાની કુદરતના બારામાં વાત શરૂ થઈ. શયખ બુરહાનુદ્દીન ચિશ્તી તથા શયખ મુહમ્મદ સફા હાની અને દરવેશ પોતે બગદાદની જામા મસ્જિદમાં ખિદમતમાં હાજર હતા. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ પોતાની કુદરતે કામિલા થકી એવી ચીજો પેદા કરી છે કે જો માણસ વિચારણા કરે તો એક પળમાં દીવાનો થઈ જાય.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺએ આરઝૂ કરી

કે અસ્હાબે કહફને જુએ. હુકમ થયો કે મેં કહી આપ્યું છે કે તું દુનિયામાં તેમને નહીં જોઈ શકે, અલ્બત્ત આખેરતમાં જોઈશ. જો તેમને પોતાના દીનમાં લાવવા ચાહે છે તો હું લાવી શકુ છું. ત્યારબાદ ફર્માવ્યું કે તમારા સાથીઓને આ ગોદડી પર બેસાડો. ગોદડી યારોને લઈને અસ્હાબે કહફની ગુફાના દરવાજા પર પહોંચી યારોએ અસ્હાબે કહફને સલામ કરી. અલ્લાહ તઆલાએ તેમને જીવંત કર્યા અને તેમણે સલામનો જવાબ કહ્યો. પછી યારોએ દીને નબવી તેમને પેશ કર્યો જે તેમણે કૃબૂલ કર્યો.

## ★ આ છે ખુદાએ આપેલ કુદરતનો કમાલ ! ★

પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે કઈ ચીજ છે જે અલ્લાહ તઆલાની કુદરતમાં નથી ! માણસે જોઈએ કે તેના હુકમોના પાલનમાં ઉણપ ન વર્તે પછી જે કાંઈ ચાહશે મળશે. પછી અશ્રુમય આંખે ફર્માવ્યું કે એકવાર હું મારા ખ્વાજા શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર હતો તેમજ અન્ય દરવેશ પણ બેઠેલા હતા, અને વાત મુતકૃદ્દેમીન (આગલા બુઝુર્ગો)ના મુજાહિદાઓના બારામાં થઈ રહી હતી. એટલામાં એક વૃધ્ધ અતિ કમજોર હાથમાં લાકડી પકડીને આવ્યો અને સલામ કરી. સલામનો જવાબ આપીને શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ ખૂબ જ ઉષ્માભેર ઉઠીને પોતાની પાસે જગા આપી. એ વૃધ્ધે જણાવ્યું કે ત્રીસ વરસથી મારો પુત્ર મારાથી વિખૂટો થઈ ગયો છે તેના વિરહના ગમમાં મારી આ હાલત થઈ ગઈ છે. મને તેના મરવા જીવવાની કોઈ માહિતી નથી. હવે હું ખ્વાજા સાહબ (ઉષ્માન હારૂની)ની ખિદમતમાં આવ્યો છું કે મારા પુત્રના સહીસલામત આવવાની દુઆ કરે. શયખ સાહબે આ સાંભળતાં જ મુરાકેબો કર્યો પછી માથુ ઉઠાવીને હાજરજનોને ફર્માવ્યું કે દુઆ કરો છોકરો

સહી સલામત આવી જાય. જ્યારે દુઆ ખત્મ કરી તો ફર્માવ્યું, હે વૃધ્ધ ! પુત્રને મારી પાસે લઈ આવજે ! આ સાંભળીને વૃધ્ધ સલામ કરીને રવાના થયો અને રસ્તામાં તેને પુત્રના પરત થવાની મુબારકબાદી મળી કે તારો પુત્ર ઘરે આવી ગયો છે. ઘરે જઈને પુત્રને જોયો અને મુલાકાત કરી. વૃધ્ધની કમજોર આંખો પુત્રને જોઈને રોશન થઈ ગઈ. વળતે પગલે પુત્રને ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ખિદમતમાં લાવ્યો અને કદ઼મબોસી કરાવી. ખ્વાજા ઉષ્માન હારૂની સાહબે પુત્રને પાસે બોલાવીને પૂછયું કે તું ક્યાં હતો ? બરાબર સમુદ્રની વચ્ચે શૈતાનોની કૈ઼દમાં હતો. આજે પણ એ જ સ્થળે બેઠો હતો એવામાં એક દરવેશ જે આપના હમશકલ હતા તેમણે આવીને સાંકળ તોડી નાખી અને મારી ગરદન મજબૂત પકડીને મને ફર્માવ્યું કે મારા પગો પર પગ રાખ ! અને આંખો બંધ કર. પછી ફર્માવ્યું કે, આંખો ખોલ ! જ્યારે મેં આંખો ખોલી તો પોતાને ઘરના દરવાજા પર પામ્યો. આટલી વાત કહીને આગળ કાંઈ કહેવા જતો હતો પરંતું ખ્વાજા ઉષ્માન હારૂની સાહબ رحمۃ اللہ علیہએ રોકી દીધો. તે વૃધ્ધે ખ્વાજા સાહબના કદ઼મોને ચૂમી લીધા કે જુઓ ! અલ્લાહના વલીઓ (મર્દાને ખુદા) આટલી કુદરતવાળા હોવા છતાં પોતે પોતાને છુપાવતા ફરે છે.

પછી ફર્માવ્યું, કઅબ અહબારથી રિવાયતમાં છે કે અલ્લાહ તઆલાએ એક એવો ફરિશ્તો પેદા કર્યો છે તેની બુઝુર્ગી તથા હયબત (પ્રભાવ)ને ખુદા જ જાણે છે. તેનું નામ હાબિલ છે. તે ફરિશ્તાએ બંનેવ હાથો ફેલાવી રાખેલા છે, એક પૂર્વમાં અને બીજો પશ્ચિમમાં, અને ''લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ''ની તસ્બીહ પઢે છે અને રોશનીનો મુઅક્કલ છે. પૂર્વવાળા હાથથી રોશની આપે છે અને પશ્ચિમવાળા હાથથી અંધારું. જો રોશનીને

હાથથી છોડી આપે તો આખુ જગત અંધકારમય થઈ જાય અને કદી પણ દિવસ ન ઉગે. એક તખ્તી લટકેલી છે જેના પર કાળી તથા સફેદ લીટીઓ તાણેલી હોય છે તે જોઈને ક્યારેક વધુ કરે છે ક્યારેક ઓછી કરે છે. જ્યારે વધારે કરે છે તો રોશની થઈ જાય છે અને જ્યારે ઓછી કરે છે તો અંધકાર છવાઈ જાય છે. એ જ કારણે ક્યારેક દિવસો મોટા થઈ જાય છે તો ક્યારેક રાતો લાંબી થઈ જાય છે. ખ્વાજા સાહબ જ્યારે આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો ચોધાર આંસૂએ રડવા લાગ્યા અને આલમે સુક્રમાં ફર્માવ્યું કે આ રાહમાં અલ્લાહ તઆલાના એવા મર્દ પણ છે કે જે મામલા જહાનમાં ગુજરે છે અને કુદરતની અજાયબીઓથી જે અસ્તિત્વમાં આવે છે તે સૌ એમની નજરો સમક્ષ છે અને તેને જુએ છે અને ખુદાના બંદાઓ સમક્ષ તે મામલો રજૂ કરે છે.

ત્યારબાદ એ જ મોક઼ા પર ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ એક અન્ય ફરિશ્તો એ પ્રમાણે દેખાવવાળો બનાવ્યો છે કે તેનો એક હાથ આસ્માનમાં છે અને બીજો જમીનમાં છે. આસમાનવાળા હાથથી હવાને નિગાહમાં રાખે છે અને જમીનવાળા હાથ વડે પાણીને. જો પાણીને હાથથી છોડી આપે તો આખુ જગત ડૂબી જાય અને જો હવાને છોડી મૂકે તો જગત ઉપર નીચે થઈ જાય.

ત્યારબાદ એ જ મોક઼ાને અનુરૂપ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ કોહે કાફ પેદા કર્યો છે જે એટલો મહાન છે કે તમામ દુનિયાની આસપાસ ફેલાયેલો છે અને દુનિયા તથા એમાં જે કાંઈ છે તે એની અંદર છે.

રસૂલુલ્લાહ ﷺએ એની તફસીર આ પ્રમાણે વર્ણવી છે કે અલ્લાહ તઆલાએ એક ફરિશ્તો પેદા કર્યો છે જે એ પહાડ પર બેસે છે. એની તસ્બીહ આ પ્રમાણે છે :–

لَاالٰهَ اِلَّااللّٰهُ مُحَمَّدٌرَسُوْلُ اللّٰهِ ﷺ એનું નામ ફરતાઈલ છે અને તે પહાડનો મુવક્કલ છે. ક્યારેક તે હાથને બંધ કરે છે ક્યારેક ખોલે છે. જમીનની રગો અલ્લાહ તઆલાએ તેના હાથમાં આપી રાખી છે. જ્યારે અલ્લાહ તઆલા જમીનને તંગ (સંકૂચિત) કરવા ચાહે છે તો ફરિશ્તાને રગો ખેંચવાનો હુકમ આપે છે જેનાથી ઝરણા સૂકાય જાય છે અને વનસ્પતિ નથી ઉગતી. જ્યારે બાગો બહાર કરવા ચાહે છે તો રગો ખોલવાનો હુકમ આપી દે છે. જ્યારે મખ્લૂકને ડરાવવા ચાહે છે તો રગોને હલાવવાનો હુકમ આપે છે જેને ધરતીકંપ કહે છે, તો જ્યારે હુકમ થાય છે તો જમીન કાંપે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં શૈખુલ ઈસ્લામ ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ અને શયખ સૈફુદીન બાખરઝી رحمۃ اللہ علیہ ની ઝબાનથી સાંભળ્યું છે કે અસ્રારુલ આરિફીનમાં એવું લખ્યું છે કે અલ્લાહ તઆલાએ એ પહાડને દુનિયાથી કેટલાયે ગણો મોટો બનાવ્યો છે, જેમ કે એ પહાડની પાછળ ચુમ્માલીસ અન્ય જહાન છે, દરેક જહાનમાં તેના ચારસો હિસ્સા છે, દરેક હિસ્સો આ દુનિયા કરતાં ચારગણો છે. એ પહાડની પાછળ કોઈ અંધકાર નથી અને ન તો ત્યાં રાત થાય છે. ત્યાં જમીન સોનાની છે અને ત્યાંના રહેવાસી ફરિશ્તા છે, ન શૈતાન ન બહિશ્ત ન દોઝખ. જે દિવસથી અલ્લાહ તઆલાએ તેમને પેદા કર્યા છે ત્યારથી સર્વ ફરિશ્તા لَاالٰهَ اِلَّااللّٰهُ مُحَمَّدٌرَسُوْلُ اللّٰهِ ﷺ કહે છે. એ ચાલીસની પાછળ પડદો છે અને એની પાછળ અન્ય પડદો છે જેની વિશાળતા અલ્લાહ તઆલા જ જાણે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એ પહાડ એક ગાયના માથા પર રાખવામાં આવેલો છે જેની વિશાળતા ત્રીસ હજાર સાલની રાહ

બરાબર છે. ગાય ઊભી ઊભી અલ્લાહ તઆલાની હમ્દો ષના કરે છે. તેનું માથુ પૂર્વમાં અને તેની પૂછડી પશ્ચિમમાં છે.

ત્યારબાદ શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ એ કસમ ખાયને કહ્યું કે જે દિવસે મેં આ હિકાયત શયખ મૌદૂદ ચિશ્તીથી સાંભળી તો આપે મુરાકેબો કર્યો. એક દરવેશ ખિદમતમાં હાજર હતો. બંનેવ અદશ્ય થઈ ગયા ફરી દશ્યમાન થયા. એ દરવેશે કસમ ખાયને કહ્યું કે હું અને શયખ મૌદૂદ ચિશ્તી બંનેવ એ પહાડની પાસે હતા અને ચાલીસ જહાન જે ખ્વાજા સાહબે વર્ણવ્યા છે, ખરેખર તેમાં રજમાત્ર ફરક નથી, બરાબર એ જ પ્રમાણે છે જેવું કે ખ્વાજા સાહબે ફર્માવ્યું છે. આ મુકાશફાનો સબબ એ હતો કે મને શંકા થઈ. આપે હકીકત દરમ્યાન એ શક વિશે જાણી લીધું. એ વખતે શયખુલ ઈસ્લામ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે દરવેશમાં એવી બાતિની કુવ્વત હોવી જોઈએ કે જો સાંભળનાર હિકાયતે અવલિયામાં શક કરે તો એને તે દેખાડી આપે, અને કરામતની શક્તિ વડે તેને માનનારો કરે.

પછી એ જ મોકાને અનુરૂપ ફર્માવ્યું કે એકવાર હું સકરમંદની તરફ મુસાફરીમાં હતો. ઈમામ ઉલુલ લૈષના મહેલની નજીક એક બુઝુર્ગ મસ્જિદ તૈયાર કરાવી રહ્યા હતા. એક દાનિશમંદ ઊભો રહીને કહી રહ્યો હતો કે મેહરાબ આ તરફ રાખો કેમ કે કા'બા આ તરફ છે. મેં કહ્યું કે આ તરફ નહીં પણ આ તરફ છે જે તરફ હું કહું છું. મેં ખૂબ જ કહ્યું પણ તેણે ન માન્યું. મેં તેની ગરદન પકડીને કહ્યું કે જુઓ ! જે તરફ હું કહું છું એ તરફ જ કા'બા છે ! જ્યારે તેણે નજર ઉઠાવી તો એ તરફ કા'બા દેખાયો.

ત્યારબાદ કહ્યું, અલ્લાહ તઆલાએ એક એવો સાપ પેદા કર્યો છે કે જે દિવસે દોઝખ પેદા કરી, એ સાપને કહ્યું કે હે સાપ ! આ

અમાનત હું તારા હવાલે કરું છું. અર્ઝ કરી કે ફર્માંબરદાર છું ! અવાજ આવ્યો, મોં ખોલ ! મોં ખોલ્યું તો અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હુકમ આપ્યો કે દોઝખ એના મોઢામાં રાખી દો. જ્યારે રાખવામાં આવી તો હુકમ થયો કે મો બંધ કરી લે ! હવે દોઝખ સાપના મોઢામાં છે અને સાતેવ જમીનની નીચે છે. તો જો દોઝખ એ સાંપના મોઢામાં ન હોત તો આખુ જગત સળગી જાત અને ખતમ થઈ જાત.

ત્યારબાદ ફર્માવ્યું, જ્યારે કયામત થશે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને હુકમ આપશે કે એના મોઢામાંથી જહન્નમને કાઢી લાવો ! દોઝખની હજાર સાંકળો હશે અને દરેક સાંકળ પર હજાર ફરિશ્તા લટકતા હશે. તે ફરિશ્તા એટલા પ્રમાણમાં મોટા હશે કે અલ્લાહ તઆલા હુકમ કરે તો એક ફરિશ્તો તમામ મખ્લૂકાતને એક કોળિયો બનાવીને ગળી જાય. પછી દોઝખને તપાવવામાં આવશે. જ્યારે એક ફૂંક લગાડશે તો કયામત રચાઈ જશે. જ્યારે ખ્વાજા સાહબે આ ફવાઈદ ખત્મ કર્યો તો ફર્માવ્યું કે જે શખ્સ આ અઝાબથી બચવા ચાહે તો અલ્લાહ તઆલાની ફર્માંબરદારી કરે કેમ કે ખુદાની નજીક આ ઈતાઅતથી વધીને કોઈ ઈતાઅત નથી. મેં અર્ઝ કરી કે એ કઈ ઈતાઅત છે ? ફર્માવ્યું, **લાચારોની ફરિયાદ સાંભળવી** અને **હાજતમંદોની હાજત પૂરી કરવી** અને **ભૂખ્યાઓને ખાવા ખવડાવવું, એનાથી વધીને કોઈ નેક કામ નથી.** જ્યારે ખ્વાજા સાહબ ખત્મ કરી ચૂક્યા તો લોકો અને હું પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

(મજલિસ : ૦૭)

## ★ મુશ્કેલીનો હલ ફાતિહામાં ★

બુધના દિવસે મુલાકાતનો શરફ હાંસલ થયો. કેટલાક હાજી પણ આવેલા હતા. અને વાત "ફાતિહા"ના બારામાં થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મશાઈખ તબક઼ાતના આષારમાં લખેલું જોયું કે "ફાતિહા"ને હાજત બર લાવવા માટે ખૂબ જ પ્રમાણમાં પઢવું જોઈએ. હદીષમાં છે જેને કોઈ મુશ્કેલી આવી પડી તે નીચે મુજબના તરીક઼ાથી "સૂરએ ફાતિહા" (અલ્હમ્દુ શરીફ) પઢે. બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમિલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.... (છેવટ સુધી) એટલે કે "રહીમ"ને લામથી મિલાવી લે. અને "આમીન"ના વખતે ત્રણવાર "આમીન" કહે. અલ્લાહ તઆલા તેની મુશ્કેલી હલ કરી આપશે.

હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ કહે છે કે, હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એક સભામાં સૂરએ ફાતિહાની ફઝીલતો તથા ખૂબીઓની ચર્ચા કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે એકવાર રસૂલુલ્લાહ ﷺ એ સહાબીઓને કહ્યું કે પાક પરવરદિગારે મને ઘણી ફઝીલતો અતા કરી છે અને મારી પહેલાં જેટલા પૈગંબરો આવ્યા તેમનામાંથી કોઈને પણ આ ફઝીલતો અતા ફર્માવી નથી.

## ★ સૂરએ ફાતિહાની ફઝીલત ★

આં હઝરત ﷺએ કહ્યું કે એક દિવસ હઝરત જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવ્યા અને જણાવ્યું કે અલ્લાહ પાક ફર્માવે છે કે મેં કુર્આન મજીદ તમારી પાસે મોકલ્યું છે તેમાં એક સૂરત એવી છે કે જો તૌરાતમાં હોત તો હઝરત મૂસા علیہ السلامની ઉમ્મતમાં યહૂદી ન

હોત, અને જો એ સૂરત બાઈબલમાં હોત તો હઝરત ઈસા علیہ السلامની ઉમ્મતમાં કોઈ માણસ ખ્રિસ્તિ ન હોત, અને જો એ સૂરત ઝબૂરમાં હોત તો કોઈ માણસ હઝરત દાઊદ علیہ السلامની ઉમ્મતમાં મસ્ખ ન થાત, અને તે સૂરત સૂરએ ફાતિહા છે. કુર્આન મજીદમાં તે એટલા માટે નાઝિલ કરવામાં આવી છે કે એ સૂરતની બરકતથી તમારી ઉમ્મતના લોકો ખુદા તઆલા આગળ માનપાત્ર થાય, કયામતના દિવસે દોઝખનો અઝાબ એમની ઉપર ન થાય તથા મેહશરમાં મુક્તિ મેળવે. અય મુહમ્મદ ! صلی اللہ علیہ وسلم સોગંદ છે તે ખુદા પાકની જેણે તમને લોકોને સત્ય માર્ગ દેખાડવા મોકલ્યા, **જો પૃથ્વીના બધા સમુદ્રો શાહીના ખડિયા બની જાય, બધા વૃક્ષોને કલમ બનાવવામાં આવે તથા સાતેવ આકાશ તથા ભૂમિ કાગળ બની જાય તોય આ સૂરતની ફઝીલતો તથા બરકતો કયામત સુધી લખી શકાશે નહીં.**

## ★ તકલીફો તથા રોગોનો ઈલાજ ★

એ પછી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ જણાવ્યું કે સૂરએ ફાતિહા બધી તકલીફો તથા રોગો માટે ઔષધ છે, જો કોઈ રોગી કોઈ પણ ઔષધથી સારો થતો ન હોય તો ફજરની સુન્નત અને ફર્ઝ વચ્ચે બિસ્મિલ્લાહ સાથે સૂરએ ફાતિહા પઢીને સાફ દિલથી ફૂંક મારે. અલ્લાહ પાક આ સૂરતની બરકતથી અવશ્ય સંપૂર્ણ તંદુરસ્તી અતા ફર્માવશે. હદીષ શરીફમાં લખ્યું છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનું કહેવું છે કે સૂરએ ફાતિહા દરેક રોગ માટે ઔષધ છે.

એ પછી હુઝૂર ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ જણાવ્યું કે એક વખત હારૂન રશીદને પુષ્કળ પીડા ઉઠી, અને બે વર્ષ એ રોગમાં પીડાતો રહ્યો. જયારે કોઈ ઈલાજ સફળ થયો નહીં તો પોતાના પ્રધાનમંત્રીને હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہની સેવામાં

મોકલ્યો અને અર્ઝ ગુજારી કે ભયંકર રોગથી લાચાર થઈ ગયો છું, કોઈ ફાયદો થતો નથી, ઘણી પીડા ભોગવી રહ્યો છું. **આપે એકતાલીસ વખત સૂરએ ફાતિહા પઢી ખલીફાની છાતી પર ફૂંક મારી અને તરત જ ખલીફા સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો.**

પછી ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ જણાવ્યું કે એકવાર અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم કોઈ બીમારને ત્યાં તેને જોવા ગયા. આપે **સૂરએ ફાતિહા પઢી ફૂંક મારી અને રોગી સ્વસ્થ થઈ ગયો.** એક બીજો માણસ પણ તેની બીમારપુર્સી માટે આવ્યો અને તેને સ્વસ્થ જોઈને પૂછયું કે તમે આટલા જલ્દી શી રીતે સાજા થઈ ગયા ?! તેણે જણાવ્યું કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ સૂરએ ફાતિહા પઢી ફૂંક મારી અને હું સાજો થઈ ગયો. તે માણસે એ વાત માની નહીં, તેણે એ વાતને મજાક સમજી, બસ તે સમયથી જ તે એ રોગમાં સપડાઈ ગયો અને મરી ગયો. તેથી દરેક માણસે અક઼ીદો નેક રાખવો જોઈએ. જો અક઼ીદો નેક હશે તો કેવળ હાથ મૂકવાથી જ ફાયદો થશે. પછી સૂરએ ફાતિહા પઢી ફૂંક મારવાનું તો પૂછવું જ શું ? એ તો દરેક રોગનું નિશ્ચિત ઔષધ છે.

ત્યાર પછી હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આન પાકની દરેક સૂરતનું નામ નક્કી કર્યું છે અને સૂરએ ફાતિહાના સાત નામ રાખ્યાં છે : **(૧)** ફાતિહતુલ કિતાબ **(૨)** સબઅલ મસાની **(૩)** ઉમ્મુલ મગફેરત **(૪)** ઉમ્મુલ કુર્આન **(૫)** સૂરએ મગફેરત **(૬)** સૂરએ રહમત **(૭)** સૂરએ સાનિયા

આ સૂરતમાં સાત અક્ષર આવતા નથી જે સાત મુસીબતોથી

છૂટકારો અપાવે છે :–

પહેલો ષે (ષ) છે અને સબૂરનો પહેલો અક્ષર છે. ષબૂરનો અર્થ હલાકત થાય છે. માટે આ સૂરતનો પઢવાવાળો કદી હલાકતમાં પડી શકતો નથી.

બીજો અક્ષર **જીમ** (જ) છે. એ જહન્નમનો પહેલો અક્ષર છે. તેથી આ સૂરતનો પઢવાવાળો જહન્નમથી છૂટકારો પ્રાપ્ત કરશે.

ત્રીજો અક્ષર **ઝે** (ઝ) છે. એ ઝકૂમનો પહેલો અક્ષર છે. તેથી આ સૂરત પઢવાવાળાને ઝકૂમથી કોઈ મતલબ રહેશે નહીં. ચોથો અક્ષર **શીન** (શ) છે. એ શકાવત (બદ્‌બખ્તી)નો પહેલો અક્ષર છે તેથી આ સૂરત પઢવાવાળો બદ્‌બખ્ત નહીં હશે.

પાંચમો અક્ષર **ઝોય** (ઝ) છે. આ સૂરત પઢવાવાળો ઝુલમત (અંધકાર)માં પડશે નહીં. છટ્ઠો અક્ષર **ફે** (ફ) છે. તેથી આ સૂરત પઢવાવાળો ફિરાક (વિયોગ)માં રહેશે નહીં. સાતમો અક્ષર **ઝાલ** (ઝ) છે. આ સૂરત પઢવાવાળો ઝલીલ (બદ્‌નામ) અને ખ્વાર થશે નહીં.

આ સૂરતમાં સાત આયતો છે. માણસના શરીરમાં અલ્લાહ તઆલાએ સાત મુખ્ય ભાગ રચ્યા છે. જે માણસ આ સૂરત પઢતો રહેશે તેના સાતેવ ભાગ જહન્નમની આગથી સુરક્ષિત રહેશે.

ત્યાર પછી ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, મશાઈખ તથા સુલૂકવાળા લખે છે કે હક્ક તઆલાએ આ સૂરતમાં એકસો ચોવીસ અક્ષરો મૂક્યા છે, તથા એક લાખ ચોવીસ હજાર પૈગંબરો પણ દુનિયામાં મોકલ્યા છે. તેથી એ એકબીજા સાથે સંબંધ ધરાવે છે. એ સૂરત પઢવાવાળાને એટલો સવાબ મળશે જેટલું એક લાખ ચોવીસ હજાર પૈગંબરોની ઈબાદતથી મળે છે.

આ સૂરતનું સવિસ્તાર વર્ણન એ રીતે કરવામાં આવ્યું છે કે શબ્દ اَلْحَمْدُ 'અલ્હમ્દુ'માં પાંચ અક્ષર છે અને અલ્લાહ તઆલાએ રાત દિવસમાં પાંચ વખતની નમાઝ ફર્ઝ કરી છે. તેથી જે બંદો આ સૂરતને પઢે છે તેની પાંચે નમાઝમાં જે ત્રુટી રહે છે તે ભરપાઈ થઈ જાય છે. શબ્દ 'અલ્લાહ'માં ત્રણ અક્ષર છે. પાંચમાં ત્રણ મળવાથી આઠ થાય છે તેથી અલ્લાહ તઆલાએ એ સૂરત પઢવાવાળા પર જન્નતના આઠેવ દરવાજા ખોલી નાખ્યા છે.

શબ્દ رَبِّ الْعٰلَمِيْنَ માં દસ અક્ષર છે. આઠ અને દસ અઢાર થાય છે. અલ્લાહ તઆલાએ અઢાર હજાર દુનિયા બનાવી જે માણસ એ અઢાર અક્ષરો પઢે છે તેને અઢાર હજાર આલમ (દુનિયાઓ)નો સવાબ મળે છે.

શબ્દ اَلرَّحْمٰنِ 'અર્રહમાન'માં છ અક્ષર છે. અઢાર અને છ ચોવીસ થાય છે. અલ્લાહ તઆલાએ રાત દિવસમાં ચોવીસ ઘડી બનાવી છે. એ અક્ષર પઢવાવાળો રાત દિવસના ગુનાહોથી પાક થઈ જશે.

શબ્દ اَلرَّحِيْمِ 'અર્રહીમ'માં છ અક્ષર છે. છ અને ચોવીસ ત્રીસ થાય છે. ખુદા તઆલાએ પુલસિરાતનો રસ્તો ત્રીસ હજાર વરસનો રાખ્યો છે તેથી એ અક્ષરો પઢવાવાળો એક એક અક્ષરની બરકતથી એક એક હજાર વરસનો રસ્તો પલક ઝપકતાં પૂરો કરશે.

مٰلِكِ يَوْمِ الدِّيْنِમાં બાર અક્ષર છે. અલ્લાહ તઆલાએ વરસમાં બાર મહીના બનાવ્યા છે. તેથી એ બાર અક્ષર પઢવાવાળાના આખા વરસના ગુનાહ અલ્લાહ માફ કરશે. બાર અને ત્રીસ બેત્તાલીસ થાય છે.

إِيَّاكَ نَعْبُدُમાં આઠ અક્ષર છે. બેત્તાલીસમાં આઠ ઉમેરવાથી પચાસ થાય છે. કયામતનો એક દિવસ પૃથ્વીના પચાસ હજાર વરસ બરાબર થાય છે, તેથી જે માણસ આ અક્ષરને પઢતો રહેશે, અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની સાથે શાંતિનો સત્યવાદીઓ જેવો વ્યવહાર કરશે.

وَإِيَّاكَ نَسْتَعِينُમાં અગ્યાર અક્ષર છે, પચાસ અને અગ્યાર એકસઠ થાય છે. અલ્લાહ તઆલાએ ધરતી, આકાશમાં એકસઠ સમુદ્રો ઉત્પન્ન કર્યા છે. તેથી જે બંદો આ એકસઠ અક્ષર પઢતો રહેશે, ખુદાવંદ તઆલા તેને એટલો સવાબ અતા કરશે જેટલાં એ સમુદ્રોના પાણીનાં ટીપાં છે અને એટલી જ બુરાઈઓ તેના આમાલનામામાંથી મટી જશે.

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَમાં ઓગણીસ અક્ષર છે. એકસઠ અને ઓગણીસ એંસી થાય છે. દારૂ પીવાનો કફ્ફારો એંસી દુર્રા (કોરડા) છે. તેથી અલ્લાહ તઆલા એ અક્ષર પઢવાવાળાને દારૂની બુરાઈથી દૂર રાખી એની સજાથી સુરક્ષિત રાખશે.

صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۙ غَيْرِ
الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ

માં ચુમ્માલીસ અક્ષર છે. એંસી અને ચુમ્માલીસ એકસો વીસ થાય છે. અલ્લાહ તઆલાએ એક લાખ ચોવીસ હજાર પૈગંબર મોકલ્યા છે જેમનો લાભ ઉપર વર્ણવ્યો છે.

ત્યાર પછી હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ એ એક બનાવનું વર્ણન કર્યું : "એકવાર હું ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ સાથે મુસાફરી કરી રહ્યો હતો. અમે દજલા નદીના કાંઠે પહોંચ્યા. નદીમાં તોફાન હતું અને ત્યાં કોઈ હોડી ન હતી. મને ચિંતા થઈ તે

વખતે હઝરતે જણાવ્યું કે આંખો બંધ કરો. થોડી વાર પછી મેં જ્યારે આંખો ઉઘાડી તો હું તથા મારા પીર નદીને બીજે કાંઠે હતા. મેં પૂછયું, હુઝૂર ! નદી શી રીતે પાર કરી ?! તેમણે જણાવ્યું કે પાંચ વખત સૂરએ ફાતિહા પઢી નદીમાં પગ મૂક્યો અને આ કાંઠે આવી ગયા.''

તેથી ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہએ જણાવ્યું કે જે માણસ સાચા હૃદયથી સૂરએ ફાતિહા પઢે અને તેની આવશ્યક્તા પૂરી ન થાય તો કયામતના દિવસે તે મારો દામન પકડી લે. *(દલીલુલ આરિફીન)*

## (મજલિસ : ૦૮)

## ★ વિર્દ તથા વઝાઈફ ★

જુમેરાતના દિવસે કદમબોસીની દૌલત નસીબ થઈ. વિર્દ તથા તસ્બીહના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જે શખ્સ વિર્દ નિશ્ચિત કરે તેણે દરરોજ પઢવું જોઈએ, અને જો દિવસે ન પઢી શકે તો રાત્રે જરૂર પઢે, પરંતુ જરૂર પઢે.

ત્યારબાદ કોઈ અન્ય કામમાં વ્યસ્ત થયા. કેમ કે હદીષ શરીફમાં છે કે વિર્દને ત્યજનારો લઅનતી છે. ત્યારબાદ એ જ મોકાના અનુરૂપ ફર્માવ્યું કે એકવાર મૌલાના રઝાઉદ્દીન رحمۃ اللہ علیہ ઘોડા પરથી ગબડી પડયા જેનાથી પગોમાં વાગ્યું. જ્યારે ઘરે આવ્યા તો વિચાર્યું કે આ બલા મારા પર ક્યાંથી આવી ? તો યાદ આવી ગયું કે સવારની નમાઝ પછી સૂરએ યાસીન પઢયા કરતો હતો તે આજે નથી પઢયું !

પછી એ જ પ્રસંગાનુરૂપ આ હિકાયત વર્ણવી કે એક બુઝુર્ગ

ખ્વાજા અબ્દુલ્લાહ મુબારક નામના હતા. તેમનાથી એકવાર વઝીફો ન થઈ શક્યો. એ જ વખતે ગયબથી અવાજ આવ્યો કે હે અબ્દુલ્લાહ ! તેં અમારી સાથે જે વાયદો (ક઼રાર) કર્યો હતો તેને કદાચ તું ભૂલી ગયો છે ! એટલે કે રોજનો વઝીફો આજે તેં નથી પઢયો.

પછી ફર્માવ્યું કે અંબિયા, અવલિયા, મશાઈખ અને મર્દાને ખુદાનો વઝીફો જે હોય છે તેને નિયમિત પઢે છે અને જે કાંઈ પોતાના પીરોથી સાંભળે છે તેના પર અમલ કરે છે. ત્યારબાદ ફર્માવ્યું કે જે વિર્દ આપણા ખ્વાજગાનથી નક઼લ થયેલ છે તેને અમો પઢીએ છીએ, તમો પણ પઢયા કરો જેથી વઝીફામાં ગેપ ન ઊભી થાય. અને જયારે ઉઠો તો જમણા પડખે ઉઠો અને બિસ્મિલ્લાહ પઢીને શર્તો મુજબનું વુઝૂ કરો. પછી બે રકાત (નફ઼લ) અદા કરીને મુસલ્લા પર બેસો અને સૂરએ બક઼રહની અમુક થોડીક આયતો અને સૂરએ અન્આમની ૧૭ આયતો પઢીને આ ઝિક્ર સો વાર કહો : لَااِلٰہَ اِلَّااللّٰہُ مُحَمَّدٌرَّسُوْلُ اللّٰہِ ﷺ **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.** પછી સવારની નમાઝની સુન્નતો આ રીતે અદા કરો : પ્રથમ રકાતમાં **સૂરએ ફાતિહા** અને **અલમ નશ્રહ.** બીજી રકાતમાં **સૂરએ ફાતિહા** અને **અલમતર કયફ** પઢો. ત્યારબાદ ફર્માવ્યું કે સો વાર :–

سُبْحَانَ اللّٰہِ وَبِحَمْدِہٖ سُبْحَانَ اللّٰہِ الْعَظِیْمِ
وَبِحَمْدِہٖ اَسْتَغْفِرُاللّٰہَ مِنْ کُلِّ ذَنْبٍ وَّاَتُوْبُ اِلَیْہِ

**સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ અઝીમ વબિહમ્દિહી. અસ્તગફિરુલ્લાહ મિન કુલ્લિ ઝંબિંવ વ અતૂબુ ઈલૈહ** પઢે. જયારે સવારની નમાઝ અદા કરી ચૂકે તો ક઼િબ્લા તરફ મોં કરીને બેસીને દસવાર :–

لَآ اِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ لَهُ الْمُلْكُ وَلَهُ
الْحَمْدُ يُحْيِى وَ يُمِيْتُ وَهُوَ حَىٌّ لَا يَمُوْتُ اَبَدًا
اَبَدًا ذُوْالْجَلَالِ وَالْاِكْرَامِ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى
كُلِّ شَيْءٍ قَدِيْرٌ۔

**લા ઈલાહ ઈલ્લલ્લાહુ વહદહૂ લાશરીકલહૂ લહુલ મુલ્કુ વલહુલ હમ્દુ યુહયી વયુમીતુ વહુવ હૈયુલ્લાયમૂતુ અબદન અબદા અઝ વલ જલાલિ વલ્ઈકરામ બિયદિહિલ ખયૂર. વહુવ અલા કુલ્લિ શૈઈન કદીર** પઢે. પછી ત્રણવાર : اَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ۔ **અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહૂ રસૂલુહ** કહે. પછી ત્રણ વાર :–

لَآ اِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ لَهُ الْمُلْكُ وَلَهُ
الْحَمْدُ يُحْيِى وَ يُمِيْتُ وَهُوَ حَىٌّ لَا يَمُوْتُ اَبَدًا
اَبَدًا ذُوْالْجَلَالِ وَالْاِكْرَامِ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى
كُلِّ شَيْءٍ قَدِيْرٌ۔

**અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિમ્ મખ્તલફલ મલ્વાનિ વ તઆકુબલ્ અસ્સરાનિ વ તકરારલ્હદીદાનિ અસ્તસ્હબિલ્ફર્કદાનિ વલ્કમરાનિ બલગ્ અલા રૂહિ મુહમ્મદિમ્ મિનત્તહિય્યતિ વસ્સલામ** પઢે. પછી ત્રણવાર : يَا عَزِيْزُ يَاغَفُوْرُ **યા અઝીઝુ યા ગફૂર** પઢે.

પછી ત્રણવાર :–

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُلِلّٰهِ وَلَااِلٰهَ اِلَّااللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ
وَلَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ۔

**સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર વલા હૌલ વલા કુવ્વત ઈલ્લાબિલ્લાહિલ અલીય્યિલ અઝીમ** પઢે.

પછી ત્રણવાર : اَسْتَغْفِرُ اللّٰهَ مِنْ كُلِّ ذَنْبٍ وَّاَتُوْبُ اِلَيْهِ **અસ્તગફિરુલ્લાહ મિન્કુલ્લિ ઝંબિંવ વ અતૂબુ ઈલૈહ** પઢે. ત્યારબાદ આ પ્રમાણે પઢે :–

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ
وَبِحَمْدِهٖ اَسْتَغْفِرُاللّٰهَ الَّذِىْ لَا اِلٰهَ اِلَّاهُوَ الْحَىُّ
الْقَيُّوْمُ غَفَّارُ الذُّنُوبِ سَتَّارُالْعُيُوبِ عَلَّامُ الْغُيُوْبِ
كَشَّافُ الْكَرُوْبُ مُقَلِّبَ الْقُلُوْبِ اَتُوْبُ۔

**સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ અઝીમિ વબિહમ્દિહી અસ્તગ્ફિરુલ્લાહિલ્લઝી લાઈલાહ ઈલ્લા હુવલ્ હૈયુલ કૈયૂમિ ગફ્ફારિઝ્ ઝુનૂબિ સત્તારિલ ઉયૂબિ અલ્લામિલ્ ગુયૂબિ કશ્શાફિલ્ કરૂબિ મુક઼લ્લબિલ્ કુલૂબિ અતૂબ.**

ત્યારબાદ ત્રણવાર :–

يَا حَىُّ يَا قَيُّوْمُ يَا حَنَّانُ يَا مَنَّانُ يَا دَيَّانُ يَا سُبْحَانُ
يَا سُلْطَانُ يَا بَدِيْعُ السَّمٰوَاتِ وَالْاَرْضِ يَاذُالْجَلَالِ
وَالْاِكْرَامِ بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۔

**યા હય્યૂ યા ક઼ય્યૂમુ યા હન્નાનુ યા મન્નાનુ યા દય્યાનુ યા સુબ્હાનુ યા સુલ્તાનુ યા બદીઉસ્સમાવાતિ વલ્અર્દ઼િ યા ઝુલ જલાલિ વલ્ઈકરામ બિરહ્મતિક યા અર્હમર્રાહિમીન.**

ત્યારબાદ ત્રણવાર કહે :–

لَا حـوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ يَا قَدِيْمُ يَا
دَائِمُ يَا حَـيُّ يَـا قَيُّـوْمُ يَـا اَحَدُ يَا صَمَدُ يَا حَلِيْمُ يَا
عَـظِيْمُ يَـا عَـلِـيُّ يَا نُورُ يَا فَرْدُ يَا وِتْرُ يَابَقِيُّ يَاحَيُّ يَا
قَيُّـوْمُ يَاحَـيُّ رَفَضْ حَـاجَتِـىْ بِـحَقِّ مُحَمَّدٍ وَّاٰلِهٖ
اَجْمَعِيْنَ۔

**લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીચ્યિલ અઝીમિ યા ક઼દીમુ યા દાઈમુ યા હૈયૂ યા કૈ઼યૂમુ યા અહદુ યા સ઼મદુ યા હલીમુ યા અઝીમુ યા અલીયુ યા નૂરુ યા ફર્દુ યા વિતરુ યા બાકી યા હૈયૂ યા કૈયૂમુ યા હૈયુ રફદ઼ હાજતી બિહક્કિ઼ મુહમ્મદિંવ્ વ આલિહી અજમઈન.**

ત્યારબાદ ત્રણવાર આ પ્રમાણે કહે :–

سُبْحَانَ اللّٰـهِ مِلْاءَ الْـمِيْـزَانِ وَمُـنْتَهى الْعِلْمِ وَزِيْنَةَ
الْـعَـرْشِ وَمَبْـلَـغَ الـرِّضَـاءِ بِـرَحْـمَتِكَ يَـا اَرْحَـمَ
الرَّاحِمِيْنَ۔

**સુબ્હાનલ્લાહિ મિલ્અલ્મીઝાનિ વ મુન્તહલ્ઈલિમ વઝીનતલ્અર્શિ વ મબ્લગર્રિદ઼ાઈ બિરહ્મતિક યા અર્હમર્રાહીમીન.**

પછી એકવાર આ પ્રમાણે પઢે :–

رَضِيْتُ بِاللّٰهِ يَا كَرِيْمًا وَبِمُحَمِدٍ نَبِيِّنَا وَبِا لْاِسْلَامِ
دِيْنًا وَ بِالْقُرانِ اِمَا مًا وَبِا لْكَعْبَةِ وَقِبْلَةً وَبِا لْمُؤْمِنِيْنَ
اِخْوَانًا

**રદ઼ીતુ બિલ્લાહિ યા કરીમન્ વબિમુહમ્મદિ નબિચ્યિના**

**વબિલ્ઈસ્લામિ દીના વબિલ્કુઆનિ ઈમામન્ વબિલ્કઅ્બતિ વ કિ઼બ્લતન્ વ બિલ્મુઅ્મિનીન ઈખ્વાના.**

પછી ત્રણવાર આ પ્રમાણે કહે :–

**بِسْمِ اَللّٰـهِ خَيْرِ اَلاَ سْمَاءِ بِسْمِ اَللّٰهِ رَبِّ اَلاَ رْضِ وَ**

**اَلسَّمَآءِ بِسْمِ اَللّٰهِ اَلَّذِىْ لَا يَضُّرُّ مَعَ اِسْمِهِ شِئٌ فِى**

**اَلْاَرْضِ وَلَا فِى السَمَاءِ وَهُوَ السَمِيْعُ اَلعَلِيْمَ**

**બિસ્મિલ્લાહિ ખય્રિલ અસ્માઈ઼ બિસ્મિલ્લાહિ રબ્બિલઅર્દ઼િવસ્સમાઈ બિસ્મિલ્લાહિલ્લઝી લાયદુર્રુ મઅઈસ્મિહી શયઉન્ ફિલ્અર્દ઼િ વલા ફિસ્સમાઈ. વહુવસ્સમીઉલ અ઼લીમ.**

ત્યારબાદ અમુકવાર આ પ્રમાણે કહે :–

**اَللّٰهُمَّ اَجِرْنَا مِنَ النَّارِ يَا مُجِيْرٌ**

**અલ્લાહુમ્મ અજિર્ના મિનન્નારિ યા મુજીર.**

ત્યારબાદ દસવાર આ પ્રમાણે કહે : **لَآاِلٰهَ اِلَّا اللّٰهُ** અને દસમીવાર **مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰه** ﷺ કહે. પછી એકવાર આ પ્રમાણે કહે :–

**وَاَشْهَدُاَنَّ الجَنَّةَ حَقٌ وَالنَّادَبِحَقٌ وَالْمِيْزَان حَقٌ**

**وَالْمَوْتَ حَقٌ وَالْسَوَالَ حَقٌ وَالْصِّرَاطَ حَقٌ**

**وَالْشَفَائَةِ حَقٌ وَكَرَامَةُ اَلْاَوْلِيَاءِ حَقٌ وَمُعْجَزَةُ الْاَنْبِيَآءِ**

**حَقٌ فِىْ الْدَّارِ اَلْدُّ نْيَا وَاِنَّ السَّاعَةَ اٰتِيَةٌ لَارَيْبَ**

**فِيْهَا۔ وَاِنَّ اللّٰهِ يَبْعَثُ مَنْ فِىْ اَلْقُبُوْرِ**

**અશહદુ અન્ન જન્નત હક્કુન વલ્મીઝાન હક્કુન્ વલ્મૌત હક્કુન વસ્સવાલ હક્કુન્ વલ્સિરાત હક્કુન વશ્શફાઅતિ હક્કુન્ વ કરામતુલ અવલિયાઈ હક્કુન્ વ મુઅજઝાતુલ્અંબિયાઈ હક્કુન્ ફિદ્દારિદ્દુન્યા વઈન્નસાઅત આતિયતુન્ લારૈબ ફીહા. વઈન્નલાહિ યબ્અષુ મન્ફિલ્કુબૂર.**

પછી હાથ ઉઠાવીને આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ زِدْنُوْرَ نَاوَزِدْحُضُوْرَنَا وَ زِدْمَغْفِرَتَنَا وَزِدْطَاعَتَنَا
وَزِدْ نُعِمَتَنَا وَزِدْ مَحَبَّتَنَا وَزِدْ عِشْقَنَا وَزِدْ قُبُوْلَنَا
بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ۔

**અલ્લાહુમ્મઝિદ્નૂરના વઝિદ્ હુદૂરના વઝિદ મગ્ફિરતના વઝિદ્ તાઅતના વઝિદ્ નુઈમતના વઝિદ્ મહબ્બતના વઝિદ્ ઈશ્કના વઝિદ્ કુબૂલના બિરહૅમતિક યા અર્હમર્રાહિમીન.**

ત્યારબાદ મુસબ્બિઆતે અશ્રા (સૂરએ ફાતિહા, સૂરએ નાસ, સૂરએ ફલક઼, સૂરએ ઈખ્લાસ, સૂરએ કાફિરૂન, આયતુલ કુર્સી, ત્રીજો કલ્મો દરેકને સાતવાર બિસ્મિલ્લાહ સાથે પઢવું) અને સૂરએ યાસીન પઢે. પછી સો વાર સૂરતુલ મુલ્ક પઢે, પછી સૂરતુલ જુમ્અહ પઢે. પછી જ્યારે સૂર્ય ઊંચો થાય તો ઈશ્રાકની નમાઝ દસ રકાત પાંચ સલામથી એ રીતે પઢે કે પ્રથમ રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરએ ઝિલ્ઝાલ એકવાર. બીજી રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરએ કૌષર એકવાર. નમાઝ પછી દસવાર દુરૂદ શરીફ પઢીને કુર્આનની તિલાવતમાં

મશ્ગૂલ થઈ જાય. પછી ચાશ્તની નમાઝ બાર રકાતો છ સલામો સાથે એ રીતે અદા કરે કે દરેક રકાતમાં સૂરએ ફાતિહા એકવાર અને સૂરતુદુહા એકવાર. પછી સલામ બાદ સો વાર ત્રીજો કલ્મો સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ....પૂરો પઢે અને સો વાર દુરૂદ શરીફ પઢે પછી મોડે સુધી કુર્આન શરીફની તિલાવતમાં મશ્ગૂલ રહે. અલ્બત્ત ખિઝર علیہ السلام સાથે મુલાકાત થશે. પછી સૂરતો પઢે એટલે ''અલમતર કયૂફ''થી લઈને સૂરએ નાસ સુધી. સલામ પછી દસવાર દુરૂદ શરીફ પઢે પછી સૂરએ નૂહ પઢે અને યાદે ઈલાહીમાં અસ્રની નમાઝ સુધી મશ્ગૂલ રહે.

પછી સો વાર : **لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِىِّ الْعَظِيْمِ** (લાહૈલ પૂરું) પઢે, પછી સૂરએ ફતહ પછી સૂરએ મુલ્ક પાંચવાર પઢે. પછી સૂરએ અમ્મ યતસાઅલૂન અને સૂરએ વન્નાઝિઆત પઢે તો અલ્લાહ તઆલા તેને કબ્રમાં છોડશે નહીં , પછી યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ જાય.

શરહે મશાઈખમાં લખ્યું છે કે જે શખ્સ સૂરએ નાઝિઆત પઢશે અલ્લાહ તઆલા તેને કબ્રમાં છોડશે નહીં. ત્યારબાદ સાંજની (મગરિબની) નમાઝ પઢે. સુન્નતો પછી બે રકાત નમાઝે હિફઝે ઈમાન અદા કરે. પહેલી રકાતમાં ફાતિહા પછી સૂરએ ઈખ્લાસ ત્રણવાર ત્રણવાર અને સૂરએ નાસ એકવાર પઢે.

નમાઝથી ફારિગ થઈને માથુ સિજદામાં રાખીને કહે : **يَاحَىُّ يَاقَيُّوْمُ ثَبِّتْنَا عَلَى الْاِيْمَانِ યા હય્યૂ યા કૈયૂમ ષબ્બિતની અલલ ઈમાન.**

પછી નમાઝે અવ્વાબીન અદા કરે. પરંતુ અમારી નજીક છ રકાત ત્રણ સલામથી અદા કરે. પ્રથમ રકાતમાં ફાતિહા

પછી સૂરએ ઝિલ્ઝાલ, બીજી રકાતમાં ફાતિહા પછી સૂરએ તકાષુર, ત્રીજીમાં ફાતિહા પછી સૂરએ વાક઼િઆ પઢે. પછી ઈશાની નમાઝ સુધી યાદે ઈલાહીમાં મશ્ગૂલ રહે. પછી ઈશાની નમાઝથી પહેલાં આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ اَعِنِّى عَلٰى ذِكْرِكَ وَشُكْرِكَ وَحُسْنِ عِبَادَتِكَ

**અલ્લાહુમ્મ ઈન્ની અલા ઝિક્રિક વ શુક્રિક વ હુસ્નિ ઈબાદતિક.**

પછી ઈશાની નમાઝ ચાર રકાત અદા કરે એ રીતે કે પ્રથમ ચાર રકાતમાં સૂરએ ફાતિહા પછી ત્રણવાર ઈન્ના અન્ઝલ્ના અને પંદરવાર સૂરએ ઈખ્લાસ પઢે. પછી નમાઝથી ફારિગ થઈને માથુ સિજદામાં રાખીને બેસે તો આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ بَرْكَةَ فِىْ الْعُمُرِوَصِحَّةً فِىْ

الْمُعِيْشَةِ وَسِعَةً فِىْ الرِّزْقِ وَ زِيَادَةً فِىْ العِلْمِ وَثَبِّتْنَا

عَلَى الْاِيْمَانِ۔

**અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક બરકતિ ફિલ્ઉમ્રિ વ સિહતિ ફિલ્મઈશતિ વુસ્અતિ ફિર્રિઝ્ક઼િ વ ઝિયાદતિ ફિલ્ઈલ્મિ વ ષબ્બિતના અલલ્ ઈમાન.**

ત્યારબાદ રાતના ત્રણ હિસ્સા કરે, પ્રથમ હિસ્સો નમાઝમાં પસાર કરે. બીજો તહજ્જુદમાં, જેના બારામાં રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે આ નમાઝ મારા માટે ફર્ઝ છે. એ ચાર સલામથી અદા કરે અને જેટલા પ્રમાણમાં કુર્આન શરીફ યાદ હોય તેને પઢે, પછી થોડીવાર સૂઈ જાય. પછી ઉઠીને તાજુ વુઝૂ કરે અને સુબ્હ કાઝિબ (ફજરનો સમય શરૂ થતા પહેલાં ઉદ્ભવ થતો પ્રકાશ થાય તે) સુધી યાદે ઈલાહીમાં મશ્ગૂલ રહે. કહે છે કે

એક બુઝુર્ગથી તહજ્જુદની નમાઝ છૂટી ગઈ તો ઘોડાથી પડી ગયા અને તેમનો પગ ભાગી ગયો. વિચારવા લાગ્યા કે આ મુસીબત શાથી આવી પડી ! ગયબથી અવાજ આવ્યો કે તહજ્જુદની નમાઝ તારાથી છૂટી ગઈ ! જેવું ઉપર વર્ણન થઈ ચૂકયું છે સુબ્હ કાઝિબ સુધી મશ્ગૂલ રહે. આવું દરરોજ કર્યા કરે, પરંતું એમાં વધારો ઘટાડો ન કરે જેથી મશાઈખની સુન્નત અદા થાય. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## (મજલિસ : ૦૯)

## ★ રાહે સુલૂક વિશે ચર્ચા ★

જ્યારે કદમબોસીની દૌલત નસીબ થઈ તો એ સમયે શૈખ અવહદ કિર્માની, શૈખ વાહિદ બુરહાન ગઝનવી, ખ્વાજા સુલૈમાન અબ્દુર્રહમાન તથા અન્ય અમુક દરવેશો ખિદમતમાં હાજર હતા. સુલૂકના બારામાં વાત શરૂ થઈ. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મશાઈખે સુલૂકના સો દરજ્જા નક્કી કર્યા છે એમાંથી સત્તરમો મર્તબો કશ્ફો કરામતનો છે, તો જે શખ્સ આ સત્તરમા દરજામાં પોતે પોતાને જાહેર કરી આપે તો બાકીના ત્યાસી દરજા કઈ રીતે હાંસલ કરશે ? સાલિકે (સુલૂકના માર્ગે ચાલનારે) જોઈએ કે જ્યાં સુધી સો (૧૦૦)મા મર્તબે ન પહોંચી જાય ત્યાં સુધી પોતે પોતાને જાહેર ન કરે.

પછી ફર્માવ્યું કે ખ્વાજગાને ચિશ્તના ખાનદાનમાં અમુક પંદર દરજા નિશ્ચિત કર્યા છે જેમાં પાંચમો કશ્ફો કરામતનો છે. અમારા ખ્વાજગાન ફર્માવે છે કે જ્યાં સુધી પંદરમાં દરજે ન પહોંચી જાય ત્યાં સુધી પોતાના તરફથી જાહેર ન કરે તો કામિલ થશે.

તેમજ ફર્માવ્યું કે સુલૂકના સંબંધે લખ્યું છે કે એકવાર ખ્વાજા જુનેદ બગદાદી رحمۃاللہ علیہને પૂછવામાં આવ્યું કે આપ દીદાર કેમ નથી ચાહતા ? જો ચાહો તો જરૂર મળી જાય. ફર્માવ્યું, હું એક ચીજ નથી ચાહતો તે એ છે કે જે મૂસા علیہ السلامએ માગી હતી (અલ્લાહનો દીદાર) અને તેમને નસીબ થઈ ન હતી, પરંતુ રસૂલુ ખુદા ﷺને વણ માગ્યે મળી. તો પછી બંદાને ખ્વાહિશથી શો વાસ્તો ?! જો તે એના લાયક હશે તો હિજાબ ઉઠાવી લેશે અને તજલ્લી થઈ જશે, તો શું જરૂરત છે કે આપણે ખ્વાહિશ કરીએ ?!

## ★ ઈશ્ક઼ના બારામાં ચર્ચા ★

ત્યારબાદ ઈશ્ક઼ના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે, "આશિક઼નું દિલ મહોબ્બતનો આતિશકદા (ભઠ્ઠો) હોય છે, જે એમાં જાય તેને સળગાવી નાખે અને નાચીઝ કરી આપે છે, કેમ કે ઈશ્ક઼ની આગથી વધીને કોઈ આગ તેજ નથી."

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃاللہ علیہ મક઼ામી કુર્બમાં પહોંચ્યા તો ગયબથી અવાજ આવ્યો કે હે બાયઝીદ ! આજે તારી દરખાસ્ત અને અમારી બખ્શિશનો સમય છે, જે ચાહે માગ ! અમે આપીશું ! ખ્વાજા બાયઝીદ رحمۃاللہ علیہએ સજદામાં માથુ રાખીને અર્ઝ કરી કે બંદાને ખ્વાહિશથી શો સંબધ ! જે કાંઈ બાદશાહથી અતા થશે એના પર રાજી છે. અવાજ આવ્યો, હે બાયઝીદ ! અમે તને આખેરત આપી ! અર્ઝ કરી કે તે દોસ્તાનાએ ઈલાહીનું કૈદખાનુ છે. પછી અવાજ આવ્યો, હે બાયઝીદ ! જન્નત, દોઝખ, અર્શ, કુર્સી અને જે અમારી મિલ્કિયત છે સર્વ કાંઈ તને આપ્યું ! અર્ઝ કરી, નહીં ! અવાજ આવ્યો કે, તો પછી તારો શો હેતુ છે ? અર્ઝ કરી, પરવરદિગાર ! તને ખૂદ માલૂમ છે. અવાજ આવ્યો, હે બાયઝીદ ! શું તુ મને તલબ કરે

છે ?! જો હું તને તલબ કરું તો પછી શું કરે ? આ અવાજ સાંભળતાં જ અર્ઝ કરી કે મને તારી કસમ ! જો તું મને તલબ કરે તો કયામતના દિવસે જ્યારે મારો હશ્ર થાય તો દોઝખની પાસે ઉભો થઈને એક જ આહ વડે દોઝખની આગને નાબૂદ કરી દઉં. કેમ કે મહોબ્બતની આગના સામે દોઝખની આગની કાંઈ હકીકત નથી. જ્યારે આ કસમ ખાધી તો અવાજ આવ્યો, હે બાયઝીદ ! જે કાંઈ તું ચાહે છે તે તને મળી ગયું.

પછી એ મોકાને અનુરૂપ આ હિકાયત વર્ણન કરી કે રાબિઆ બસરી એક રાતે શોખ તથા ઈશ્તિયાકના કારણે "અલ્હરીક ! અલહરીક !" પોકારતી હતી. બસરાવાસીઓ, આ ફરિયાદ સાંભળીને બહાર નીકળ્યા જેથી આગ ઓલવી નાખે. એમનામાં એક શખ્સ વાસિલે ખુદા હતો તેણે કહ્યું, કેવા બેવકૂફ છે કે રાબિઆની આગ ઓલવવા આવ્યા છે ! એમના તો સીનામાં ઈશ્કની આગ ભડકેલી છે એ દોસ્તના વિસાલ સિવાય ઓલવાશે નહીં.

પછી ફર્માવ્યું કે મન્સૂર હલ્લાજને પૂછવામાં આવ્યું કે દોસ્તના ઈશ્કમાં કમાલિયત કઈ ચીજનું નામ છે ? ફર્માવ્યું, જ્યારે માશૂક સિયાસત કરવા ચાહે અને આશિકનું સર કાપવા ચાહે તો ચૂં કે ચા ન કરે અને માશૂકની રઝા માટે તત્પર રહે અને તેના મુશાહિદા (દીદાર)માં એવો ડૂબેલો રહે કે તેને બંધાવા કે ખુલવાની રજમાત્ર ખબર ન પડે. પછી ખ્વાજા મોઈનુદ્દીન رحمۃ اللہ علیہએ અશ્રુમય આંખે આ શેઅર પઢયો.

***ખૂબરૂયાં ચૂં બંદા ગીરંદ–આશિકાં પેશે શાં ચુનીં મીરંદ***

**(ભાવાર્થ)** : *"હુસ્નવાળા જ્યારે કોઈને કેદી બનાવે છે તો આશિકો તેમના સમક્ષ આમ જ (જોતજોતાંમાં) જાન આપી દે છે."*

ત્યારબાદ એ જ મોકાસર ફર્માવ્યું કે બગદાદમાં એક આશિક઼ને હજાર કોરડા લગાડવામાં આવ્યા છતાં ન તો તેણે હાથ ઉઠાવ્યો અને ન તેના પગો ડગમગ્યા. એક વાસિલે તેને પૂછયું, શું હાલત છે ? કહ્યું, મારો માશૂક઼ મારી સામે હતો તેના દીદારની શક્તિ વડે મને રજમાત્ર તકલીફ ન થઈ બલ્કે ખબર પણ ન થઈ !

ઈમામ મુહમ્મદ ગિઝાલી ફર્માવે છે કે એકવાર બગદાદમાં કોઈ મુજરિમના હાથ પગો કાપવામાં આવ્યા તો તે હસતો હતો. એક જણે તેને હસવાનો સબબ પૂછયો તો કહ્યું, મારો મહબૂબ આંખોની સામે છે તેના દીદારની શક્તિના કારણે મને તેના દર્દની ખબર ન થઈ ! હું એવો ડૂબેલો હતો કે મને પગો કપાવવાની ખબર જ નથી ! ખ્વાજા સાહબે અશ્રુમય આંખે આ શેઅર પઢયો :

**ઊ બરસરે ક઼ત્લ વ મન દર્વે હૈરાનમ્**
**કાં રાન્દન તબ્અશ ચે નેકો મિઆદ**

**(ભાવાર્થ)** : *"એ ક઼ત્લ કરવા ચાહે છે અને હું એમાં ખોવાયેલો છું કે આ અનુસરણ એના પાછળ કેટલુ સારું લાગે છે."*

## ★ અહલે સુલૂક અને આરિફો વિશે ★

ત્યારબાદ અહલે સુલૂક અને આરિફોના અહવાલ સંબંધી ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ એ મુનાજાત (દુઆ)ના સમયે આ શબ્દો કહ્યા : "યા અલ્લાહ ! તારી તરફ (રાહે સુલૂક઼) કઈ રીતે પ્રાપ્ત થશે ?" અવાજ આવ્યો, "હે બાયઝીદ ! પ્રથમ તારી જાતથી ત્રણ તલાક઼ આપ, અને પછી અમારી વાત કર."

ત્યારબાદ ખ્વાજા સાહબે ફર્માવ્યું કે જ્યાં સુધી માણસ રાહે સુલૂકમાં પ્રથમ દુનિયા તથા તેમાં જે કાંઈ છે તે, અને પછી પોતાની

જાતને ન છોડે તો અહલે સુલૂકમાં પ્રવેશી જ નથી શક્તો, અને ન એમનામાંનો થાય છે. તો જો એની આવી હાલત ન હોય તો સમજો કે જૂઠો છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એક તરીક઼તના બુઝુર્ગે જે ઈશ્ક઼વાળાઓમાંથી હતા એકવાર મુનાજાતમાં કહ્યું કે, તું તો મારાથી સિત્તેર સાલનો હિસાબ પૂછીશ, પરંતુ હું તો સિત્તેર હજાર સાલનો પૂછીશ ! કેમ કે સિત્તેર એંસી હજાર વરસનો અરસો થયો તેં ''અલસ્તુ બિરબ્બિકુમ !'' (શું હું તમારો રબ નથી !) કહીને આખા જહાનમાં શોર મચાવી આપ્યો ! આ શોર જે જમીન તથા આસમાનમાં મચેલો છે એ સૌ ''અલસ્તુ''ના શોખના કારણે છે. જેથી એ બુઝુર્ગે આ વાત કહી, અવાજ આવ્યો કે જવાબ સાંભળ ! તારી આરઝૂ તને મળી જશે, એટલે હું તારા વુજૂદને રજકણ રજકણ કરીને દરેક રજકણને દીદાર દેખાડીશ અને કહીશ, આ છે સિત્તેર હજાર સાલ ! અને બાકી અલગ રાખી દઈશ.

પછી એ મોક઼ાને અનુરૂપ ફર્માવ્યું કે આરિફ દરરોજ એ વાત કહ્યા કરે છે કે એક શખ્સ કોઈ ચીજની તરફ આકર્ષિત થાય છે પણ હું કોઈ ચીજ પ્રતિ આકર્ષિત નથી થતો. તો એકવાર પણ મેં ફિદા ન કર્યું ચાહે સાતેવ આસ્માન ઉલટ પુલટ થઈ જાય, હું કદી મારા માટે ન તલબ કરીશ. પછી શોખના ગલ્બા હેઠળ કહ્યું, કે એણે મને જોવા ચાહ્યું પરંતુ અમે એને જોવા ન ચાહ્યું, એટલે બંદાને મુરાદ તથા ખ્વાહિશથી શું કામ ?!

પછી ફર્માવ્યું કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ત્રીસ વરસથી હક્ક઼ (ની તલાશ)માં હતો, હવે મેં મારો આયનો આપી દીધો. એટલે કે જે કાંઈ મેં જોયું હતું તે ન રહ્યું, અને શિર્કત વગેરે તેમજ ઘમંડ તથા હુંપદ બિલકુલ ઉઠી ગયું, પરંતું કેમ કે હું

ન રહ્યો એટલા માટે હક્ક઼ તઆલા જ પોતાનો આયનો છે, અને જે કાંઈ હું કહું છું તે પોતાનો આયનો છે. એટલે હક્ક઼ તઆલા મારી ઝબાનથી કહે છે અને મારી વચમાં દખલ નથી.

પછી ફર્માવ્યું, જ્યારે હું ખુદાની નિકટ (કુર્બે ઈલાહીમાં) પહોંચી ગયો તો એક રાત્રે હું ઈશ્ક઼માં મારા દિલને તલબ કરી રહ્યો હતો. સવારના સમયે અવાજ આવ્યો, હે બાયઝીદ ! શું તું અમારા સિવાય અન્ય કાંઈ તલબ કરે છે ?! તારે દિલ સાથે શું લેવા દેવા ?!

ત્યારબાદ એ મોક઼ા પર ફર્માવ્યું કે આરિફ તે શખ્સ છે કે ચાહે ગમે ત્યાં હોય અને ગમે તે માગે તે તેની પાસે આવી જાય. જેની સાથે વાત કરે તેનાથી જ જવાબ સાંભળે. આ રાહમાં આરિફ તે નથી જે અલ્લાહ તઆલા સિવાય કોઈ ચીજના પાછળ હોય.

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફોનો દરજો એ પ્રકારનો હોય છે કે જ્યારે એ દરજા પર પહોંચે તો દુનિયા તથા તેમાં જે કાંઈ છે તેને પોતાની આંગળીઓમાં જુએ છે. જેમ કે બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આપે તરીક઼તમાં ક્યાં સુધી તરક્કી કરી છે ? ફર્માવ્યું, ત્યાં સુધી કે જ્યારે હું મારી બંનેવ આંગળીઓ વચ્ચે નજર કરું છું તો એમાં સર્વ દુનિયા અને તેમાં જે કાંઈ છે તે મને દેખાવા લાગે છે.

પછી ફર્માવ્યું કે અલ્લાહની મહોબ્બતમાં આરિફનો કમાલનો દરજ્જો એ છે કે પ્રથમ ખૂદ દિલી નૂર દેખાડે, અને પછી જો કોઈ શખ્સ એની પાસે દાવો કરીને આવે તો તેને કરામતના જોર વડે માનતો કરી દે.

પછી ફર્માવ્યું કે એકવાર શયખ ઓહદ કિર્માની رحمۃ اللہ علیہ અને શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની સંગાથે મદીના શરીફ તરફ સફર કરી રહ્યો હતો. જ્યારે અમે દમિશ્કમાં પહોંચ્યા તો ત્યાં મસ્જિદની

સામે બાર હજાર અંબિયાના રોઝા જોયા જ્યાં લોકોની હાજતો પૂર્ણ થાય છે. અમે અંબિયાની ઝિયારત કરી અને ત્યાંના બુઝુર્ગ વિશે તલાશ કરી તો એક દિવસ શયખ ઓહદ કિર્માની તથા શયખ ઉષ્માન હારૂનીની સાથે એક ખુદા રશીદા બુઝુર્ગ દરવેશ મુહમ્મદ આરિફ નામવાળાને દમિશ્કની મસ્જિદમાં જોયા. અન્ય બીજા દરવેશો એમની પાસે બેઠેલા હતા અને વાત એના બારામાં થઈ રહી હતી કે જે શખ્સ કોઈ ચીજનો દાવો કરે અને જ્યાં સુધી લોકોમાં તે જાહેર (પ્રદર્શિત) ન કરે તો તેઓ કેવી રીતે જાણી શકે છે ? સારાંશ કે એક માણસ મુહમ્મદ આરિફથી બહષ કરી રહ્યો હતો અને મુહમ્મદ આરિફ કહેતા હતા કે કયામતના દિવસે દરવેશોને માફી મળી જશે અને માલદારોથી હિસાબ કિતાબ લેવામાં આવશે. તે શખ્સને એ ગમ્યું નહીં, તો પૂછયું કે કઈ કિતાબમાં લખ્યું છે ? ખ્વાજા મુહમ્મદ આરિફને કિતાબનું નામ યાદ ન હતું. થોડીકવાર મુરાકેબો કરીને નામ બતાવ્યું. તે શખ્સે કહ્યું, જ્યાં સુધી મને ન બતાવો હું માનીશ નહીં ! માથુ ઉઠાવીને કહ્યું, જે ખુદાના બંદાઓને સહીફો દેખાડયો છે આ મર્દની સામે રાખ જેથી જોઈ લે ! ફરિશ્તાઓને હુકમ થયો તો તે કિતાબ જેમાં આ લખાણ લખેલુ હતું તે તેને દેખાડયું. તેણે ઉઠીને ઈકરાર કર્યો અને કદમોમાં ઝુકી પડયો. કહ્યું, જુઓ ! આ છે ખુદાના મર્દ !

ત્યારબાદ ચર્ચા એના બારામાં શરૂ થઈ કે જે શખ્સ આ મજલિસમાં છે તે પોતાની કરામત દેખાડે. આ સાંભળતાં જ ખ્વાજા ઉષ્માન હારૂનીએ તરત જ મુસલ્લા નીચે હાથ નાખ્યો અને મુઠ્ઠી ભરીને અશરફીઓ કાઢી લાવ્યા. એક દરવેશ મૌજૂદ હતો તેને આપીને ફર્માવ્યું, દરવેશો માટે હલ્વો લઈ આવ. જ્યારે તેમણે આ કરામત દેખાડી તો શયખ ઓહદે પાસે પડેલી લાકડીને હાથ

માર્યો તો અલ્લાહના હુકમથી તે સોનાની બની ગઈ. પાછળ રહી ગયો હું ! હું મારા પીરના કારણે કોઈ વાત જાહેર કરી શકતો ન હતો. શયખ ઉષ્માન હારૂનીએ મને સંબોધીને ફર્માવ્યું કે તમે કેમ કાંઈ કહેતા નથી ?! ત્યાં એક ભૂખ્યો દરવેશ હતો જે શરમનો માર્યો સવાલ કરતો ન હતો. મેં ગોદડીમાંથી જવની ચાર રોટીઓ કાઢીને તેને આપી દીધી. તે દરવેશ અને ખ્વાજા મુહમ્મદ આરિફે ફર્માવ્યું, કે દરવેશમાં જ્યાં સુધી આટલી શક્તિ ન હોય ત્યાં સુધી તેને દરવેશ નથી કહેતા.

પછી ફર્માવ્યું કે એક બુઝુર્ગ કહ્યા કરતા હતા કે જ્યારથી મેં દુનિયાને દુશ્મન ઠરાવી દીધી ત્યારથી હું લોકોની પાસે નથી ગયો. ખુદાને લોકો કરતાં અગ્રતા આપી અને મારા પર મહોબ્બતે એટલા પ્રમાણમાં ગલ્બો (પ્રભાવ) કર્યો કે હું મારા વજૂદને પણ દુશ્મન સમજવા લાગ્યો અને જિંદગી તથા મૌતને વચ્ચેથી ઉઠાવી લીધું, કેવળ હક્ક઼ તઆલાની બક઼ા તથા કુર્બતને ચાહું છું.

ત્યારબાદ ફર્માવ્યું કે સુલૂકના બારામાં લખ્યું છે કે ક઼યામતના દિવસે જ્યારે ખાસ પ્રકારના આશિકોને બહિશ્તમાં લઈ જવાનો હુકમ થશે ત્યારે તેઓ કહેશે, અમે જન્નતને શું કરીએ ? જન્નત એને આપ જેણે જન્નતની લાલચમાં તારી ઈબાદત કરી. પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે જયારે પોતાનો દિલદાર કોઈ શખ્સને આપવામાં આવે તો પછી તે બહિશ્તને શું કરે ! પછી એ ઈર્શાદ ફર્માવ્યો કે જો તમારાથી થઈ શકે તો પ્રથમ બક઼ા હાંસલ કરો, જો નથી કરી શકતા તો લાયકાત અને ઝુહદ તો એક હવાની જેમ છે જે તમારા પર ચાલે છે.

પછી ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે ઘણા બધા મર્દોને આજિઝ અને આજિઝોને મર્દ બનાવી દીધા છે. (આ રાહમાં)

પછી એના બારામાં ફર્માવવામાં આવ્યું કે ગુનાહ તમને એટલુ નુકસાન નથી પહોંચાડી શકતા જેટલુ મુસલમાન ભાઈને બેઈજ્જત કરવું અને તેને ઝલીલ કરવું નુકસાન પહોંચાડે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એક દરવેશ ઘણા બુઝુર્ગ તથા વાસિલ હતા. તે કહ્યા કરતા હતા કે દુનિયાવાળા દુનિયાના માર્ગમાં મઅઝૂર છે અને અહલે આખેરત હક્કની દોસ્તીની ખુશીમાં ખુશ છે. અને અહલે મગરિબ નૂરુન અલા નૂર છે, આ એક ભેદ છે જેને અહલે સુલૂક જાણે છે. અહલે મગરિબની ઈબાદત યાસે અન્ફાસ (નફ્સોને મારવું) છે.

પછી ફર્માવ્યું કે જ્યારે આરિફ ખામોશ હોય છે તો એનાથી એ મતલબ થાય છે કે તે અલ્લાહ તઆલાથી વાતો કરે છે, અને જ્યારે આંખો બંધ કરે છે એટલે સૂએ છે તો એટલા માટે માથુ નથી ઉઠાવતા કે ક્યાંક ઈસ્રાફીલ સૂર ન ફૂંકી આપે.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે હક્ક તઆલાની ઓળખની નિશાની એ છે કે ખામોશ રહે અને ખલ્કત (લોકો)થી દૂર ભાગે.

પછી એ મોકાસર ફર્માવ્યું કે એકવાર શાહ શુજાઅ કિર્માનીને પૂછવામાં આવ્યું કે કઈ સાલથી ઓળખ હાંસલ થઈ ? ફર્માવ્યું, જ્યારથી ઓળખ હાંસલ થઈ ત્યારથી લોકોથી ભાગવા લાગ્યો.

ત્યારબાદ ફર્માવ્યું, જેણે ખુદાને ઓળખી લીધો તે જો ખલ્ક (મખ્લૂક)થી દૂર ન ભાગે તો સમજી લો કે એમાં કોઈ નેઅમત નથી. પછી એ જ મોકાના હેઠળ ફર્માવ્યું કે આરિફ તે શખ્સ હોય છે જે કાંઈ તેની અંદર હોય તેને દિલથી કાઢી નાખે જેથી પોતાના દોસ્તની જેમ એકલો થઈ જાય, તો અલ્લાહ તઆલા તેનાથી કોઈ ચીજ હટાવી નહીં રાખે, ન તે બંનેવ જહાનની પરવા કરશે.

ત્યારબાદ ફર્માવ્યું કે જો કયામતના દિવસે કોઈ ચીજ બહિશ્તમાં પહોંચશે તો ઝુહદ ન કે ઈલ્મ. પછી ફર્માવ્યું કે આરિફ ભલે મઅરેફતની બાબતે કેટલું પણ બયાન કરે અને દોસ્તની ગલીમાં ફરે, જ્યાં સુધી મઆરિફ યાદ ન કરે ત્યાં સુધી આરિફ થઈ જ નથી શકતો.

ત્યારબાદ ફર્માવ્યું કે અહલે મહબ્બતની ફરિયાદ શોખ તથા આતૂરતાના કારણે એ સમય સુધી રહે છે જ્યાં સુધી તે દોસ્તથી ન મળી જાય, એટલા માટે કે આશિક એ વખતે હાયવોય કરે છે જ્યાં સુધી મા'શૂક સાથે તેનો મેળાપ ન થઈ જાય, જ્યારે મા'શૂકને જોઈ લે છે તો વચ્ચેથી ચર્ચા ઉઠી જાય છે.

પછી ઝબાન મુબારકથી ફર્માવ્યું કે નદીઓમાં વહેતુ પાણી શોર કરે છે, પરંતુ જ્યારે સમુદ્રમાં જઈને પડે છે તો પછી અવાજ બંધ થઈ જાય છે, એ જ રીતે જયારે આશિકને મા'શૂક સાથે મેળાપ થઈ જાય છે તો આશિક હાયવોય નથી કરતો.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાનથી સાંભળ્યું છે કે અલ્લાહ તઆલાના એવા દોસ્ત પણ છે કે જો દુનિયામાં તે એમનાથી એકદમ હિજાબમાં રહે તો નાબૂદ થઈ જાય અને ઈબાદત ન કરી શકે.

ત્યારબાદ એ જ મોકાસર ફર્માવ્યું કે એકવાર ખ્વાજા અબ્દુલ્લાહ હનીફ ભૂલથી દુનિયાના કામમાં મશ્ગૂલ થયા. યાદ આવ્યું કે આ તો દોસ્તના વિરૂદ્ધ છે તો કસમ ખાધી કે જ્યાં સુધી જીવતો રહીશ ત્યાં સુધી દુનિયવી કામમાં મશ્ગૂલ થઈશ નહીં. જેથી એના પછી પચાસ વરસો સુધી જીવતા રહ્યા પરંતું આપને કોઈ દુનિયવી કામમાં મશ્ગૂલ ન જોયા. પછી બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના ઈશ્કના વલવલા વિશે ફર્માવ્યું કે આપ દરેક સવારે

નમાઝથી ફારિગ થઈને એક પગ પર ઉભા રહીને ફરિયાદ કર્યા કરતા હતા. એક દિવસે આ અવાજ સાંભળ્યો કે, "એ વખતે વિસાલ થશે જ્યારે જમીન લપેટી લેવામાં આવશે અને અન્ય જમીનો પેદા કરવામાં આવશે."

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ બુસ્તામના જંગલમાં નીકળ્યા. શોખ તથા આતૂરતાના આલમમાં પડીને એવું ફર્માવ્યા કરતા હતા કે જેટલુ હું જંગલ જોઉં છું એટલા પ્રમાણમાં મને દેખાય દે છે કે અહીં ઈશ્ક઼ વરસ્યો છે, અહીંથી પગ કાઢવા ચાહું છું પણ નથી કાઢી શકતો.

પછી ફર્માવ્યું કે મહોબ્બતની રાહ એવી રાહ છે કે જે શખ્સ ઈશ્ક઼ની રાહમાં પડે છે એનું નામો નિશાન નથી મળતું.

પછી ફર્માવ્યું અહલે ઈરફાન યાદે ઈલાહી સિવાય કોઈ વાત જીભથી કાઢતા નથી. પછી ફર્માવ્યું, આરિફ થકી અદનાથી અદના વાત એ જાહેર થાય છે કે તે મુલ્ક તથા માલથી બેઝાર થઈ જાય છે. પછી અશ્રુમય આંખે ફર્માવ્યું કે હક્ક઼ તો એ છે કે જો તે એની દોસ્તીમાં બંને જહાન પણ ખર્ચી નાખે તો પણ ઓછુ છે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા સમનૂન મુહિબ્બ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે અવલિયાનાં દિલો ખૂદ એ વાતમાં સહમત છે કે તેની મઅરેફત તથા મહોબ્બતનો બોજ ઉઠાવી શકશે નહીં, એટલા માટે ઈબાદતમાં મશ્ગૂલ છે, જેથી ખાસ બોજ નથી ઉઠાવી શકતાં કેમ કે મુજાહિદા તથા રિયાઝતથી રંજમય થાય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફ તે શખ્સ હોય છે જે એ વાતની કોશિશ કરે કે દમ હાથમાં લાવે. દમ તે છે જે અલ્લાહ તઆલાનો ઝિક્ર કરે અને પોતાની પૂરી જિંદગી એ એક દમના બદલામાં ખર્ચી નાખે. જો એવા દમને આસમાનો તથા જમીનોમાં વરસો

વરસ સુધી શોધે તો પણ ન મેળવી શકે.

પછી ફર્માવ્યું કે મેં મારા પીર હઝરત શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું કે જો કોઈ શખ્સમાં ત્રણ ખાસિયતો જોવા મળે તો સમજી લો કે અલ્લાહ તઆલા તેને દોસ્ત રાખે છે, સખાવત, શફ઼ક઼ત (પ્રેમભાવ) તથા નમ્રતા (તવાઝોઅ). સખાવત દરિયા જેવી શફ઼ક઼ત સૂર્ય જેવી અને આજીજી જમીન જેવી.

પછી ફર્માવ્યું કે હાજી લોકો તો ખોળીયા (શરીર)ને લઈને ખાનાએ કા'બાને તવાફ કરે છે છતાં મુશાહેદા (દીદાર) હાંસલ નથી થતા. પણ અહલે મહ઼બ્બત, આશિક઼ લોકો દિલથી હિજાબે અઝમતના અર્શનો તવાફ કરે છે અને તેના સિવાય કોઈ અન્ય ચીજને જોવા પામે છે તો ફરિયાદ કરે છે, તેઓ કેવળ તેના જ મુશાહિદાને પસંદ કરે છે. પછી ફર્માવ્યું, અહલે સુલૂકમાં મહોબ્બતનો એવો આલમ છે કે લાખો ઉલમા એને સમજવાની તમન્ના કરે છે છતાં રજમાત્ર પણ સમજવા નથી પામતા. અને ઝુહદ એવી તાઅત (આજ્ઞાંકિતપણુ) છે જેની ઝાહિદોને ખબર નથી અને એનાથી ગાફિલ છે. એ એક ભેદ છે જે બંને જહાનથી બહાર છે, અને જેને અહલે મહબ્બત અને અહલે ઈશ્ક઼ના સિવાય કોઈ નથી જાણતુ.

પછી ફર્માવ્યું કે તેને તે જ શખ્સ જાણે છે જે બંનેવ જહાનોમાં સાબિત (અડગ) હોય છે. જે એને જાણે છે તે એને હરગિઝ નથી જોતો, ત્યારબાદ દાવો કરવાનુ છોડી આપે છે જેથી તેને રંજમાં રાખે.

ત્યારબાદ ફર્માવ્યું કે જે ઈશ્ક઼ો મહ઼બ્બતમાં ચર્ચા તથા હરકત તથા પ્રવૃત્તિ છે એ ત્યારે છે જ્યાં સુધી બહાર છે, જ્યારે અંદર આવી જાય છે તો પછી આરામ, ખામોશી અને સાંત્વન હાંસલ

થઈ જાય છે, જેથી તે ફરિયાદ તથા શોર નથી થતો.

પછી ફર્માવ્યું, આ દિલેરી એટલી નથી કે ખ્વાજા દોસ્તની દરગાહથી અલગ છે અને પોતે પોતાના પર આશિક઼ છે, જ્યારે હુઝૂરી હાંસલ થાય છે તો પછી ફરિયાદ ચર્ચા નથી રહેતી. જ્યારે ખ્વાજા સાહબ આ ફવાઈદ વર્ણન કરી ચૂક્યા તો હાજરજનો તથા તથા દુઆગો પરત થઈ ગયા. اَلحَمدُ اللہِ عَلیٰ ذٰلِکَ

## (મજલિસ : ૧૦)

## ★ સોહબતની અસર ★

જુમેરાતના દિવસે ક઼દમબોસીની દૌલત નસીબ થઈ, ઘણા બુઝુર્ગો તથા સુલૂકવાળા હાજર હતા અને વાત નેક સોહબતના બારામાં થઈ રહી હતી. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે હદીષમાં આવ્યું છે કે "સોહબતની અસર ચોક્કસ થાય છે." જો કોઈ બુરો શખ્સ નેકોની સોહબતમાં બેસે તો ઉમ્મીદ કે નેક થઈ જાય, અને નેક બુરાની સોબતમાં બુરો થઈ જશે. કેમ કે જે કોઈએ કાંઈક હાંસલ કર્યું તે સોહબતથી હાંસલ કર્યું, અને જે નેઅમત હાંસલ થઈ તે નેકોથી હાંસલ થઈ.

પછી ફર્માવ્યું કે જો કોઈ બુરો શખ્સ અમુક સમય નેકોની સોહબતમાં રહે તો જરૂર એમની સોહબતની અસર એમાં થઈ જશે. અને તે નેક બની જશે. અને જો નેક શખ્સ બુરાઓની સોહબતમાં બેસે તો તેમની સોહબતની અસર તેનો બુરો કરી દેશે.

પછી એ જ મોક઼ાસર ફર્માવ્યું કે સુલૂકમાં આવ્યું છે કે, "નેકોની સોહબત નેક કામથી બેહતર છે અને બુરાઓની બુરા કામથી બુરી છે."

પછી ફર્માવ્યું કે જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہ ને ખિલાફત મળી તો એ વખતે ઈરાક઼નો બાદશાહ લડાઈમાં ગિરફતાર થઈને આપની પાસે આવ્યો. આપે ફર્માવ્યું કે જો તું મુસલમાન થઈ જઈશ તો તને ઈરાક઼નો બાદશાહ કરી દેવામાં આવશે. તેણે ઈન્કાર કર્યો પછી ફર્માવ્યું, ક્યાં તો ઈસ્લામ સ્વીકાર, નહીં તો ક઼ત્લ કરી દેવામાં આવશે ! તેણે છતાંય ઈન્કાર કર્યો. ફર્માવ્યું, તલ્વાર લાવો ! તે બાદશાહ ઘણો જ ચતુર હતો, જ્યારે આ હાલત જોઈ તો આપને સંબોધીને કહ્યું, હું તરસ્યો છું મને પાણી પીવડાવો ! હુકમ આપ્યો કે એને કાચના વાસણમાં પાણી આપો. તેણે કહ્યું, હું એ વાસણથી નથી પીવા ચાહતો ! ફર્માવ્યું, બાદશાહ છે એટલે સોના ચાંદીનું વાસણ લાવો ! તેણે કહ્યું, હું માટીના વાસણમાં પાણી પીશ. જ્યારે પાણી મંગાવીને તેને આપવામાં આવ્યું તો કહ્યું કે મારાથી વાયદો કરો કે જ્યાં સુધી તું આ પાણી પીશ નહીં ત્યાં સુધી હું તને ક઼ત્લ કરીશ નહીં. આપે ફર્માવ્યું, સારું ! મેં સ્વીકાર કર્યો કે તું જ્યાં સુધી આ પાણી નહીં પીએ ત્યાં સુધી તને ક઼ત્લ કરીશ નહીં. બાદશાહે તરત જ કૂજો જમીન પર પટકયો જેથી કૂજો તૂટી ગયો અને પાણી ઢોળાઈ ગયું, પછી તેણે કહ્યું, આપે મારાથી વાયદો કર્યો છે કે જ્યાં સુધી આ પાણી પીશ નહીં ત્યાં સુધી મારવામાં નહીં આવું ! આપ એના શાણપણ પર આશ્ચર્ય પામ્યા અને ફર્માવ્યું, તને માફ કર્યો. પછી તેને એક સાલેહ તથા ઝાહિદ શખ્સને સુપરત કર્યો. જ્યારે અમુક સમય તે સાલેહ શખ્સની સોહબતમાં રહ્યો તો તેમની સોહબતે તેનામાં અસર કરી. તેણે આપના તરફ પયગામ મોકલ્યો કે તે ઈસ્લામ સ્વીકારવા ચાહે છે. જ્યારે ઈસ્લામ ક઼બૂલ કર્યો તો હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હવે અમે ઈરાક઼ની હુકૂમત તને આપી. જવાબ આપ્યો કે મને રાજપાટ ન જોઈએ બલ્કે ઈરાક઼ દેશનું કોઈ વેરાન ગામ આપો જે મારી રોજી માટે

પૂરતુ હોય. આપે મંજૂર કરીને પોતાના માણસોને ઈરાક મોકલ્યા. છેવટે ખૂબ જ તપાસ છતાં કોઈ વેરાન ગામ ન મળ્યું. જયારે એ બાદશાહને કહેવામાં આવ્યું તો તેણે કહ્યું કે મારો આનાથી હેતુ એ છે કે, "મેં ઈરાક઼ દેશ એ હાલતમાં આપ્યો છે કે જ્યાં એક ગામડુ પણ વેરાન નથી ! જો અત્યાર પછી કોઈ ગામ વેરાન થશે તો એનો જવાબ ક઼યામતના દિવસે અલ્લાહ સમક્ષ તમારે આપવો પડશે, ન કે મારે !" પછી ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે તે બાદશાહ કેટલો બુદ્ધિશાળી તથા શાણો હતો !

## ★ અલ્લાહનો ડર ★

પછી ફર્માવ્યું, મેં શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે લોકો એ વખતે ઈસ્મે ફક઼ના પાત્ર કરે છે જયારે એમની ડાબી બાજુનો ફરિશ્તો આઠ વરસ સુધી કાંઈ ન લખે.

પછી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાના આરિફ એવા પણ હોય છે કે અલ્લાહ તઆલાથી કાંઈ નથી લેતા. પછી ફર્માવ્યું, એક દિવસ મેં ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું કે તરીક઼ત મહોબ્બતના પીરથી પૂછવામાં આવ્યું કે મહોબ્બતનું ફળ શું છે ? ફર્માવ્યું, મહોબ્બતનું ફળ એ છે કે હક્ક઼ તઆલાથી સરૂર તથા ઈશ્તિયાક઼ એટલા પ્રમાણમાં જાહેર થાય કે જેટલો એને પોતે રાખી શકે, પરંતુ જેને ખૂદ અલ્લાહ તઆલા દોસ્ત રાખે છે તે જન્નતમાં તેની મુલાકાતનો ખ્વાહિશમંદ થાય છે.

પછી ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અહલે મહબ્બત અને અહલે સુલૂક એ વાતમાં મલતા જુલતા છે કે બંનેવ આજ્ઞાંકિત હોય છે એ ડરના માર્યા કે ક્યાંક દૂર ન કરી દેવામાં આવે.

પછી ફર્માવ્યું કે મેં કિતાબે મહબ્બતમાં મારા ઉસ્તાદ મૌલાના શરફુદ્દીન જે ઈસ્લામી શરીઅતના વિદ્વાન હતા તેમના હાથનું લખાણ જોયું કે એકવાર ખ્વાજા શિબ્લી رحمۃ اللہ علیہથી પૂછવામાં આવ્યું કે આટલા પ્રમાણમાં આજ્ઞાંક્તિપણા તથા ઈબાદતના કરવા છતાંય જે તમે કરો છો અને અગાઉ કરી ચૂક્યા છો, આટલા પ્રમાણમાં શા માટે ડરો છો ? ફર્માવ્યું, બે ચીજોના ડરથી, પ્રથમ એ કે ક્યાંક એવું ન કહી આપે કે તું મારા લાયક નથી ! અને મને પોતાના દરબારથી દૂર કરી આપે ! બીજુ એ કે જો મૌતના સમયે ઈમાન સલામત લઈ જઈશ તો સમજીશ કે મેં કાંઈક કામ કર્યું છે, નહીં તો સમજીશ કે સર્વ અમલો તથા આજ્ઞાપાલનોને બર્બાદ કર્યાં.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા શિબ્લી رحمۃ اللہ علیہને એક શખ્સે મહોબ્બતના બારામાં સવાલ કર્યો કે બદ્‌બખ્તીની નિશાની શું છે ? ફર્માવ્યું કે નાફર્માની કરે અને કૂબૂલિયતની ઉમ્મીદ રાખે. પછી પૂછયું, આરિફોમાં અસલી વાત કઈ હોય છે ? ફર્માવ્યું, હમેશાં ખામોશ રહેવું અને ગમ તથા ચિંતામાં રહેવું, કેમ કે એનાથી આરિફોની ફઝીલત હોય છે.

પછી ફર્માવ્યું, દુનિયામાં સૌથી અઝીઝ ત્રણ ચીજો છે : પ્રથમ આલિમ જે પોતાના ઈલ્મથી વાત કરે, બીજો લાલચ વિનાનો શખ્સ, ત્રીજો તે આરિફ જે દોસ્તની સિફત કરે.

## ★ સાચો સૂફી તથા આરિફ કોણ ? ★

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ કકરી મસ્જિદમાં તરીકતવાળાઓ સાથે બેઠા હતા અને વાત મહોબ્બતના બારામાં થઈ રહી હતી. એક સૂફીએ સવાલ કર્યો કે સૂફી તથા આરિફ કોને કહે છે ? ખ્વાજા ઝુન્નૂને ફર્માવ્યું કે સૂફી તથા આરિફ

તે છે જેમના દિલો બશરિયતની ખરાબીથી મુક્ત હોય અને દુનિયા તથા દુનિયાની મહોબ્બતથી સાફ હોય. જ્યારે એમનામાં આ ગુણો જોવામાં આવશે તો તે ઉચ્ચ દરજ્જો પામશે અને તમામ મખ્લૂક઼ાતથી ચહીતા કહેવાશે અને ગૈર દોસ્તથી દૂર ભાગશે, પછી તે માલિક બની જશે ન કે મખ્લૂક઼.

પછી ફર્માવ્યું કે આરિફ દુનિયાનો દુશ્મન હોય છે અને મૌલાનો દોસ્ત, કેમ કે દુનિયાથી બેઝાર હોય છે અને દુનિયાના હંગામાઓ તથા હસદ વગેરેની એને ખબર નથી હોતી.

ત્યારબાદ પૂછયું કે આરિફ શા માટે અધિક રડતા રહે છે ? ફર્માવ્યું, હા ! તે સમય સુધી રડતા રહે છે જ્યાં સુધી રાહમાં હોય છે પરંતુ જ્યારે કુર્બની હક઼ીક઼ત સુધી પહોંચી જાય છે અને તેને વિસાલ હાંસલ થઈ જાય છે ત્યારે રડવાનુ મુલ્તવી થઈ જાય છે. પછી ફર્માવ્યું, અલ્લાહ તઆલાના એવા પણ આશિક઼ છે જેમને અલ્લાહ તઆલાની દોસ્તીએ ખામોશ કરી રાખ્યા છે કે તેમને આલમે મૌજૂદાતની કોઈ ચીજની ખબર નથી.

ત્યારબાદ ફર્માવ્યું કે જેના દિલમાં અલ્લાહ તઆલાની દોસ્તી જામી જાય છે તેના માટે વાજિબ છે કે બંને જહાનની ખબર રાખે, જો એવું ન કરે તો તે આશિક઼ે સાદિક઼ નથી.

એકવાર દાઊદ તાઈ رحمة الله عليهને જોયા કે આંખો બંધ કરીને ઝુંપડાની બહાર આવ્યા. એક દરવેશ ખિદમતમાં હાજર હતો તેણે પૂછયું કે આનું શું કારણ છે ? ફર્માવ્યું, પીસ્તાળીસ વરસોથી મેં આંખો બંધ કરેલી છે કે જેથી અલ્લાહ તઆલા સિવાય કોઈને ન જોઉં, એટલા માટે કે એ મહોબ્બત નથી કે દોસ્તી તો અલ્લાહ તઆલા સાથે કરું અને જોઉં ગૈરની તરફ !

ત્યારબાદ ફર્માવ્યું કે એક બુઝુર્ગથી મેં સાંભળ્યું છે કે ક઼યામતના

દિવસે અલ્લાહ તઆલા ફર્માવશે કે અવલિયાના અમલોનું નિરિક્ષણ કરો વિલાયતથી બહાર થવાનો સબબ એ છે કે એણે કોઈ પસંદગીમાં ગૈરની મરજીને દખલ આપી. જો કે અવલિયા તે છે જેમને કોઈ કામમાં એના સિવાય ચૈન નથી મળતું.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા અબૂ સઈદ અબુલ ખૈર ફર્માવ્યા કરતા હતા કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને પોતાનો દોસ્ત બનાવવા ચાહે છે તો પોતાની મહોબ્બત એના પર ગાલિબ કરે છે. બીજીવાર માણસની જ્યારે એ હાલત થાય છે તો દોસ્ત તેને ફર્દાનિયતના કિલ્લામાં લાવે છે જેથી સલામત રહે.

પછી ફર્માવ્યું કે જ્યારે આરિફ અલ્લાહ તઆલા તરફ રુજૂઅ કરે છે અને તેનાથી સંબંધ થઈ જાય છે તો કુર્બની મંઝિલમાં સાકિન થઈ જાય છે. ત્યારબાદ જ્યારે એને પૂછવામાં આવે છે કે તું ક્યાં હતો અને શું ઈચ્છે છે ? તો એ એના સિવાય કોઈ જવાબ નથી આપતો કે અલ્લાહ તઆલાની સાથે.

એ જ મોક઼ાસર ફર્માવ્યું કે જો اَفَمَنْ شَرَاحَ اللّٰهُ صَدُرَهٗ ની બાબતે પૂછવામાં આવે કે શું છે ? તો કહેવું જોઈએ કે જ્યારે આરિફની નિગાહ આલમે વહદાનિયત અને જલાલે રબૂબિયત પર પડે છે તો અંધ થઈ જાય છે કે જેથી ગૈરની તરફ ન જોઈ શકે.

પછી ફર્માવ્યું કે એકવાર હું બુખારામાં મુસાફરના રૂપે હતો ત્યાં એક શખ્સને જોયો જે હદ ઉપરાંત યાદે ઈલાહીમાં મશગૂલ હતો. મેં પૂછયું, ક્યારથી નાબીના બન્યા છો ? ફર્માવ્યું, જ્યારે મારું કામ કમાલિયત પર પહોંચી ગયું અને વહદાનિયત તથા જલાલ તથા અઝમત પર નજર પડવી શરૂ થઈ તો એક દિવસ બેઠાં બેઠાં મારી નિગાહ એક ગૈર પર જઈને પડી. ગયબથી અવાજ આવ્યો, હે દાવેદાર ! દાવો તો તું મારી મહોબ્બતનો કરે અને

જુએ ગૈરની તરફ ?! જ્યારે આ અવાજ સાંભળ્યો તો એવો શર્મિંદો થયો કે વાત થઈ શકતી ન હતી. બારગાહે ઈલાહીમાં દુઆ કરી કે જે આંખ દોસ્તના સિવાય કોઈ ગૈરને જુએ તે આંધળી થઈ જાય ! હજી આ વાત સારી રીતે કહેવા ન પામ્યો હતો એવામાં બંને આંખોથી આંધળો થઈ ગયો.

પછી ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ આદમ علیہ السلام ને પેદા કર્યા અને ફર્માવ્યું કે નમાઝ અદા કરે એટલે કયામ કરે. દિલ સોહબતમાં લાગ્યું અને જાને કુર્બની મંઝિલમાં ઈકરામ કર્યો અને સર વસ્લને પહોંચ્યું, માણસને પેદા કરવામાં આ જ મસ્લેહત હતી.

પછી ફર્માવ્યું કે એક બુઝુર્ગ સાહિબે તરીકત જ્યારે સર સજદામાં રાખે છે તો આ પ્રમાણે દુઆ કરે છે કે કયામતના દિવસે મને આંધળો ઉઠાડજે. સબબ પૂછવામાં આવ્યો તો કહ્યું કે જે શખ્સ દોસ્તને જુએ છે તેના માટે યોગ્ય નથી કે કયામતના દિવસે ગૈરને જુએ.

ત્યારબાદ દરવેશીના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે દરવેશી એ વાતનું નામ છે કે જે આવે તેને મહેરૂમ ન કરવામાં આવે. જો ભૂખ્યો આવે તો ખાણુ ખવડાવવામાં આવે, જો નગ્ન આવે તો ઉમદા કપડાં પહેરાવવામાં આવે. સારાંશ કે તેને ખાલી ન જવા દેવો જોઈએ. તેનો હાલ પૂછીને તેના દિલને જરૂર ખુશ કરવું જોઈએ.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ અને એક દરવેશ સફર કરી રહ્યા હતા. અમે શયખ બહાઉદ્દીન બખ્તિયાર અવશીને હદ ઉપરાંત બુઝુર્ગ મર્દ જોયા. આપની ખાનકાહમાં એ દસ્તૂર હતો કે જે આવતો તે ખાલી ન જતો. જો

નગ્ન હોતો તો ઉમદા કપડાં તેને આપવામાં આવતાં. હજી આપી ચૂક્યા ન હોય એટલામાં ગયબથી એવાં જ અધિક આવી જતાં. સારાંશ કે થોડાક દિવસ આપની ખિદમતમાં પસાર કર્યા. આપની પ્રથમ નસીહત એ હતી કે જે કાંઈ મળે એને રાહે ખુદામાં ખર્ચવું જોઈએ કે એક પૈસો પણ પોતાની પાસે ન રાખવો જોઈએ જેથી અલ્લાહ તઆલાની દોસ્તી હાંસલ થાય.

પછી ફર્માવ્યું, હે દરવેશ ! જેને નેઅમત હાંસલ થઈ એ તેનાથી જ થઈ. પછી એક હિકાયત વર્ણવી કે એક દરવેશ ઘણો જ ફકીર હતો. પરંતુ તેની આદત એ હતી કે જો કોઈ ચીજ તોહફારૂપે આવી જતી તો તેને દરવેશોમાં વહેંચી આપતા અને ખૂદ ઘરમાં ગુજારો કરતા. જેમ કે એક મર્દ દુરવેશ સાહિબે વિલાયત એની પાસે આવ્યા અને એની પાસે પાણી માગ્યું. દરવેશ અંદરથી જવની બે રોટીઓ અને પાણીનો કૂજો લઈને આવ્યા કેમ કે એ ભૂખ્યા હતા. રોટી ખાઈને પાણી પી લીધું અને એકબીજા તરફ જોઈને આપસમાં કહેવા લાગ્યા કે દરવેશે તો પોતાનું કામ કર્યું છે આપણે પણ આપણુ કામ કરવું જોઈએ. એકે કહ્યું કે એને દુનિયા આપવી જોઈએ. બીજાએ કહ્યું કે એ દુનિયાના સબબે ગુમરાહીમાં પડી જશે. જવાબ આપ્યો કે દરવેશ બખ્શનારા હોય છે. દુનિયા આખેરતના બદલામાં આપી દીધી દુઆ કરીને ચાલ્યા ગયા. પછી તે દરવેશ એવો કામિલ હાલ થયો કે દરરોજ તેના રસોડામાં હજાર મણ ખાવા મૌજૂદ હોતું જે ખુદાની મખ્લૂક઼ને ખવડાવતો.

ત્યારબાદ ફર્માવ્યું કે મહોબ્બતમાં આશિક઼ તે શખ્સ હોય છે જે બંને જહાનથી દિલ ઉઠાવી લે. પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે મહોબ્બતના ચાર અર્થો છે, પ્રથમ : ઝિક્રે ખુદામાં દિલો જાનથી ખુશ રહેવું. બીજુ : ઝિક્રે હક઼્ક઼ને મહાન સમજવું. ત્રીજુ : સંબંધ

ખત્મ કરવા. ચોથુ : પોતાની અને જે એના સિવાય છે સૌની હાલત પર રડવું. જેવું કે કલામે મજીદમાં છે :–

قل ان کان اٰباؤکُم وابناؤکم واخوانکم وازواجکم---الخ۔

અને મુહિબ્બોની સિફત એ છે કે એમની (કુટુંબીજનો, માલ દૌલત વગેરેની) મહોબ્બત અલ્લાહની રાહમાં કુર્બાન કરે, ત્યાર બાદ ચાર મંઝિલો મહોબ્બત, ઈલ્મ, હયા તથા તા'ઝીમની પાર પાડે.

પછી ફર્માવ્યું કે મહોબ્બતમાં સાચો તે છે જે પિતા તથા સગાં સંબંધીઓથી સંબંધ કટ કરી *(સારાંશ કે મા બાપ, સગાં જો ખુદા વ રસૂલના હુકમ વિરુદ્ધ કરવાનું કહે તો તેમની મહોબ્બતમાં તે કામ ન કરી બેસે બલ્કે તેમનાથી વિરુદ્ધ થઈને ખુદા વ રસૂલના હુકમ પર ચાલે. –અનુવાદક)*ને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَથી સંબંધ પેદા કરે. વળી મુહિબ્બ તે શખ્સ છે જે અલ્લાહના કલામના હુકમ પર ચાલે અને હક્ક઼ની દોસ્તીમાં સાચો હોય.

ત્યાર બાદ ફર્માવ્યું, આશિક઼ોનો ઈષાર આશિક઼ી બેનિયાઝી છે અને મુહિબ્બોનો ઈષાર આરઝૂનું ન કરવું છે.

પછી ફર્માવ્યું કે એકવાર રાબિઆ બસરી رحمۃ اللّٰہ علیہا ને પૂછવામાં આવ્યું કે આરિફ કોણ છે ? ફર્માવ્યું, જે દુનિયાથી મોઢું ફેરવે અને જે કાંઈ તેની પાસે હોય તેને રાહે ખુદામાં ખર્ચ કરે.

પછી ફર્માવ્યું કે આરિફોની ખૂબી મહોબ્બતમાં ઈખ્લાસ કરવું છે. પછી ફર્માવ્યું કે, "દુનિયામાં સૌથી ઉમદા વાત એ છે કે દરવેશ દરવેશની સાથે મળીને બેસે અને જે કાંઈ દિલમાં હોય તે એકબીજાને વર્ણન કરે, અને સ્પષ્ટપણે કહી આપે. અને સૌથી

બુરી ચીજ એ છે કે દરવેશ દરવેશથી જુદો રહે. જો આવી સ્થિતિ છે તો એ મઅરેફતથી ખાલી છે.'' *(ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના આ કથનને વારંવાર વાંચો અને આજના કહેવાતા, આરિફો, સૂફીઓ, દરવેશો, કહેવાતા તરીકતના રહબરોને એના આઈનામાં પારખી લો ! –તંત્રી)*

ત્યારબાદ ફર્માવ્યું કે **અલ્લાહ તઆલાની દોસ્તી એ વાતથી પેદા થાય છે કે જે ચીજોને અલ્લાહ તઆલા દુશ્મન જાણે છે તેની સાથે દુશ્મની કરવામાં આવે. દા.ત. દુનિયા તથા નફ્સ.**

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફ મહોબ્બતમાં ક્યારે કામિલ થાય છે ? એ વખતે જ્યારે કે વાતચીત વચ્ચેથી ઉઠી જાય, એવું થઈ જાય કે ક્યાં તો દોસ્ત રહે ક્યાં તો તે.

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે આરિફોમાં સાદિક઼ (સાચો) તે છે કે જેની માલિકીમાં કોઈ ચીજ ન હોય અને ન તો તે કોઈની માલિકીમાં હોય.

પછી ફર્માવ્યું કે એકવાર સમ્ઊન મોહિબ્બ رحمۃ اللہ علیہ મહોબ્બતના બારામાં ચર્ચા કરી રહ્યા હતા. એક પક્ષી આવીને આપના માથા પર બેઠુ. કેટલીકવાર ચાંચો મારીને હાથ પર બેઠુ પછી બગલમાં પછી જમીન પર. કેટલીકવાર ચાંચ મારી. ચાંચેથી લોહી વહેવા લાગ્યું પછી ગબડી પડીને જાન આપી દીધી.

જયારે ખ્વાજા સાહબ આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો હું તથા લોકો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## (મજલિસ : ૧૧)

## ★ આરિફોનો તવક્કુલ ★

બુધના દિવસે કદમબોસીની દૌલત નસીબ થઈ. મૌલાના બહાઉદ્દીન, સાહિબે તફસીરે શયખ, ઓહદ કિર્માની તથા અમુક દરવેશ સેવામાં હાજર હતા. આરિફોના તવક્કુલના બારામાં વાત શરૂ થઈ. ઝબાન મુબારકથી (ખ્વાજા ગરીબ નવાઝે) ફર્માવ્યું, આરિફોનો તવક્કુલ એ છે કે એમનો તવક્કુલ ખુદા સિવાય કોઈના પર ન હોય, અને ન કોઈ ચીજની તરફ ધ્યાન કરે.

પછી ફર્માવ્યું કે મુતવક્કિલ (તવક્કુલવાળો) હકીકતમાં તે છે જે મખ્લૂકની મદદ તથા તકલીફની ચર્ચા તથા શિકાયત ન કરે.

પછી ફર્માવ્યું કે હઝરત જિબ્રઈલ علیہ السلامએ હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامને કહ્યું કે શું તમને કાંઈ જરૂરત છે ? ફર્માવ્યું, તારાથી નહીં ! એટલા માટે કે આપ પોતાના નફસથી ગાયબ હતા પરંતુ અલ્લાહ તઆલાથી બાતિની હુઝૂરી હાંસલ હતી.

ત્યારબાદ ફર્માવ્યું કે તવક્કુલવાળાઓ પર તજલ્લિયાતે શૌકમાં એક એવો વખત આવે છે કે જો એ વખતે એમને રજકણ રજકણ કરી દેવામાં આવે અથવા તલ્વાર વડે ઝખ્મી કરવામાં આવે અથવા કોઈ અન્ય રીતે રંજ તથા તકલીફ પહોંચાડવામાં આવે તો તેમને સદંતર ખબર નથી પડતી.

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફને તવક્કુલ હક્ક તઆલા પર એ પ્રકારનો હોય છે કે તે આલમે સુકરમાં આશ્ચર્યમય રહે છે. ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા જુનૈદ رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આરિફ કોણ છે ? ફર્માવ્યું, જે ત્રણ ચીજો ઈલ્મ, અમલ અને મખ્લૂકથી તઅલ્લુક કટ રાખે, કે જયારે આદમના અસાનો અવાજ

આવ્યો તો સોના ચાંદીના સિવાય બાકીની સર્વ ચીજો આદમ عليه السلامની હાલત પર રડી. અલ્લાહ તઆલાએ પૂછયું કે તમે કેમ ન રડયાં ? અર્ઝ કરી, જે તારો નાફર્માંબરદાર છે એની હાલત પર અમે રડીશું નહીં. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મને ઈજ્જત તથા જલાલની ક઼સમ ! કે તમારી કિંમત અને જે કાંઈ તમારામાં છે એમના પર જાહેર કરીશ અને એના ફરઝંદોને તમારો ખાદિમ બનાવીશ.

ત્યારબાદ ફર્માવ્યું કે જયારે મુહિબ્બ માલિકીનો દાવો કરે તો મહોબ્બતના દરજાથી પડી જાય છે. એકવાર ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે મહોબ્બતની રઝા શું છે ? ફર્માવ્યું, જો સાતેવ દોઝખ તેની અઝમત તથા ભયાનક્તા સાથે તેમના જમણા હાથમાં રાખી દેવામાં આવે તો એવું ન કહે કે ડાબા હાથ પર રાખી દો.

ત્યારબાદ ફર્માવ્યું કે સૌ પ્રથમ માણસો પર ફર્ઝ થઈ તે મઅરેફત હતી.

**وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ ''જિન્નો તથા માનવોને ઈબાદતને માટે પેદા કર્યા છે.''** *(પારા : ૨૭, આ. ૫૬)*

પછી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ અમુક ચીજોને અમુક ચીજોમાં છુપી રાખી છે. ત્યારબાદ ફર્માવ્યું કે, ''અસ્રારે અવલિયા કી મહબ્બત''માં લખ્યું છે કે હક્ક઼ તઆલા જયારે મુહિબ્બોને પોતાના અન્વાર ઝિંદા કરશે તો તેમને તે રૂયત (દીદાર) નસીબ થશે જે હુઝૂર صلی اللہ علیہ وسلمને થઈ. કેમ કે હક્ક઼ તઆલા ઝબાન, જાન, મકાન, દિશાથી પાક છે એટલા માટે આં હઝરત صلی اللہ علیہ وسلم હક્ક઼ તઆલાની સિફતોથી મુતસ્સિફ થયા.

પછી ફર્માવ્યું, કયામતના દિવસે "આમન્ના વ સદ્દક્ના" આશિકોને સાચા મુહિબ્બ બનાવી આપશે. જો એ સવાલ કરવામાં આવે કે આશિકોમાંથી કોઈ આશિક મહોબ્બતનો દાવો કરે તો કરે પણ સાદિક (સાચો) તથા અડગ ન હોય તો તે શર્મિંદા થશે, અને પોતાનુ મોઢું મુહિબ્બોમાં દેખાડી શકશે નહીં, પછી અવાજ આવશે કે એ સાચો આશિક ન હતો ! એને આશિકોમાંથી કાઢી મૂકો.

પછી ફર્માવ્યું, મહોબ્બતવાળા તે લોકો છે જેઓ કેવળ દોસ્તની વાત સાંભળે છે. એટલે કે આશિકોનું દિલ કેવળ હક્ક તઆલાની વાત સાંભળે છે.

પછી ફર્માવ્યું કે જ્યારે મહોબ્બતવાળો મરી જાય છે તો તેને જલ્દી બખ્શી દેવામાં આવે છે. પછી ફર્માવ્યું, એક દરવેશને જંગલમાં જોયો કે મરી ગયેલ છે છતાં હસી રહ્યો છે ! કહ્યું, તું મરી ગયો છે છતાં હસે છે ?! કહ્યું, ખુદાની મહોબ્બતની એ જ મરજી હતી.

ત્યારબાદ ફર્માવ્યું, દિલ તે છે જે પોતાના હાલથી ફાની હોય અને દોસ્તના મુશાહિદામાં બાકી હોય. અલ્લાહ તઆલા તેના અમલો પર ગાલિબ (છવાયેલ) હોય અને એનો પોતે પોતાના પર કોઈ એતબાર ન હોય અને અર્શ સુધી તેને કરાર ન હોય.

ફર્માવ્યું, એક દિવસે માલિક બિન દિનાર رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે અલ્લાહ તઆલાના દોસ્તની મુલાઝિમત કરવું કેવું છે ? ફર્માવ્યું, જે શખ્સ અલ્લાહ તઆલાના દોસ્તની મુલાઝિમત કરે છે તે જરૂર વાસિલ બની જાય છે.

## ★ આરિફ કેવો હોય ?! ★

ત્યારબાદ ફર્માવ્યું કે રાબિઆ બસરી رضی اللہ عنہاને પૂછવામાં

આવ્યું કે સૌથી શ્રેષ્ઠ અમલ કયો છે ? ફર્માવ્યું, પોતાના સમયોને ખુદાની યાદમાં પસાર કરવા. જે શખ્સ બુઝુર્ગીનો દાવો કરે અને તેનામાં મુરાદ (ખ્વાહિશો) જોવા મળે તો સમજો કે તે જૂઠો છે. મહોબ્બતના દાવામાં મર્દ તે શખ્સ છે જે પોતાની મુરાદથી દરગુઝર કરે અને હક્કની મુરાદને અપનાવે. ત્યારે તે અલ્લાહ તઆલાનો દોસ્ત (આરિફ) કહેવાને પાત્ર ઠરે છે. જો એ વખતે અલ્લાહ તઆલા તેને દોસ્ત કહે તો બંદગીનો જવાબ કહે. એટલા માટે કે અહલે મહબ્બતનું ન નામ હોય છે ન જવાબ ન રસમ.

પછી ફર્માવ્યું, મેં શયખુલ ઈસ્લામ ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાનથી સાંભળ્યું કે અહલે ઈશ્ક઼ દોસ્તના સિવાય ગૈરની તરફ ધ્યાન પણ નથી કરતા. એટલા માટે કે જે દોસ્ત વિના ખુશ થાય છે તો તેને દરેક પ્રકારના રંજો ગમ લાગુ થાય છે, દોસ્તની ખિદમતથી લગાવ નથી તેને સૌથી ભય જણાય છે. જે દોસ્ત દિલ નથી લગાડતો નકામાથી નકામો છે.

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફ તે શખ્સ હોય છે જે સવારે ઉઠે તો રાતની બાબત તેને કાંઈ યાદ ન હોય.

ત્યારબાદ **ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે હે ગાફિલ ! એ સફરના માટે ભાથુ તૈયાર કર ! જે તારે કરવાની છે, એટલે મૌત !** પછી ફર્માવ્યું, અહલે મહબ્બતના તે ગિરોહ છે કે તેમના તથા રબના દરમ્યાન કોઈ પર્દો નથી. પછી ફર્માવ્યું, મહોબ્બતમાં આરિફ તે શખ્સ છે જેને કોઈ ચીજ અજીબ ન લાગે. કેમ કે દાવાનો સ્વીકાર કેવળ એક ચીજમાં નથી થતો જ્યારે કે હાથ વડે આપવામાં આવે.

પછી ફર્માવ્યું કે સૌથી ઉમદા સમય તે છે જ્યારે દિલમાં કોઈ વસવસો તથા ખયાલ ન હોય. અને લોકોથી છૂટકારો હાંસલ હોય. પછી ફર્માવ્યું, **જેને મહોબ્બત આપવામાં આવી છે તેને**

**ફક્રો (ગરીબી) તથા વહશત (ભય) આપવામાં આવેલ છે, જેથી કરીને દુનિયા પર આશિક઼ ન થઈ જાય.**

પછી ફર્માવ્યું, આરિફ કહે છે કે યક઼ીન નૂરની મંઝિલ છે જેનાથી ઈન્સાન મુનવ્વર થઈ જાય છે પછી મુહિબ્બો તથા મુત્તક઼ીઓના દરજે પહોંચી જાય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે માણસનું મૂળ પાણી તથા માટીથી છે. જેના પર પાણી ગાલિબ છે જો તે લતીફ તથા રિયાઝતથી જમાલને જોવામાં ખૂદપસંદીથી કામ લે તો તે હેતુ હાંસલ કરી શક્તો નથી. અને જેના પર માટી ગાલિબ હોય તે સખ્તીના વખતે તે નેક જોવા મળે છે જેથી કોઈ કામના પાત્ર થઈ જાય.

પછી ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ વાદળ પેદા કરવા ચાહ્યું કે દરેક પ્રકારના રંગ હોય અને દરેક પ્રકારનો સ્વાદ. જ્યારે રંગોને મિલાવ્યા તો એનાથી પાણીનો રંગ બન્યો, અને જ્યારે સ્વાદોને મિલાવ્યા તો પાણી જેવો સ્વાદ થઈ ગયો. એને પીવાથી જિંદગી તો પામે છે પણ તેની લિજ્જતની ખબર નથી. દરેક ચીજ પાણીના સબબે જીવતી છે.

ત્યારબાદ એક દરવેશે જે સેવામાં હાજર હતા તેમણે પૂછયું, મજનૂં કોણ હતો ? ફર્માવ્યું, જે ઈશ્ક઼ના આરંભમાં નાચીઝ થઈ જાય, અને બીજા તથા ત્રીજા દરજામાં ગુમ થઈ જાય. પૂછયું, ફના તથા બક઼ા શું છે ? ફર્માવ્યું, બક઼ા એ બક઼ાએ હક્ક઼ છે અને ફના એ ફનાએ નફ્સ છે. પૂછયું, તજરીદ શું છે ? મહબૂબની સિફતોને દિમાગમાં બેસાડવી, (હદીષે કુદ્સી) ''જે મારાથી મહોબ્બત કરે છે હું તેના માટે કાન તથા આંખ બની જાઉં છું.''

પછી ફર્માવ્યું, મેં મુલ્તાનમાં એક બુઝુર્ગથી સાંભળ્યું કે **અહલે મહબ્બતની તૌબા ત્રણ પ્રકારની હોય છે : પ્રથમ નદામત**

**(શરમાવું), બીજુ ગુનાહોને છોડી દેવું, ત્રીજુ પોતાની જાતને જુલ્મ તથા ઝઘડાથી પાક રાખવું.**

ત્યારબાદ ફર્માવ્યું કે ઈલ્મ એવી ચીજ છે જે મુહીત (ઘેરનાર) છે, મઅરેફત તેનો એક ભાગ છે. તો ખુદા ક્યાં અને બંદો ક્યાં ?! ઈલ્મ ખુદાને જ છે, મઅરેફત બંનેની.

પછી ફર્માવ્યું, જ્યાં સુધી આરિફના રહસ્યો ખાલિસ નથી હોતાં ત્યાં સુધી તેનો કોઈ ફેઅલ સાફ નથી હોતો. પછી ફર્માવ્યું, જેને તું દોસ્ત રાખીશ તેના માથા પર બલા વરસાવીશ. પછી ફર્માવ્યું, તૌબતુન્નુસૂર (સાચી તૌબા)માં ત્રણ વાત છે : પ્રથમ ઓછું ખાવું રોઝાના માટે, બીજુ ઓછું સૂવું ફર્માબરદારી માટે, ત્રીજુ ઓછુ બોલવું દુઆના માટે. પહેલાથી ખૌફ, બીજા અને ત્રીજાથી મહોબ્બત પેદા થાય છે. વળી ખૌફના હેઠળ ગુનાહ ત્યજવામાં આવે છે જેથી આગથી નજાત હાંસલ થાય. અને રિજાઅ્ના હેઠળ ફર્માબરદારી કરે છે, જેથી બહિશ્તમાં મક઼ામ હાંસલ કરી શકે અને અબદી (હમેશાંની) જિંદગી હાંસલ કરી શકે છે. અને મહોબ્બતના હેઠળ ફિક્રોનો ઈજતેહાદ કરવું છે જેથી અલ્લાહની રઝા હાંસલ થાય. ફર્માવ્યું, મહોબ્બતમાં આરિફ તે છે જે ઝિક્ર સિવાય કોઈને પ્રિય ન રાખે.

જ્યારે ખ્વાજા સાહબ આ બયાન કરી ચૂક્યા તો અશ્રુમય આંખે ફર્માવ્યું કે હવે હું ત્યાંનો સફર કરું છું જ્યાં મારુ મદફન (ક઼બ્ર) હશે, એટલે અજમેર જાઉં છું. આ દિવસોમાં અજમેર હિંદુઓથી ભરપુર હતું અને મુસલમાન ત્યાં કાંઈક ખાસ પ્રગતિ પર ન હતા. જ્યારે ખ્વાજા સાહબનો મુક઼ામ મુબારક ત્યાં પહોંચ્યો તો એટલા પ્રમાણમાં ઈસ્લામ જાહેર થયો જેની કોઈ હદ નથી. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## (મજલિસ : ૧૨)

## ★ મલકુલ મૌત વિશે ★

જુમેરાતના દિવસે કદમબોસીનો શરફ હાંસલ થયો અને આ આખરી મજલિસ હતી. અજમેરની જામા મસ્જિદમાં અઝીઝ અહલે સફા તથા મુરીદો સેવામાં હાજર હતા. વાત મલકુલ મૌતના બારામાં શરૂ થઈ. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે મલકુલ મૌત વિના દુનિયાની કિંમત જવ જેટલી પણ નથી. પૂછવામાં આવ્યું, કેમ ? ફર્માવ્યું, એટલા માટે કે હદીષમાં છે : "મૌત એક પુલ છે જે દોસ્તને દોસ્તથી મુલાકાત કરાવે છે."

પછી ફર્માવ્યું કે દોસ્ત તે છે જે દિલથી યાદ કરે. કેમ કે દિલ યારના માટે પેદા કરવામાં આવેલ છે. ખાસ કરીને એના વાસ્તે કે અર્શની આસપાસ તવાફ કરે, જેવું કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હે મારા બંદા ! જ્યારે મારો ઝિક્ર તારા પર ગાલિબ આવી (છવાઈ) જશે તો હું તારો આશિક઼ થઈ જઈશ એટલે કે મુહિબ્બ.

પછી ફર્માવ્યું, આરિફ આફતાબની જેમ હોય છે જે સર્વ જહાનને રોશની અર્પે છે, જેની રોશનીથી કોઈ ચીજ ખાલી નથી રહેતી.

જ્યારે ખ્વાજા સાહબ આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો અશ્રુમય આંખે ફર્માવ્યું કે અમને એ જગાએ લાવવામાં આવ્યા છે કે આ જગાએ અમારુ મદફન (ક઼બ્ર) બનશે. અમે થોડાક દિવસમાં આ દુનિયાથી સફર કરી જઈશું. શયખ અલી નજરી رحمۃ اللہ علیہ હાજર હતા તેમને હુકમ થયો કે મિષાલ લખો અને શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને આપજો જેથી દિલ્હી આવી જાય કેમ કે ખિલાફત મેં એમને આપી છે અને એ જ એમનો મક઼ામ છે.

ત્યારબાદ મિષાલ (લખાણ) ખત્મ થઈ તો મને આપી હું આદાબ બજાવી લાવ્યો. હુકમ થયો કે નજીક આવો ! હું જ્યારે નજીક ગયો તો દસ્તાર તથા ફુલહ મારા માથા પર રાખી અને શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہનો અસા આપ્યો અને બખ્તર મને પહેરાવ્યું અને કુર્આન શરીફ તથા મુસલ્લો અર્પણ કર્યો અને ફર્માવ્યું કે આ પયંબરે ખુદા صلی اللہ علیہ وسلمથી અમારા ખ્વાજગાને ચિશ્તને અમાનતરૂપે મળેલ છે, અમે તને આપીને રવાના કર્યો છે. જેવી રીતે તેમણે મારા સુધી પહોંચાડી છે તે આગળ પહોંચાડી આપશો અને તેનો હક્ક઼ અદા કરશો જેથી ક઼યામતના દિવસે અમે ખ્વાજગાનના રૂબરૂ શર્મિંદા ન થઈએ. હું આદાબ બજાવી લાવ્યો અને ખ્વાજા સાહબે બે રકાત નમાઝ અદા કરીને ફર્માવ્યું, જા ! તને ખુદાને સોંપ્યો અને તને મંઝિલગાહ સુધી ઈજ્જત સાથે પહોંચાડયો.

ત્યારબાદ ફર્માવ્યું કે ચાર ચીજો ખૂબ ઉમદા મોતી છે : એક, તે દરવેશ જે પોતાને દૌલતમંદ જાહેર કરે. બીજો ભૂખ્યો જે પોતાને પેટ ભરેલો જાહેર કરે. ત્રીજો ગમગીન, જે પોતાને ખુશ જાહેર કરે. ચોથો જેનાથી દુશ્મની હોય તેને દોસ્ત દેખાય દે. પછી ફર્માવ્યું કે અહલે મહબ્બતનો મર્તબો એવો છે કે જો તેને પૂછવામાં આવે કે તેં રાતની નમાઝ અદા કરી હતી તો કહી દે કે મને ફુરસદ નથી ! હું મલકુલ મૌતની આસપાસ ફરી રહ્યો છું જ્યાં જાય છે ત્યાં તેને પકડુ છું. ખ્વાજા સાહબ આ જ ફવાઈદ વર્ણવી રહ્યા હતા, મેં ચાહ્યું કે ક઼દમબોસી કરી રવાના થાઉં. આપ રોશનઝમીર હતા જેથી તુરત જ જાણી લીધું. ફર્માવ્યું, નજીક આવ ! મેં ઉઠીને (કદમબોસી માટે) ક઼દમોમાં સર રાખી દીધું. ફાતિહા પઢીને ફર્માવ્યું કે ગમ ન કરો ! અને મુર્દા ન થાવ ! હું આદાબ બજાવી લાવીને પરત થયો. જ્યારે દિલ્હી પહોંચ્યો તો તમામ ઈમામ અને અહલે

અસ્ફિયા મારી પાસે આવ્યા. દિલ્હી આવવાને ચાલીસ દિવસ પસાર થયા હતા તો ખબર સાંભળી કે ખ્વાજા સાહબ મારા રવાના થયા બાદ વીસમા દિવસે આ ફાની જગતથી કૂચ કરી ગયા. એ જ રાતે રંજમય દિલે મુસલ્લા પર બેસીને સૂઈ ગયો. જોયું કે ખ્વાજા સાહબ અર્શની જમીન પર ઉભેલા છે. મેં (કદમબોસી માટે) સર કદમોમાં રાખી દીધું અને અને અહવાલ પૂછયો. ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ બખ્શી આપ્યો અને  આ'લા દરજાના ફરિશ્તા અને અર્શ પર રહેનારાઓની પાસે જગા આપી, હું અહીં જ રહીશ. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

**:: તમ્મત બિલ્ ખૈર ::**

બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો

લવાજમ રૂા. ૧૫૦/–
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧